દૈનિક મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 175 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ સુદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 July 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૨૫ જુલાઈ ૨૦૨૬, (૧૧ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઉત્તર ગુજરાત તરબોળઃ સાંતલપુરમાં ૧૨ ઈંચ વરસાદ





**જળપ્રલયઃ** પૂરગ્રસ્ત નવસારીના મેંઢાર ગામમાં ફસાયેલા લોકોને ઍરલિફ્ટ્સ કરતું તટરક્ષક દળ અને જળબંબોળ થયેલો જિલ્લાનો અન્ય વિસ્તાર. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને લીધે સામાન્ય જનજીવન હજી ખોરવાયું છે. ટ્રેનો અને વાહનવ્યવહાર લગભગ ઠપ થઈ ગયો છે અથવા બહુ જ ધીમી ગતિએ ચાલી રહ્યો છે. (પીટીઆઇ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શુક્રવારે પણ ગુજરાતના અનેક જિલ્લામાં અષાઢી મેઘાએ મહેર કરી હતી. જો કે હવે મેઘરાજાએ દક્ષિણ ગુજરાતમાં થોડો પોરો લીધો હતો અને ઉત્તર ગુજરાતના જિલ્લામાં હેત વરતાવ્યું હતું. સાંજે છ વાગ્યા સુધીમાં રાજ્યના ૨૫૩ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો, સૌથી વધુ વરસાદ પાટણ જિલ્લાના સાંતલપુરમાં ૧૨.૧૭ ઇંચ વરસાદ પડ્યો હતો. જ્યારે રાધનપુરમાં ૯.૨૫ ઇંચ, ભાભરમાં ૭.૦૯ ઇંચ, દાંતીવાડામાં ૬.૮૫ ઇંચ, દિયોદરમાં ૬.૭૩ ઇંચ, મહેમદાવાદમાં ૬.૬૯ ઇંચ, થાનગઢમાં ૬.૪૬ ઇંચ, વાંકાનેરમાં ૬.૨૨ ઇંચ, નડિયાદમાં ૫.૪૩ ઇંચ, ધનસુરામાં ૪.૪૯ ઇંચ, ખેરાલુમાં ૪.૪૫ ઇંચ, હડદમાં ૪.૪૫ ઇંચ, ઓગડમાં ૪.૨૫ ઇંચ, દહેગામમાં ૪.૨૧ ઇંચ અને વિરપુરમાં ૪.૦૨ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ ખેડા જિલ્લાના મહેમદાબાદ તાલુકામાં નોંધાયો છે, જ્યાં ૧૯.૯૬ ઈંચ વરસાદ પડ્યો હતો. બીજા ક્રમે અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં ૧૮.૬૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સિવાય નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં ૧૭.૭૬ ઈંચ, વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ૭.૦૯ ઈંચ અને નવસારીના ખેરગામ તાલુકામાં પણ ૧૭.૦૯ ઈંચ જેટલો અતિભારે વરસાદ વરસ્યો હતો. શુક્રવારે સવારના છ વાગ્યાથી લઈને સાંજના છ વાગ્યા સુધીમાં ૧૨૦ તાલુકામાં એક ઇંચ કરતાં વધુ પાણી વરસ્યું હતું. જ્યારે ૬૪ તાલુકાઓમાં બે ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. ૨૭ તાલુકામાં ત્રણ ઇંચથી વધુ મેઘમહેર નોંધાઇ હતી. આ સાથે સૌરાષ્ટ્રના મોરબી અને સુરેન્દ્રનગરમાં પણ વરસાદે હાજરી નોંધાવી હતી. દરમિયાન વલસાડ અને નવસારીમાં બચાવકામગીરી પુરજોશમાં કરવામાં આવી રહી છે. વરસાદે આ બન્ને જિલ્લાને ધમરોળ્યા બાદ હવે જનજીવનને સામાન્ય કરવાનો મોટો પડાકર તંત્ર સામે છે. નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમણે ઉમરગામના વિવિધ વિસ્તારોની મુલાકાત દરમિયાન વરસાદથી થયેલા નુકસાનનું નિરીક્ષણ કરી વહીવટી તંત્રને ઝડપથી સર્વે પૂર્ણ કરી અસરગ્રસ્તોને સમયસર સહાય પહોંચાડવા સૂચનાઓ આપી હતી.

ગુજરાતમાં પડી રહેલા વરસાદને કારણે રાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં ૪૨૦.૨૭ ફૂટની સપાટીએ ૬૮.૫૭ ટકા પાણીનો સંગ્રહ નોંધાયો હતો, જેમાં ૨૮,૩૭૦ ક્યૂસેક પાણીની આવક સામે ૬૨૪.૬૩ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું હતું. રાજ્યના અન્ય ૨૦૫ જળાશયોમાં કુલ ૨,૪૪,૩૨૨ મિલિયન ક્યૂબિક ફૂટ પાણીનો સંગ્રહ થયો હતો, જે કુલ સંગ્રહ ક્ષમતાના ૪૩.૭૯ ટકા જેટલો છે. રાજ્યના કુલ ૨૦૬ જળાશયો પૈકી ૧૧ ડેમ ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યા હતા, જ્યારે ૨૪ ડેમ ૭૦થી ૧૦૦ ટકા, ૨૪ ડેમ ૫૦થી ૭૦ ટકા, ૫૬ ડેમ ૨૫થી

(જુઓ પાનું ૨) ▶▶

## અમદાવાદ-રાજકોટ હાઈવે બંધઃ વાહનોને ધોલેરા એક્સપ્રેસ-વે તરફ વાળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શુક્રવારે પણ ગુજરાતમાં ભારે વરસાદ ચાલુ રહ્યો હતો, જેના કારણે બાવળા નજીક અમદાવાદ-રાજકોટ મુખ્ય ભાગ વરસાદી પાણીથી ભરાઈ ગયો હતો અને રસ્તા પર પાણી ભરાઈ ગયાં હતાં. બગોદરા અને સનાથલ વચ્ચે હાઇવે બંધ કરવામાં આવ્યો છે, જેના કારણે રાજ્યના વ્યસ્ત હાઈ વે પર ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અધિકારીઓએ હાઇવેને અસ્થાયી રૂપે બંધ કરી દીધો હતો અને ધોલેરા એક્સપ્રેસ વે દ્વારા ટ્રાફિકને ડાયવર્ટ કરવાની જાહેરાત કરવી પડી હતી.

અમદાવાદ ગ્રામીણ પોલીસે ટ્રાફિક એડવાઇઝરી જારી કરીને વાહનચાલકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી. અમદાવાદથી રાજકોટ જતાં વાહનોને સનાથલ-અમદાવાદ ધોલેરા એક્સપ્રેસવે-વેજલકા ઇન્ટરસેક્શન-બગોદરા ડાયવર્ટ કરવામાં આવ્યાં છે. તેવી જ રીતે, રાજકોટથી અમદાવાદ તરફ આવતાં વાહનોને બગોદરા-વેજલકા ઇન્ટરસેક્શન-અમદાવાદ ધોલેરા એક્સપ્રેસવે-સનાથલ રૂટ લેવા સલાહ આપવામાં આવી હતી.

પોલીસે વાહનચાલકોને બિનજરૂરી મુસાફરી ટાળવા, સાવધાનીપૂર્વક વાહન ચલાવવા અને ડાયવર્ઝન રૂટ અનુસાર તેમની સલામતીને પ્રાથમિકતા આપવા અપીલ કરી હતી.

ભારે વરસાદને કારણે હાઇવેના ઘણા ભાગો પાણીથી ભરાયેલા હોવાથી તેમણે મુસાફરોને વધારાની સાવધાની રાખવાની પણ સલાહ આપી હતી.

દરમિયાન, બાવળાના ગેલોપ્સ પાર્ક નજીક લગભગ ૯૦૦ લોકો પૂરના પાણીમાં ફસાયા હતા.

પોલીસ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ) ની ટીમોએ યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી હતી.

## કેન્દ્રીય પ્રધાન રવનીતસિંહ બિટ્ટુનું રાજીનામું

નવી દિલ્હીઃ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મુએ શુક્રવારે રેલવે અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગના રાજ્ય કક્ષાના કેન્દ્રીય પ્રધાન રવનીત સિંહ બિટ્ટુનું રાજીનામું સ્વીકારી લીધું છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સલાહ પર, રાષ્ટ્રપ્રમુખે કેન્દ્રીય મંત્રી પરિષદમાંથી બિટ્ટુનું રાજીનામું તાત્કાલિક અસરથી સ્વીકારી લીધું છે. રાષ્ટ્રપ્રમુખ હાલમાં ત્રણ દેશોના પ્રવાસે વિદેશમાં છે.

૨૦૨૪થી કેન્દ્રીય પ્રધાનમંડળનો હિસ્સો હતા બિટ્ટુ અને તેઓ આવતા વર્ષે પંજાબમાં યોજાનારી આગામી ચૂંટણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી શક્યતા છે. પંજાબના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન બિયંત સિંહના પૌત્ર બિટ્ટુ ૨૦૨૪માં ભાજપમાં જોડાયા હતા અને લોકસભા ચૂંટણી લડ્યા હતા પરંતુ તેમાં તેઓ હારી ગયા હતા. (એજન્સી)

## સરકાર એક્શનમાંઃ એનટીએના ૪૭ અધિકારીને પાણીચું

નવી દિલ્હીઃ જેન-ઝીના દેશવ્યાપી આંદોલન પછી નીટ પેપર લીક વિવાદમાં એક મોટો સખત દંડૂકો ઉગામતા, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) એ ૪૭ અધિકારીને પાણીચું આપી દીધું છે અને તેમાંથી કેટલાક સામે કાનૂની અને ફોજદારી કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે, તેમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું. ઉચ્ચ શિક્ષણ સચિવ વિનીત જોશીને પંચાયતી રાજ મંત્રાલયમાં બદલી કરવામાં આવ્યાના એક દિવસ પછી આ પગલું આવ્યું છે. એનટીએમાં મોટા પાયે ફેરફાર થવા જઈ રહ્યા છે અને વધુ સુધારાત્મક પગલાં લેવામાં આવશે. ઓછામાં ઓછા ૪૭ અધિકારીઓને બરતરફ કરવામાં આવ્યા છે, અને તેમાંના કેટલાક સામે કાનૂની અને ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે, એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

પેપર લીક અને સીબીએસઈ (સીબીએસઈ)ના માર્ક્સમાં ગડબડોને લઈને ફાટી નીકળેલા આક્રોશને કારણે ટોચના અધિકારીઓની બદલીઓનો સિલસિલો શરૂ થયો છે. વિદ્યાર્થીઓનો રોષ એક વિશાળ વિરોધ પ્રદર્શનના રૂપમાં બહાર આવ્યો છે જે જંતર મંતર ખાતે થઈ રહ્યો છે.

આ પગલું એજન્સીની કામગીરીમાં સુધારો કરવાના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે, જેમાં આગામી દિવસોમાં વધુ સુધારાત્મક પગલાં લેવાય તેવી અપેક્ષા છે. કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી) જંતર મંતર ખાતે વિરોધ પ્રદર્શન કરી રહી છે અને નીટ પેપર લીક વિવાદ મુદ્દે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી રહી છે, તેવા સમયે આ નિર્ણય સામે આવ્યો છે.

## ધર્મેન્દ્ર પ્રધાનનું આજે રાજીનામું?

નવી દિલ્હીઃ કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના પ્રવક્તાઓ - આશુતોષ રાંકા અને સૌરવ દાસે કેન્દ્રના પ્રધાનો - જે. પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહને શુક્રવારે મળ્યા બાદ દાવો કર્યો હતો કે સરકારે અમારી બે માગણીને ‘સૈદ્ધાંતિક’ રીતે સ્વીકારી છે અને શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી અંગે જવાબ આપવા આવતી કાલ (શનિવાર બપોર) સુધીનો સમય માગ્યો હતો.

દેશની મેડિકલ કૉલેજોમાંની પ્રવેશ પરીક્ષા ‘નીટ-યુજી’ના પેપર ફૂટવાને મુદ્દે કેન્દ્રના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માગવાની સાથે દેશભરમાં થઇ રહેલા વિરોધ પ્રદર્શનની શરૂઆત બાદ સીજેપીના નેતાઓએ સરકાર સાથે આ બીજી વખત બેઠક યોજી હતી.

કૉક્રોચ જનતા પાર્ટીના પ્રવક્તા આશુતોષ રાંકાએ ચેતવણી આપી હતી કે દેશના શિક્ષણ પ્રધાનના રાજીનામામાં વિલંબ થશે, તો અમારું આંદોલન વધુ ઉગ્ર બનાવીશું. તેણે જણાવ્યું હતું કે ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું જોઇએ અથવા તેમને બરતરફ કરવા જોઇએ. અમે આ મુદ્દે સરકાર સાથે વિગતે વાત કરી હતી. સરકારે અમારી આ માગનો જવાબ આપવા શનિવાર બપોર સુધીનો સમય માગ્યો હતો.

સીજેપી અને જે. પી. નડ્ડા વચ્ચે શુક્રવારે બે કલાક બેઠક ચાલી હતી. આ બેઠક દરમિયાન સીજેપીની ત્રણ માગણી અને પરીક્ષા પદ્ધતિમાંના પાંચ સુધારા અંગે ચર્ચા કરાઇ હતી.

નડ્ડાએ જણાવ્યું હતું કે અમે સીજેપીના નેતાઓને શનિવારે બપોરે ફરી મળીશું અને સરકારમાં આ મુદ્દે થયેલી ચર્ચાની વિગત જણાવીશું.

## પેપર લીક માટે ૧૦ વર્ષની જેલ, એક કરોડ રૂપિયાનો દંડ થશે

### ખરડાના મુસદ્દાને કૅબિનેટની મંજૂરીઃ સંસદમાં આગામી સપ્તાહે રજૂ કરાશે

નવી દિલ્હીઃ કેન્દ્રના પ્રધાન મંડળે પ્રશ્નપત્ર ફોડવાના કિસ્સામાં કડક સજા અને દંડની જોગવાઇ ધરાવતા ખરડાના મુસદ્દાને શુક્રવારે મંજૂરી આપી હતી. આ ખરડો આગામી સપ્તાહે સંસદમાં રજૂ કરાશે.

ખરડામાં પેપર ફૂટવાના ગુનામાં સંડોવાયેલી વ્યક્તિઓને દસ વર્ષની જેલ અને રૂપિયા એક કરોડનો દંડ કરવાની જોગવાઇ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ સંબંધમાં જાહેરાત કરી, તેના થોડા કલાક પછી કેન્દ્રના કૅબિનેટે આ ખરડાના મુસદ્દાને મંજૂર કર્યો હતો.

અગાઉના સંબંધિત ખરડામાં સાર્વજનિક પરીક્ષા (પબ્લિક એક્ઝામિનેશન્સ)માંની ગેરરીતિ નાથવા ઓછામાં ઓછા ત્રણથી પાંચ વર્ષની કેદ અને છેતરપિંડીના ગુના (ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ્સ)માં સંડોવાયેલી વ્યક્તિઓને પાંચથી દસ વર્ષની જેલ તેમ જ ઓછામાં ઓછા રૂપિયા એક કરોડના દંડની જોગવાઇ હતી.

અગાઉ, સરકારે પેપર લીકના વિવાદને નાથવા ૨૦૨૪માં સંબંધિત કાયદો ઘડ્યો હતો.

સાર્વજનિક પરીક્ષામાંની ગેરરીતિ રોકવા માટેના ખરડા પબ્લિક એક્પેપર લીકઝામિનેશન્સ (પ્રિવેન્શન ઑફ

(જુઓ પાનું ૨) ▶▶

## પેપર લીક કેસમાં નિર્ણાયક પગલાં લેવાશેઃ મોદી

### મોડી રાતે વડા પ્રધાને સેલ્ફી વીડિયો દ્વારા સંદેશો પાઠવ્યો

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે મોડી રાતે ૧૧.૫૨ વાગ્યે પોસ્ટ કરેલા સેલ્ફી વીડિયો મેસેજમાં કબૂલ કર્યું હતું કે ‘નીટ’ના પેપર ફૂટવાની ઘટના ‘અસાધારણ’ છે અને અમારી સરકાર તેના સંબંધમાં નિર્ણાયક પગલાં લેશે.

મોદીએ પોસ્ટ કરેલા આ સેલ્ફી વીડિયો મેસેજનો સમય બધાને આશ્ચર્ય પમાડે છે, કારણ કે તેમણે અગાઉ નોટબંધી વખતે કે ઑપરેશન સિંદૂર જેવા બહુ જ મહત્ત્વના સમયે પણ મોડી રાતે સંદેશો નહોતો આપ્યો.

તેમણે આ ટૂંકા સંદેશામાં જણાવ્યું હતું કે મિત્રો, હું જાણું છું કે પેપર ફૂટવાની ઘટના અસાધારણ ગણાય. તેને લીધે લાખો વિદ્યાર્થીઓ અને તેઓના માતા-પિતાને બહુ જ તકલીફ પડી હતી. આ પ્રકરણમાં અત્યાર સુધીમાં અનેક પગલાં લેવાયા છે. ગુનેગારોને પકડી લેવાયા છે અને તેઓ હાલમાં જેલમાં છે.

દેશના અનેક યુવાનો સોશ્યલ મીડિયા પર મોડી રાતે પણ સક્રિય રહેતા હોવાથી કદાચ તેઓ માટેનો સંદેશો વડા પ્રધાને મોડી રાતે આપ્યો હશે.

મોદીએ આ વીડિયો સંદેશામાં વિપક્ષો અને દેશના હિતની વિરુદ્ધ પ્રવૃત્તિ કરી રહેલા લોકો પર કોઇ શાબ્દિક પ્રહાર નહોતા કર્યા. તેમણે આ સંદેશામાં માત્ર વિદ્યાર્થીઓની સમસ્યાની જ વાત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે કોઇ પણ વિદ્યાર્થીનું શૈક્ષણિક વર્ષ ન બગડે તેનું

(જુઓ પાનું ૨) ▶▶

## ‘વંદે માતરમ્’ નું અપમાન એક ગુનોઃ રાજ્યસભામાં ખરડો રજૂ

નવી દિલ્હીઃ સરકારે શુક્રવારે રાજ્યસભામાં રાષ્ટ્રગીત ‘વંદે માતરમ્’ માં કોઈપણ અવરોધ અથવા અપમાનને ફોજદારી ગુનો ગણવા માટે એક બિલ રજૂ કર્યું હતું. રાજ્ય કક્ષાના ગૃહ પ્રધાન નિત્યાનંદ રાયે ‘રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) બિલ, ૨૦૨૬’ રજૂ કર્યું હતું, જેનો ડાબેરી પક્ષોના સભ્યો સહિત ઘણા વિપક્ષી સભ્યોએ આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. આ બિલ રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ અધિનિયમ, ૧૯૭૧માં સુધારો કરશે, જે દેશના રાષ્ટ્રીય પ્રતીકો - રાષ્ટ્રધ્વજ, બંધારણ અને રાષ્ટ્રગીત સહિત - નું અપમાન અથવા અનાદર - ને ફોજદારી ગુનો બનાવે છે, જે માટે ત્રણ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. તે વંદે માતરમને રાષ્ટ્રગીત, ‘જન ગણ મન’ જેટલું જ વૈધાનિક રક્ષણ આપવા માગે છે. વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠની વર્ષભરની ઉજવણી વચ્ચે સરકારનું આ પગલું આવ્યું છે. ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ બંધારણ સભાની બેઠકમાં, તેના પ્રમુખ રાજેન્દ્ર પ્રસાદે જણાવ્યું હતું કે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત વંદે માતરમને રાષ્ટ્રગીત જેવો જ દરજ્જો મળશે.

## ઈરાકમાંના અમેરિકાના લશ્કરી મથક પર હુમલા

ઇરબિલ (ઇરાક): ઉત્તર ઇરાકમાંના અમેરિકાનાં દળોના મથક પર શુક્રવારે ડ્રોન્સ દ્વારા હુમલા કરાયા હતા. દરમિયાન, બાહરીનમાં શુક્રવારે દુશ્મનોના હુમલાની ચેતવણી આપતી સાઇરન અનેક વખત વગાડાઇ હતી.

અમેરિકા છેલ્લા ૧૩ દિવસથી ઇરાન પર સતત હુમલા કરી રહ્યું છે અને ઇરાનના લશ્કરનાં મથકો તેમ જ આંતરિક માળખાને ભારે નુકસાન પહોંચાડ્યું હોવાનો દાવો કર્યો હતો. તહેરાને જવાબમાં હોર્મુઝ ખાડીમાંનાં જહાજો પર હુમલા કર્યા હતા. રાતા સમુદ્રમાંના સઉદી અરેબિયાના તેલના બે ટૅન્કર પર હુમલા કરાયા હતા. ઇરાનના આરોગ્ય મંત્રાલયે કબૂલ કર્યું હતું કે અમેરિકા દ્વારા તાજેતરમાં ફરી શરૂ કરાયેલા હુમલામાં અમારા ઓછામાં ઓછા ૫૫ જણ માર્યા ગયા હતા અને ૬૦૦થી વધારે ઘાયલ થયા હતા. ઇરાકના અંશતઃ સ્વાયત્ત કુર્દિશ વિસ્તારના એક શહેરમાં ઓછામાં ઓછા સાત ધડાકા થયા હતા. આ વિસ્તારમાં અમેરિકાના લશ્કરી મથક છે. અમેરિકાના નૌકાદળનો પાંચમો કાફલો જ્યાં છે, તે બાહરીનમાં શુક્રવારે ઇરાન દ્વારા હુમલા કરાયા હતા. અમેરિકા દ્વારા ઇરાનના કેશમ ટાપુ પર બૉમ્બમારો કરાયો હતો. (એજન્સી)

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પેપર લીકનો કાયદો તો છે જ છતાં પેપર કેમ ફૂટ્યાં?

**મેડિકલ** કોલેજોમાં એમબીબીએસ સહિતના અંડર ગ્રેજ્યુએટ કોર્સીસ માટેની નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ એક્ઝામિનેશન NEETનું પેપર ફૂટી ગયું તેની સામે શરૂ થયેલા આંદોલન સામે અંતે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે ઝૂકવું પડ્યું છે. મોદી સરકારે પડ્યા પછીય ટંગડી ઊંચી રાખવા માટે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી હજુ સ્વીકારી નથી પણ સોનમ વાંગચૂકને પારણાં કરાવવાં પડ્યાં ને પેપર લીક કેસમાં આકરી સજા કરાવવા માટે હજુ બે વર્ષ પહેલાં જ બનાવેલા કાયદામાં સુધારો કરવાની તૈયારી બતાવવી પડી એ જ બતાવે છે કે, કેન્દ્ર સરકાર ઝૂકી ગઈ છે.

સૌથી મોટી વાત એ છે કે, વીસ દિવસથી ચાલતા આંદોલન અંગે એક હરફ પણ નહીં ઉચ્ચારનારા આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે મધરાતે વીડિયો મેસેજ મૂકીને વિદ્યાર્થીઓને ખાતરી આપવી પડી કે, પેપર લીકના કેસમાં હવે એકદમ ઝડપથી કાર્યવાહી કરાશે, કેસ ચલાવવા માટે ફાસ્ટ ટ્રેક અદાલતો બનાવાશે અને કાયદામાં સુધારો કરાવીને આકરી સજાની જોગવાઈઓ સાથેનો નવો કાયદો અમલી બનાવાશે.

કલાકોમાં ૨૦૨૪ના કાયદામાં સુધારાની જોગવાઈઓ પણ તૈયાર થઈ ગઈ ને શુક્રવારે પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રીવેન્શન ઓફ અનફેયર મીન્સ) એક્ટ, ૨૦૨૪માં સુધારાના મુસદ્દાને કેબિનેટે મંજૂરી પણ આપી દીધી. દિલ્હીમાં ફાસ્ટ ટ્રેક કોર્ટ પણ સ્થપાઈ ગઈ ને પેપર લીક કેસનો ત્રણ મહિનામાં નિકાલ લાવવાનું ફરમાન પણ બહાર પાડી દેવાયું. કાયદામાં સુધારાનો ખરડો સોમવારે સંસદમાં રજૂ કરવાનો નિર્ણય પણ લેવાઈ ગયો છે એ જોતાં સરકાર અચાનક જ અકલ્પનિય સ્ફૂર્તિથી વર્તી રહી છે એ સ્પષ્ટ છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો ઘાંઘી થઈ ગઈ છે ને કોઈ પણ રીતે જેન-ઝીને રાજી કરીને આંદોલનનો સંકેલો કરાવવા માગે છે.

મોદી સરકાર કાયદામાં સુધારો કરીને પેપર લીક થતાં રોકી શકશે કે કેમ તેમાં શંકા છે કેમ કે કાયદો તો અત્યારે છે જ પણ છતાં પેપર લીક થાય જ છે. ૨૦૨૪માં નીટનું પેપર લીક થયું એ પહેલાં જ મોદી સરકારે પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ ૨૦૨૪ બનાવી નાંખેલો. મે મહિનામાં પેપર લીક થયું જ્યારે ફેબ્રુઆરીમાં સંસદ દ્વારા ખરડો પસાર કરી દેવામાં આવ્યો હતો. એ છતાં પેપર ફૂટી ગયું એટલે મોદી સરકારે જાહેરનામું બહાર પાડીને પાછલી અસરથી એટલે કે ૨૧ જૂન, ૨૦૨૪થી તેનો અમલ શરૂ કરી દીધો હતો.

આ કાયદા હેઠળ સરકારી નોકરીઓની ભરતી માટેની પરીક્ષાઓમાં છેતરપિંડી બદલ ઓછામાં ઓછી ત્રણ વર્ષની જેલની સજા અને ૧૦ લાખ રૂપિયાનો દંડ થાય છે. ગેંગ બનાવીને પેપર લીક કરવાને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ગણીને ગેંગમાં સામેલ લોકોને પાંચથી ૧૦ વર્ષની જેલ અને ૧ કરોડ રૂપિયાનો દંડ કરવાની જોગવાઈ છે. પાંચ વર્ષની કેદની સજાની જોગવાઈ પરીક્ષાનું સંચાલન કરતી સંસ્થા, સેવા પૂરી પાડનાર અથવા અન્ય રીતે સામેલ સંસ્થા કે કંપનીઓને પણ લાગુ પડે છે. આ કાયદામાં ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમમાં સામેલ આરોપીઓની સંસ્થા કે કંપનીઓની મિલકતો જકરવાની પણ જોગવાઈ છે ને પરીક્ષાનો ખર્ચ સંસ્થા પાસેથી વસૂલવાની પણ જોગવાઈ છે.

આ બધી જોગવાઈઓ હોવા છતાં બે વર્ષમાં જ નીટનું પેપર ફૂટી ગયું એ શું બતાવે છે ? એ જ કે આ દેશમાં કાયદાનો કોઈને ડર નથી ને સરકારમાં આ ડર પેદા કરવાની તાકાત નથી. સરકારમાં તાકાત નથી કેમ કે, સરકારમાં બેઠેલા લોકો જ દમ વગરના છે અને ભ્રષ્ટ પણ છે. નીટ સહિતની પરીક્ષાઓ લેવા માટે બનાવાયેલી નેશનલ ટેસ્ટિંગ એજન્સી છે સરકારી એજન્સી પણ પ્રાઈવેટ કોન્ટ્રાક્ટરોના ભરોસે ચાલે છે. કેમ ? આ સવાલનો જવાબ બધાં જાણે છે ને એટલે જ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) કે તેના કોન્ટ્રાક્ટરોને કશું કરાતું નથી પણ કાયદો બદલવા જેવાં ફાલતુ પગલાં લેવાં પડે છે. બાકી દમ હોત તો એનટીએને વિખેરી નંખાઈ હોત ને હાલના કાયદા હેઠળ કોન્ટ્રાક્ટરોને અંદર કરીને આકરો દંડ વસૂલાયો હોત. મોદી સરકારે એવું કશું કર્યું નથી એ જ બતાવે છે કે, સરકારને ખરેખર રસ શામાં છે. આકરો કાયદો ને એ બધું તો ઘોડા છૂટ્યા પછી તબેલાને તાળાં મારવાની વાતો છે, અસલી કસોટી તો પેપર લીક જ ના થાય એવી સિસ્ટમ ઊભી કરવાની છે ને એ આ સરકારથી થતું નથી.

કાયદો આકરો થવાથી પેપર લીક થતાં બંધ થશે એવી આશા નથી પણ વિદ્યાર્થીઓના આંદોલને આ દેશમાં હજુ લોકશાહી જીવંત છે તેનો અહેસાસ કરાવ્યો તેનો આનંદ છે. સત્તા મળી ગઈ એટલે દેશ કોઈના બાપની જાગીર નથી બની જતો ને સત્તામાં બેઠા પછી મનફાવે એમ વર્તવાનો અધિકાર નથી મળી જતો તેનું ભાન ભાજપની સરકારને આ દેશના યુવાઓ એટલે કે જેન-ઝીએ કરાવી દીધું છે તેનો પણ આનંદ છે.

કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)આ આંદોલન શરૂ કર્યું ત્યારે સરકારમાં બેઠેલા લોકોએ આવુ તો બધું ચાલ્યા કરે એમ માનીને તેને ગણકારતા પણ નહોતા. આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિતના ભાજપના કોઈ નેતા આ દેશના યુવાનોના મન કી બાતને સમજવા તૈયાર નહોતા. મોદી સાહેબ ઓસ્ટ્રેલિયા ને ન્યુઝીલેન્ડ ને બધે ફર્યા કરતા હતા ને પેપર લીક વિશે એક શબ્દ બોલવાની તમા નહોતા કરતા.

હવે પેપર લીકને ઘોર પાપ ગણાવવું પડે છે, અક્ષમ્ય અપરાધ કહેવો પડે છે, અડધી રાત્રે મોદી સાહેબે વીડિયો મેસેજ મૂકવો પડે છે, યુવાનોને ફ્રેન્ડ્ઝ કહીને સંબોધવા પડે છે એ શું બતાવે છે ? સોનમ વાંગચૂકે ૨૬ દિવસ પહેલાં ઉપવાસ શરૂ કરેલા ને સરકારમાં બેઠેલાં લોકોને વાંગચુક જીવે છે કે મરે છે તેની જ પડી નહોતી ને હવે અડધી રાત્રે મંત્રીઓને દોડાવીને વાંગચૂકને જ્યુસ પિવડાવીને પારણાં કરાવવાં પડે છે એ શું સૂચવે છે ? એ જ કે જનતા સર્વોપરિ છે ને જનતાની આંખ ફરે છે ત્યારે ભલભલાની છપ્પનની છાતી સંકોચાઈ જાય છે.

ભારતનું ભાવિ કેવું હશે એ ખબર નથી પણ એક વાતનો આનંદ છે કે, આ દેશના યુવાનોની નસોમાં વહેતું લોહી પાણી નથી થઈ ગયું. આ દેશમાં મીડિયા, કહેવાતા બુદ્ધિ જીવીઓ, ન્યાયવિદો, શિક્ષણવિદો વગેરે બધા જ નપાણિયા પુરવાર થયા, પેપર લીકના કારણે વીસ-વીસ છોકરાં-છોકરીઓએ આપઘાત કરીને જીવ આપી દીધા ને સરકાર કશું ના બન્યું હોય એ રીતે વર્તતી હતી તેની સામે કાયરતાપૂર્ણ મૌન ધરીને બેસી રહ્યા ત્યારે યુવાઓએ અવાજ બુલંદ કરીને અહંકારી સરકારને ઝૂકવાની ફરજ પાડી એ મોટી વાત છે. આ જુસ્સો અને ઝઝૂમવાની તાકાત જોઈને લાગે છે કે, આ દેશમાં હજુ મર્દાનગી જીવે છે. બે વર્ષ પહેલાં ઉત્તર ભારતના ખેડૂતોએ આ અહેસાસ કરાવેલો ને હવે જેન-ઝીએ કરાવ્યો.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, શનિવાર, તા. ૨૫-૭-૨૦૨૬,
દેવશયની એકાદશી (દ્રાક્ષ), સૌરાષ્ટ્રમાં મોળાકત પ્રારંભ

- ભારતીય દિનાંક ૩, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અષાઢ સુદ -૧૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અષાઢ, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ૧૦મો આવા, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૧મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૩, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ સવારે ક. ૦૯-૫૯, રાત્રે ક. ૨૦-૫૧
- ઓટઃ બપોરે ક. ૧૫-૫૬, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૨૮ (તા. ૨૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અષાઢ શુક્લ - એકાદશી. દેવશયની એકાદશી (દ્રાક્ષ), સૌરાષ્ટ્રમાં મોળાકત પ્રારંભ, રવિનારાયણ એકાદશી (ઓરિસ્સા), વિષ્ણુ શયનોત્સવ, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૩૪, વિંછુડો, ચાતુર્માસારંભ, સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં, વાહન ઉંદર,
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિ-બુધ ગ્રહદેવતાનું પૂજન હનુમાન ચાલીસા સુંદરકાંડ, હનુમાનભક્તિ, દેવદર્શન, ઔષધ ઉપચાર, પ્રયાણ મધ્યમ, નિત્ય થતાં યંત્ર, વાહન, ખેતીવાડી, પશુ લે-વેંચ સંબંધિત કામકાજ, પ્રાણી પાળવા, જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા.
- આચમનઃ ચંદ્ર-શનિ ત્રિકોણ કરકસરિયા, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ કજિયાખોર
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર જાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# બાંગ્લાદેશના પ્રમુખ મોહમ્મદ શહાબુદ્દીનનું રાજીનામું

ઢાકાઃ બાંગ્લાદેશના પ્રમુખ મોહંમદ શહાબુદ્દીને શુક્રવારે રાજીનામું આપી દીધું હતું. શહાબુદ્દીને તેમના પાંચ વર્ષના કાર્યકાળની સમાપ્તિના બે વર્ષ પહેલા જ રાજીનામું ધરી દીધું છે. આ જાણકારી આંતરરાષ્ટ્રીય મીડિયા અહેવાલમાં સ્થાનિક મીડિયાને ટાંકીને આપવામાં આવી છે.

તેમનું રાજીનામું એવા સમયે આવ્યું છે જ્યારે સરકાર તેમના પદ પર યથાવત્ રહેવાથી નાખુશ હોવાના અહેવાલો હતા. જેનું કારણ તેમના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના સાથે સંબંધો હોવાનું માનવામાં આવી રહ્યું હતું. શહાબુદ્દીનનું રાજીનામું હસીના દ્વારા ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરવાની અને યુદ્ધ અપરાધ ટ્રિબ્યુનલ દ્વારા દોષિત ઠેરવવામાં આવે તો આત્મસમર્પણ કરવાની જાહેરાત કર્યાના થોડા દિવસો પછી આવ્યું છે. ઓગસ્ટ ૨૦૨૪માં વિદ્યાર્થીઓના નેતૃત્વ હેઠળના બળવામાં સત્તા પરથી હાંકી કાઢવામાં આવ્યા બાદથી હસીના ભારતમાં રહે છે. બાંગ્લાદેશના બંધારણ મુજબ સંસદના અધ્યક્ષ હાફિઝ ઉદ્દીન અહેમદ દેશના નવા પ્રમુખની પસંદગી ન થાય ત્યાં સુધી વચગાળાના પ્રમુખ તરીકે સેવા આપશે. મીડિયા અહેવાલ મુજબ સરકારે તેમને પદ છોડવાનું કહ્યું હતું કારણ કે હસીનાએ દેશમાં પાછા ફરવાની યોજનાની જાહેરાત કર્યા પછી પણ તેમણે હસીના સાથે લાંબા સમયથી ચાલતો સંબંધ જાળવી રાખ્યો હતો. હસીનાના ભૂતપૂર્વ સાથી અને હવે પ્રતિબંધિત અવામી લીગના ઉમેદવાર એવા શહાબુદ્દીન ૨૦૨૩માં પાંચ વર્ષના કાર્યકાળ માટે બિનહરિફ ચૂંટાયા હતા. શહાબુદ્દીન ભૂતપૂર્વ અવામી લીગ સરકારના છેલ્લા બંધારણીય પદાધિકારી હતા કે જેઓ ૨૦૨૪ના બળવા પછી પણ પદ પર યથાવત હતા. બાંગ્લાદેશી મીડિયા અહેવાલો અનુસાર સરકાર શહાબુદ્દીથી તેમણે તાજેતરમાં હસીનાનો ફરી સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હોવાની વાતથી નારાજ હતી. જો કે વરિષ્ઠ રાજકીય નેતાઓનું કહેવું છે કે તેમના રાજીનામા પાછળના કારણો વધુ જટિલ હતા, ખાસ કરીને હસીનાએ જાહેરમાં દેશ પરત ફરવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યા પછીથી.

આ રાજીનામું એવા રાજકીય રીતે સંવેદનશીલ સમયે આવ્યું છે જ્યારે વડા પ્રધાન તારિક રહેમાનની સરકાર હસીનાની આયોજિત વાપસીની તૈયારી કરી રહી છે. આ વાપસી બે વર્ષની ઉથલ-પાથલ પછી દેશની રાજકીય સ્થિરતાની કસોટી કરે તેવી ધારણા છે.

# આસામમાં પૂરની સ્થિતિ વણસીઃ ૪૭નાં મોત

ગુવાહાટીઃ આસામમાં પૂરની સ્થિતિ વધુ વણસી છે. સતત વરસાદના લીધે અનેક નદીઓનું જળસ્તર વધી ગયું છે. રાજ્યમાં પૂરના કારણે ૪૭ લોકોનાં મોત થયા છે. તેમજ ૧૧ જિલ્લાઓમાં ૭.૨૧ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા સરમાએ જણાવ્યું કે લગભગ ૪૦ લોકો હજુ પણ ગુમ છે. તેમજ મૃત્યુઆંક વધવાની ધારણા છે. સરમા વધુ વણસતી પરિસ્થિતિનો તાગ મેળવવા માટે પૂરગ્રસ્ત જિલ્લાઓના જિલ્લા કમિશ્નરો અને વરિષ્ઠ અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરશે.

તેમણે અહીં પત્રકારોને જણાવ્યું કે પરિસ્થિતિમાં થોડો સુધારો થયો છે, પરંતુ અમે હજુ પણ લગભગ ૨૦ ટકા અસરગ્રસ્ત લોકો સુધી પહોંચી શક્યા નથી. મને આશા છે કે આજે અમે તેમના સુધી પહોંચી જઇશું. તેમણે કહ્યું કે પ્રાપ્ત માહિતી મુજબ લગભગ ૪૦ લોકો ગુમ છે અને મૃત્યુઆંક વધવાની આશંકા છે. સરમાએ જણાવ્યું કે સરકાર પૂરપીડિતોની સાથે ઉભી રહેશે અને તમામ શક્ય મદદ કરશે. કેન્દ્ર સરકારની એક ટીમ પચીસ જુલાઇના રોજ રાજ્યની મુલાકાત લઇને પૂરથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરશે. આસામ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ(એએસડીએમએ)ના પ્રવક્તાએ જણાવ્યું કે શિવસાગર શહેરમાં દિખો નદીનું જળસ્તર શુક્રવારે સવારે નવ વાગ્યે 'ગંભીર પૂરની સ્થિતિ'થી ઉપર વહી રહ્યું હતું. તેમણે કહ્યું કે દિખો નદીનું જળસ્તર સતત વધવાથી લોકોને નદીથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે. હાલમાં ખોવાંગમાં બુરીદિહિંગ નદી, નાંગલામુરાઘાટમાં ડિસાંગ, શિવસાગરમાં દિખો, નુમાલીગઢમાં ધનસિરી અને શ્રીભૂમિમાં કુશિયારા નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. ગુરુવારે રાત્રે જાહેર થયેલા એએસડીએમએના પૂર બુલેટિન ૨૪ કલાકમાં પૂરના લીધે છ લોકોનાં મોત થયા છે.

# વેપાર કરાર : અમેરિકા સાથે સંપર્કમાં છે ભારત

નવી દિલ્હીઃ સરકાર તમામ ઘટનાક્રમો પર નજર રાખી રહી છે અને દ્વિપક્ષી વેપાર કરાર(બીટીએ) મુદ્દે વાટાઘાટોના સંદર્ભમાં અમેરિકા સાથે સંપર્કમાં છે. આ માહિતી શુક્રવારે સંસદમાં આપવામાં આવી હતી.

રાજ્યસભામાં એક લેખિત જવાબમાં વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય પ્રધાન જિતેન પ્રસાદે જણાવ્યું કે સરકાર અમેરિકા દ્વારા લાદવામાં આવેલી આયાત જકાત સંબંધિત મુદ્દાઓ પર ખેડૂતો, કૃષિ નિકાસકારો, ઉદ્યોગ સંસ્થાઓ, મંત્રાલયો/વિભાગો અને એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલો સહિત સંબંધિત હિતધારકો સાથે સતત વાતચીત કરી રહી છે.

તેમણે કહ્યું કે ભારતના વેપાર હિતોનું રક્ષણ કરવા માટે સરકારે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા આયાત જકાત સંબંધિત મુદ્દાઓ પર રાજ્યો તરફથી મળેલો સૂચનો પર પણ વિચાર કર્યો છે. ભારત-અમેરિકા બીટીએ મુદ્દે વાટાઘાટો ફેબ્રુઆરી ૨૦૨૫માં બંને પક્ષોના નેતાઓની બેઠક પછી શરૂ થઇ હતી. જેમાં બંને દેશોએ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપાર ૫૦૦ બિલિયન અમેરિકન ડોલર સુધી પહોંચાડવાના 'મિશન ૫૦૦' લક્ષ્યને અપનાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે વાટાઘાટોના અનેક તબક્કા બાદ બંને દેશોએ બીજી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ વચગાળાના વેપાર કરાર માટે ફ્રેમવર્કની જાહેરાત કરી હતી.

પ્રસાદે જણાવ્યું કે સરકાર તમામ ઘટનાક્રમો પર નજર રાખી રહી છે અને બીટીએ માટે વાટાઘાટોના ભાગરૂપે અમેરિકાની સરકાર સાથે સંપર્કમાં છે. જેમાં વોશિંગ્ટન, ડીસી(૨૦-૨૨ એપ્રિલ) અને નવી દિલ્હી(૧-૪ જૂન)માં બંને પક્ષોની વાટાઘાટો કરનારી ટીમોની તાજેતરની બેઠકો અને યુએસ વેપાર પ્રતિનિધિની નવી દિલ્હીની તાજેતરની મુલાકાત(૨૨-૨૪ જૂન)નો સમાવેશ થાય છે.

# હિમાચલમાં પર્વત પરથી મોટો પથ્થર પડતા ૧૩નાં મોત

નવી દિલ્હીઃ હિમાચલ પ્રદેશના લાહૌલ અને સ્પિટી વિસ્તારમાં શુક્રવારે પર્વત પરથી એક મોટી શિલા અચાનક ધસી પડતાં છ મહિનાનાં એક બાળક સહિત ૧૩ જણનાં મોત થયાં હોવાનું પોલીસે કહ્યું હતું.

હિમાચલ પ્રદેશના લાહૌલ અને સ્પિટી વિસ્તારમાં ઉદયપુર-પાન્ગી રોડ પરથી પસાર થઈ રહેલી એસયુવી કાર પર આ શિલા પડી હતી. ઘટનાના સમયે કારમાં ૧૫ જણ સવાર હતા. કાર કુલુથી કિલાર જઈ રહી હતી તે સમયે માર્ગમાં કાડુ નાળા નજીક આ ઘટના બની હતી. પર્વત પરથી મોટી શિલા પડવાને કારણે કાર સંપૂર્ણપણે કચડાઈ ગઈ હતી અને કારના પાછળના હિસ્સામાં આગ ફાટી નીકળી હતી. માર્ગ પરથી પસાર થઈ રહેલા લોકો અને સેનાના અધિકારીઓએ આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો.

ઘટનાની જાણ થતાં પોલીસ ટુકડીને ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. રાહત તેમ જ બચાવ કામગીરી ચાલી રહી છે અને વહીવટીતંત્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે, એમ પોલીસે કહ્યું હતું. ઘટનામાં ૧૩ જણનાં મોત થયાં હોવાના અહેવાલને લાહૌલ અને સ્પિટીના નાયબ પોલીસ કમિશરે સમર્થન આપ્યું હતું. જોકે મૃતદેહોની ઓળખ હજુ સુધી થઈ શકી ન હોવાનું તેમણે કહ્યું હતું. મુખ્ય પ્રધાન સૂખુએ ઘટના અંગે ખેદ વ્યક્ત કરી અસરગ્રસ્ત પરિવારોને તમામ સહાય પૂરી પાડવાની બાંયધરી આપી હતી. (એજન્સી)

# વિદ્યાર્થીઓ પર પોલીસનું દમન સુપ્રીમ કોર્ટમાં ૨૭મીએ સુનાવણી

નવી દિલ્હીઃ 'નીટ' પેપર લીકને મામલે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસ દ્વારા કરવામાં આવેલા કથિત અત્યાચાર સંબંધિત અલગ અલગ બે અરજીની સુપ્રીમ કોર્ટ ૨૭મી જુલાઈએ સુનાવણી કરશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ વી. મોહાન્નાની બનેલી ખંડપીઠે આ મામલો તેમની સમક્ષ રજૂ કરવામાં આવ્યા બાદ અરજીની સુનાવણી કરવા સહમતી દર્શાવી હતી. પોલીસે વિદ્યાર્થીઓ વિરુદ્ધ વધારે પડતું આકરું વલણ અપનાવ્યું હતું એમ જણાવતાં વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણે કહ્યું હતું કે અમારી અને પોલીસ વચ્ચે કોર્ટ ઊભી છે. સુપ્રીમ કોર્ટને અરજીની સુનાવણી હાથ ધરવાની વિનંતી કરતાં તેમણે કહ્યું હતું કે આ પ્રકારની સ્થિતિ દૈનિક ધોરણે સર્જાઈ રહી હોવાને કારણે આ અરજીની સુનાવણી તાકીદે હાથ ધરવી જોઈએ. શંકરનારાયણે ખંડપીઠને જણાવ્યું હતું કે દેશભરમાં કરવામાં આવેલા વિરોધપ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ પર આચરવામાં આવેલી હિંસા સંબંધિત બે અલગ અલગ અરજી દાખલ કરવામાં આવી હતી.

# મણિપુર હિંસા કેસ માટે સ્પેશ્યલ કોર્ટ રચવાનો સુપ્રીમ કોર્ટનો પ્રસ્તાવ

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૩માં મણિપુરમાં થયેલી વંશીય હિંસા સંબંધિત ફોજદારી કેસની સુનાવણી દૈનિક ધોરણે હાથ ધરવા સ્પેશ્યલ કોર્ટની રચના કરવાનો સુપ્રીમ કોર્ટે શુક્રવારે પ્રસ્તાવ મૂક્યો હતો.

વહેલામાં વહેલી તકે તપાસ પૂરી કરવાનો અને અસરગ્રસ્તોને ચાર્જશિટની નકલ મળે તેની ખાતરી કરવાનો પણ સુપ્રીમ કોર્ટે તપાસ એજન્સીઓને આદેશ આપ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ વી. મોહાન્નાની બનેલી ખંડપીઠે એ હકીકતની નોંધ લીધી હતી કે ફોજદારી કેસને મામલે અનેક અસરગ્રસ્તો અને તેમના પરિવારજનોને સીબીઆઈ અને રાજ્યની સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સિટ) દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશિટની નકલ હજુ સુધી નથી મળી.

૩ મે ૨૦૨૩ના મણિપુરમાં ભડકી ઊઠેલી વંશીય હિંસામાં ૨૦૦ કરતાં પણ વધુનાં મોત અને સેંકડો લોકો ઘાયલ થયાં હોવા ઉપરાંત હજારો લોકોને સ્થળાંતર કરી જવાની ફરજ પડી હતી.

# ભારત પર અમેરિકાનો ૧૦ ટકા ટૅરિફ

વૉશિંગ્ટનઃ બળજબરીપૂર્વકના શ્રમથી બનાવવામાં આવેલી વસ્તુઓ વિરુદ્ધ ચાલી રહેલી વ્યાપક ઝુંબેશના ભાગરૂપ અમેરિકાએ ભારત અને વિશ્વના અન્ય ૧૬ દેશમાંથી આયાત કરાતી વસ્તુઓ પર ૧૦ ટકા ટૅરિફ લાદ્યો છે.

૩ જૂને અમેરિકાએ ટ્રેડ ઍક્ટની કલમ ૩૦૧ અંતર્ગત ટૅરિફ લાગુ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો તે સમયે ભારતનો ૧૨.૫ ટકા ટૅરિફ લાગુ પડે તેવા દેશોમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જોકે ત્યાર બાદ ભારતે વિદેશ વેપાર નીતિમાં સુધારો કરી બળજબરીપૂર્વકના શ્રમથી બનાવવામાં આવેલી વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવાના લીધેલા નિર્ણયની અમેરિકાએ નોંધ લીધી હતી.

૧૪મી જુલાઈએ આ પ્રતિબંધ અમલમાં મૂકવા ભારતે સત્તાવાર નીતિમાં સુધારો કર્યો હતો. અમેરિકાએ ભારત સહિત વિશ્વના ૬૦ દેશમાં બળજબરીપૂર્વકના શ્રમ સંબંધિત તપાસ આરંભી હતી જેને પગલે ભારતે વિદેશ વેપાર નીતિમાં સુધારો કરી બળજબરીપૂર્વકના શ્રમથી બનાવવામાં આવેલી વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો હતો.

ટ્રમ્પના જણાવ્યા અનુસાર આ પ્રતિબંધનો અસરકારક રીતે અમલ કરવા તેમને પ્રોત્સાહન મળે તે માટે ટ્રેડ રિપ્રેઝન્ટેટિવે મને આ દેશો પર ૧૦ ટકા ટૅરિફ લાદવાની સલાહ આપી હતી. (એજન્સી)

# નીટ પેપર લીક રોકવાના પગલાં પર અમે નજર રાખીશું: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે શુક્રવારે કેન્દ્રને કહ્યું કે તે નીટ પરીક્ષા પેપર લીકને રોકવા માટે લેવામાં આવેલા પગલાં પર નજીકથી નજર રાખશે, સાથે ભાર મૂક્યો હતો કે વર્ષોથી આડેધડ લેવાતાં પગલાં મુશ્કેલીનું કારણ બની રહ્યું છે.

ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન સહિત અનેક અરજીઓની સુનાવણી કરી રહેલા ન્યાયાધીશ પી.એસ. નરસિંહા અને આલોક આરાધેની બેન્ચે સોલિસિટર જનરલ તુષાર મહેતાને જણાવ્યું હતું કે સરકારે પારદર્શિતા, રાધાકૃષ્ણન સમિતિની ભલામણોના અમલીકરણ અને આઇઆઈટી મોડેલને કેવી રીતે અનુસરવામાં આવશે તે તરફ લેવામાં આવેલા પગલાં સૂચવવા જોઈએ. નીટ-યુજી પેપર લીકને પગલે શિક્ષણ મંત્રાલય દ્વારા સાત સભ્યની રાધાકૃષ્ણન સમિતિની સ્થાપના કરવામાં આવી હતી જેથી પરીક્ષા પ્રક્રિયામાં સુધારા, ડેટા સુરક્ષા પ્રોટોકોલમાં સુધારો અને રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી (એનટીએ) ની રચના અને કામગીરી અંગે ભલામણો કરી શકાય.

એક અરજીમાં નીટ-યુજી કરાવવા માટે જવાબદાર એનટીએને બદલવા અથવા પુનર્ગઠન કરવાનો નિર્દેશ માંગવામાં આવ્યો હતો, જે મેડિકલ પ્રવેશ પરીક્ષાનું સંચાલન કરવા માટે એક મજબૂત અને સ્વાયત્ત સંસ્થા સાથે કરવામાં આવે.

## પહેલા પાનાનું ચાલુ

### ઉત્તર ગુજરાત તરબોળઃ

૫૦ ટકા અને ૯૧ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા હોવાનું સરકારે જણાવ્યું હતું. જળાશયોની વધતી જતી સપાટીને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા રાજ્યમાં ૧૮ ડેમ પર હાઈ એલર્ટ, ૦૪ ડેમ પર એલર્ટ અને ૧૩ ડેમ પર વૉર્નિંગ જાહેર કરવામાં આવી હતી. રાજ્યમાં ભારે વરસાદને પગલે ૧૮ ડેમ હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે, જેમાં અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનો ધાતરવડી, સાવરકુંડલા તાલુકાનો સુરજવાડી, ધારી તાલુકાનો ખોડિયાર ડેમ અને રાજુલા તાલુકાનો જ ધાતરવડી-૨ ડેમનો સમાવેશ થાય છે. ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાનો ધોળી અને નેત્રંગ તાલુકાનો બલદેવા ડેમ પણ એલર્ટ પર છે. ભાવનગર જિલ્લામાં મહુવા તાલુકાનો રોજકી, પાલિતાણા તાલુકાનો શેત્રુંજી અને ઉમરાળા તાલુકાનો રંઘોળા ડેમ સામેલ છે. આ ઉપરાંત મહીસાગરના બાલાસિનોર તાલુકાનો વણાકબોરી, નવસારીના વાંસદા તાલુકાના જુજ અને કેલિયા, સુરતના માંડવી તાલુકાનો લાખીગામ, સુરેન્દ્રનગરના ચુડા તાલુકાનો વાંસલ અને વઢવાણ તાલુકાનો ધોળીધજા તથા તાપીના સોનગઢ તાલુકાનો દોસવાડા ડેમ પણ ૯૦ ટકાથી વધુ ભરાઈ જતાં હાઈ અલર્ટ પર છે. બોટાદના બરવાળા તાલુકાનો ખંભાડા ડેમ ૯૪.૧ ટકા ભરાયો હોવાનું રાજ્ય ઇમરજન્સી ઓપરેશન સેન્ટરે જણાવ્યું હતું.

### પેપર લીક

અનફૅર મીન્સ) એક્ટ, ૨૦૨૪ને રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ મંજૂરી આપી તેના ચાર મહિના પછી આ ખરડાને ૨૦૨૪ના જૂનમાં નૉટિફાઇ કરાયો હતો. આ ખરડાનો મૂળ હેતુ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી), સ્ટાફ સિલેક્શન કમિશન (એસએસસી), રેલવેઝ, બૅન્કમાંની ભરતી પરીક્ષાઓ તેમ જ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) સહિતની વિવિધ પરીક્ષામાંની ગેરરીતિ રોકવાનો હતો. ખરડામાં પ્રશ્નપત્ર ફોડવા, ઓએમઆર શીટ્સની સાથે ચેડાં કરવા, બનાવટી વૅબસાઇટ્સ દ્વારા છેતરપિંડી કરવી, બનાવટી એડમિટ (પ્રવેશ) કાર્ડ આપવું જેવા ૧૫ ગુનાનો ઉલ્લેખ છે. મેડિકલ કૉલેજોમાંની પ્રવેશ પરીક્ષા 'નીટ-યુજી'નું પેપર ફૂટવાથી દેશભરમાં વિવાદ ઊભો થયો છે અને તેના માટે દેશના શિક્ષણ પ્રધાનના રાજીનામાની માગણી થઇ રહી છે. (એજન્સી)

### પેપર લીક કેસમાં નિર્ણાયક

ધ્યાન રાખવાની બાબતને સરકાર પ્રાધાન્ય આપી રહી છે. અમે તેથી જ 'નીટ'ની ફેરપરીક્ષા વહેલી યોજી હતી. આ ઉપરાંત, પરિણામ પણ બહુ જ જલદી જાહેર કરી દેવાયું હતું.

અગાઉ, વડા પ્રધાને પેપર લીકના કેસ ચલાવવા ફાસ્ટ ટ્રેક કોર્ટ રચવાનો પણ આદેશ આપ્યો હતો. બાદમાં, કેન્દ્રના પ્રધાન મંડળે પેપર લીકના કેસમાં ગુનેગારોને આકરી સજા કરવાની જોગવાઇ ધરાવતા ખરડાના મુસદ્દાને શુક્રવારે મંજૂરી આપી હતી. (એજન્સી)

# સૌરાષ્ટ્ર પર મેઘરાજા મહેરબાનઃ થાનગઢ-વાંકાનેરમાં છ ઈંચથી વધુ વરસાદ, લાલપરી અને ભાદર-૨ ડેમ ઓવરફ્લો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અન્ય જિલ્લાઓની સાથે સૌરાષ્ટ્રમાં પણ મેઘમહેર જોવા મળી હતી. રાજ્ય ઇમરજન્સી ઓપરેશન સેન્ટરનાના અહેવાલ મુજબ સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ સારો એવો વરસાદ નોંધાયો હતો. સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકામાં સૌથી વધુ ૬.૪૬ ઈંચ વરસાદ પડ્યો હતો, જ્યારે મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકામાં ૧૫૮ ૬.૨૨ ઈંચ, મોરબી તાલુકામાં ૩.૭૮ ઈંચ વરસાદ નોંધાયો હતો. અમરેલી જિલ્લાના લીલિયા તાલુકામાં પણ ૩.૬૬ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. રાજકોટ જિલ્લામાં જામકંડોરણા તાલુકામાં ૨.૪૮ ઈંચ, જેતપુર તાલુકામાં ૧.૧૪ ઈંચ નોંધાયો હતો. અમરેલી તાલુકામાં ૨.૯૯ ઈંચ, કુકાવાવ વડિયામાં ૨.૮ ઈંચ અને બગસરામાં ૨.૫૬ ઈંચ વરસાદ પડ્યો હતો. સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલા તાલુકામાં ૨.૨૮ ઈંચ અને દસાડામાં ૧.૮૧ ઈંચ) વરસાદ નોંધાયો હતો.

રાજકોટ જિલ્લામાં ભારે વરસાદને પગલે અનેક જળાશયો ભરપૂર થયા હતા. લાલપરી ડેમ હાલ ૮૦ ટકા ભરાયો હતો અને તેમાં ૧૮૩ ક્યુસેક પાણીની સતત આવક ચાલુ હોવાથી ઓવરફ્લોની શક્યતાને પગલે નવાગામ, બેડી અને નદીકાંઠાના વિસ્તારોના નાગરિકોને સાવચેત રહેવા તથા જરૂર જણાય તો સલામત સ્થળે ખસી જવા સૂચના અપાઈ હતી. સુરવો ડેમ પણ ૯૦ ટકા ભરાઈ ચૂક્યો હતો અને તેમાં ૧,૫૪૪ ક્યુસેક પાણીની આવક ચાલુ રહેતાં ગમે ત્યારે ડેમ ઓવરફ્લો થવાની શક્યતા સર્જાતા જેતપુર તાલુકાના થાણાગાલોળ, ખીરસરા અને ખજુરી ગુંદાળા ગામોના લોકોને પણ સાવચેત રહેવા અને નદીના પટમાં અવરજવર ન કરવા વિનંતી કરવામાં આવી હતી. ધોરાજી નજીક આવેલો ભાદર-૨ ડેમ પૂર્ણ સપાટીએ ભરાઈ જતાં તંત્ર દ્વારા તેના ૫ દરવાજા ૧.૮૨ મીટર સુધી ખોલવામાં આવ્યા હતા, જેના પગલે નદીના પટમાં અવરજવર ન કરવા એલર્ટ જાહેર કરાયું હતું. ડેમ હેઠવાસમાં આવતાં ધોરાજીના ભોળા, ભલ ગામડા, છાડવાવદર, સુપેડી તથા ઉપલેટા તાલુકાના ડુમીયાણી, ચિખલિયા, સમઢિયાળા, ગણોદ, ભીમોરા, ગઢા, ગણોદ સહિતના અનેક ગામોને સલામત સ્થળે ખસી જવા સૂચના અપાઈ હતી. આ ઉપરાંત પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના ભોગસર, બિલડી, ચૌટા, છત્રાવા, કટવાણા, માંડવા, પસવારી, રોઘડા સહિતના ગામોના લોકોને પણ સાવચેત રહી સલામત સ્થળે ખસી જવા જણાવાયું હતું. ■



રાહત ને આફત વરસાદ વરસે એટલે ગરમીથી રાહત મળે, પણ સાથે વરસાદી મુસિબતો પણ આવે. રાજકોટમાં માત્ર અઢી ઇંચ વરસાદમાં રસ્તા પર પાણી ભરાયા હતા અને વૃક્ષો પડી જવાની ઘટના ઘટી હતી. (પ્રવિણ સેદાની)

## પીસીબી બાદ હવે ડીસીબી મેદાનેઃ દેશી બનાવટની બંદૂકો સાથે રોફ જમાવતા બે આરોપી ઝડપાયા

અમદાવાદઃ રાજકોટ શહેરમાં ગેરકાયદે હથિયારો સામે પોલીસનું અભિયાન વધુ તેજ બન્યું છે. પીસીબી પોલીસની સતત કાર્યવાહી બાદ હવે ડિટેક્શન ઓફ ક્રાઇમ બ્રાન્ચ (ડીસીબી) પણ મેદાને ઉતરી છે. ડીસીબીની ટીમે શહેરમાં દેશી બનાવટની બંધૂકો જેવા ઘાતક હથિયારો રાખી લોકોમાં રોફ જમાવતા બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી ગેરકાયદે હથિયારો કબ્જે કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાની માહિતી પોલીસસૂત્રોએ આપી હતી.

પ્રાથમિક તપાસમાં આરોપીઓ હથિયારો ક્યાંથી લાવ્યા હતા અને અન્ય કોઈ ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે કે કેમ તે દિશામાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે. શહેરમાં ગેરકાયદે હથિયારોના નેટવર્ક સુધી પહોંચવા માટે ક્રાઇમ બ્રાન્ચ વધુ પૂછપરછ કરી રહી છે.

# ઓળક ગામે તંત્રનું સફળ રેસ્ક્યું ઓપરેશનઃ ભારે વરસાદમાં ફસાયેલા ૨૭ લોકોનો જીવ બચાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લામાં અવિરત ભારે વરસાદને કારણે લખતર તાલુકાના ઓળક ગામના પરા અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં ૨૭ લોકો ફસાઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ જિલ્લા વહીવટી તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું અને સફળ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી તમામ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા.

જિલ્લા કલેક્ટર જી. એચ. સોલંકીના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી મેહુલ ભરવાડ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, એ.ટી.ડી.ઓ., પોલીસ વિભાગ તેમજ મહાનગરપાલિકાની ફાયર ટીમ બોટ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગે સઘન બચાવ કામગીરી હાથ ધરી કુલ ૨૭ લોકોને સલામત રીતે બહાર કાઢ્યા, જેમાં ૧૩ મહિલાઓ, ૧૦ પુરુષો અને ૪ બાળકોનો સમાવેશ થાય છે. તમામને સુરક્ષિત સ્થળે ખસેડી તેમના સગા-સંબંધીઓના ઘરે આશ્રય આપવામાં આવ્યો હતો.

મોડી રાત્રે શરૂ થયેલું રેસ્કયુ ઓપરેશન વહેલી સવારે લગભગ ૪ વાગ્યે સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. વહીવટી તંત્રની સમયસર અને સુદઢ કામગીરીને કારણે મોટી જાનહાનિ ટળી હતી. સ્થાનિક લોકોએ જિલ્લા વહીવટી તંત્ર અને ફાયર વિભાગની કામગીરીને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

જિલ્લા કલેક્ટર જી. એચ. સોલંકીએ જણાવ્યું હતું કે, લખતર અને દસાડા તાલુકામાં અંદાજે ૬ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે અને કુલ વરસાદ ૩૦૦ મીમીથી વધુ થયો છે. ધ્રાંગધ્રા અને થાનગઢ તાલુકામાં પણ આશરે ૫ ઇંચ વરસાદ પડ્યો છે. ભારે વરસાદને પગલે સમગ્ર વહીવટી તંત્ર એલર્ટ પર રાખવામાં આવ્યું છે અને તમામ મામલતદારો, ટી.ડી.ઓ. તથા પ્રાંત અધિકારીઓને રજાના દિવસોમાં પણ હેડક્વાર્ટર ખાતે હાજર રહેવા સૂચના આપવામાં આવી છે.

કલેક્ટરે વધુમાં જણાવ્યું કે, ભાસ્કરપરા ગામમાં તળાવની પાળ તૂટતાં ફસાયેલા ૧૦ લોકોને પણ સલામત રીતે બચાવી લેવાયા છે. મુખ્યમંત્રી અને મુખ્ય સચિવના માર્ગદર્શન હેઠળ તમામ પદાધિકારીઓ અને ધારાસભ્યો સાથે સંકલન કરીને બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે.

ભારે વરસાદને કારણે માર્ગ અને મકાન વિભાગના ૩ મુખ્ય રસ્તા તેમજ પંચાયત હસ્તકના ૧૦ જેટલા રસ્તાઓ પાણી ફરી વળતાં બંધ કરવામાં આવ્યા છે. રેડ એલર્ટને ધ્યાનમાં રાખીને જિલ્લામાં શાળાઓ અને આંગણવાડીઓમાં રજા જાહેર કરવામાં આવી છે.

જિલ્લાના જળાશયોની સ્થિતિ અંગે કલેક્ટરે જણાવ્યું કે, વાંસલ ડેમ ૧૦૦ ટકા અને ધોળીધજા ડેમ ૮૯ ટકા ભરાઈ ચૂક્યા છે. ડેમના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસી જવાની અપીલ કરવામાં આવી છે. પીજીવીસીએલની ટીમો સતત કામગીરી કરી રહી છે. હાલમાં જિલ્લાના આશરે ૧૦ ગામોમાં વીજ પુરવઠાની સમસ્યા છે અને ૪૫ જેટલા વીજ થાંભલાઓને નુકસાન પહોંચ્યું છે, જેને ૨૪ કલાકમાં પુનસ્થાપિત કરવા કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

જિલ્લા કલેક્ટરે તમામ નાગરિકોને સાવચેત રહેવા, અનાવશ્યક બહાર ન નીકળવા અને કોઈપણ આપાતકાલીન પરિસ્થિતિમાં તાલુકા અથવા જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા અનુરોધ કર્યો છે. ■

## મેઘપર બોરીચીમાં પત્નીએ એસિડ પી જતાં આઘાતમાં સરી પડેલા પતિએ પણ જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અંજાર તાલુકાના મેઘપર બોરીચી ગામના સોનલનગર વિસ્તારમાં પત્નીએ એસિડ પી લીધું હોવાથી ભાંગી પડેલા ૩૬ વર્ષીય પરિણિત યુવકે ઘરમાં પંખા સાથે ચૂંદડી બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. પ્રાપ્ત વિગતો મુજબ, મેઘપર બોરીચીના સોનલનગર વિસ્તારમાં આવેલા મકાન નંબર ૩૭૮-બી માં રહેતા રાજેશ નારણ માલી (ઉં.વ.૩૬) નામના યુવકે ગત તારીખ ૨૧મી જુલાઈના રોજ મોડી રાત્રે પોતાના ઘરે અંતિમ પગલું ભરી લીધું હતું. બનાવની પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર, કૌટુંબિક કારણોસર રાજેશ માલીની પત્નીએ ઘરમાં એસિડ પી લીધું હતું. પત્નીને ગંભીર હાલતમાં તુરંત જ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. પત્નીને સારવાર માટે દાખલ કર્યા બાદ ઘરે પરત ફેરેલા રાજેશભાઈ ગંભીર માનસિક આઘાત અને વિષાદમાં સરી પડ્યા હતા. દરમિયાન, ગત ૨૧મીની રાત્રે ઘરે એકલા રહેલા રાજેશ માલીએ સીલિંગ ફેન સાથે ચૂંદડી બાંધીને ગળેફાંસો ખાધો હતો. બનાવની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી.

અંજાર પોલીસે ઘટનાસ્થળે પહોંચી યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પત્નીનાં દર્દનાક પગલાંના વિષાદમાં આવીને જ યુવકે જીવન ટૂંકાવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી, આપઘાત પાછળના સાચા કારણો તેમજ સમગ્ર ઘટના ક્રમ અંગે આગળની વધુ તપાસ હાથ ધરી છે.■

# દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ અને ટેક્નિકલ કામગીરીને પગલે કચ્છ-મુંબઈ વચ્ચેનો રેલવે વ્યવહાર ઠપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દક્ષિણ ગુજરાત અને મુંબઈ ડિવિઝનમાં વરસી રહેલા અતિ ભારે વરસાદના કારણે મહારાષ્ટ્ર તરફનો રેલવે વ્યવહાર સદંતર ખોરવાઈ ગયો છે. ઉદવાડા અને વલસાડથી દહાણું રોડ વચ્ચે રેલવે ટ્રેકનું ધોવાણ થતાં કચ્છથી ઉપડેલી સયાજીનગરી અને કચ્છ એક્સપ્રેસ સહિતની ટ્રેનો કલાકો સુધી વિલંબિત પડી હતી અને અંતે નવસારી-દાદર વચ્ચે રદ કરવી પડી હતી.

મુસાફરોની મુશ્કેલી ઘટાડવા રેલવે પ્રશાસન તેમજ અમદાવાદ સ્થિત કવીઓ અચલ્લગચ્છ જૈન સંઘ જેવી સામાજિક સંસ્થાઓ દ્વારા અટવાયેલા પ્રવાસીઓ માટે રહેવા, જમવા અને ચા-નાસ્તાની સરાહનીય વ્યવસ્થા કરવામાં આવી હતી.

બીજી તરફ, ભચાઉ-સામખિયાળી વચ્ચે ફોર-લાઈન કનેક્ટિવિટી અને ઓટોમેટિક સિગ્નલિંગ માટે 'નોન-ઈન્ટરલોકિંગ' કામગીરી હાથ ધરાતાં આગામી તા. ૪ ઓગસ્ટ સુધી કચ્છથી ઉપડતી તેમજ દેશના અન્ય વિસ્તારોને જોડતી કુલ ૩૨ જેટલી ટ્રેનો સંપૂર્ણ તથા આંશિક રીતે રદ કરવામાં આવી છે. આ બેવડી પરિસ્થિતિના કારણે આગામી દિવસોમાં કચ્છનો રેલવે વ્યવહાર મોટાપાયે પ્રભાવિત રહેશે.

# સોશ્યલ મીડિયા પર છરી સાથે રીલ બનાવી ભય ફેલાવનાર યુવકની રાપર પોલીસે કરી અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સોશિયલ મીડિયાના માધ્યમથી હથિયારો પ્રદર્શિત કરી જાહેરજનતામાં ભય ઊભો કરતા તત્વો સામે પૂર્વ કચ્છ પોલીસે લાલ આંખ કરી છે. ઇન્સ્ટાગ્રામ પર છરી સાથેનો વીડિયો અપલોડ કરી દાદાગીરી બતાવવી સીમાવર્તી રાપર વિસ્તારના એક યુવકને ભારે પડી ગઈ છે. હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી વીડિયો વાયરલ કરનાર આ યુવકને રાપર પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બોર્ડર રેન્જ ભુજના પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા, પૂર્વ કચ્છ ગાંધીધામના પોલીસ અધિક્ષક સાગર બાગમાર તથા ભચાઉ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડા દ્વારા સોશિયલ મીડિયા પર હથિયારોના પ્રદર્શન દ્વારા ભયનું વાતાવરણ ઊભું કરતા ઈસમો પર વોચ રાખી તેમની સામે સખત કાર્યવાહી કરવા ખાસ સૂચના આપવામાં આવી હતી. દરમિયાન, રાપર પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર જે.બી. આચાર્યના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો. તે વેળાએ ચોક્કસ ઇન્સ્ટાગ્રામ આઈડી પર એક યુવક ધારદાર છરી સાથે વીડિયો બનાવી પોસ્ટ કરતો હોવાની વિગતો સામે આવી હતી. આ વીડિયો જાહેરનામાનો ભંગ કરતો હોઈ, પોલીસે તાત્કાલિક તપાસ ચલાવી રાપરની દૂધડેરી પાસે રહેતા નરશી કોળી નામના યુવકને છરી સાથે ઝડપી પાડ્યો હતો. આરોપી વિરુદ્ધ હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધી રાપર પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. પોલીસની આ કાર્યવાહીથી સોશિયલ મીડિયા પર સ્ટેટસ અને રીલ્સ બનાવી ભય ફેલાવતા અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ■

## જામનગર તાલુકાના જગા ગામે ફૂડ પોઈઝનિંગથી ૪૬ ઘેટાં-બકરાંનાં મોત, વધુ સાત પશુઓ બીમાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર તાલુકાના જગા ગામમાં ફૂડ પોઈઝનિંગની ઘટનામાં મોટી સંખ્યામાં ઘેટાં અને બકરાંના મોત નીપજતાં માલધારી પરિવારમાં ચિંતા ફેલાઈ છે. ઘટનાની જાણ થતાં પશુરોગ સંશોધન એકમ-જામનગર અને પશુપાલન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી.

મળતી વિગતો મુજબ જગા ગામના નારણભાઈ લીંબાભાઈ ઠુંગાના ૨૧ ઘેટાં અને ૪ બકરાં મળી કુલ ૨૫ પશુઓના મોત થયા હતા. જ્યારે મચ્છાભાઈ નારણભાઈ ઠુંગાના ૧૮ ઘેટાં અને ૩ બકરાં મળી કુલ ૨૧ પશુઓના મોત થયા હતા. આમ બંને માલિકોના મળી કુલ ૪૬ પશુઓના મોત થયા હોવાનું સામે આવ્યું હતું.

આ ઉપરાંત હાલમાં નારણભાઈના ૨ ઘેટાં તેમજ મચ્છાભાઈના ૪ ઘેટાં અને ૧ બકરું મળી કુલ ૭ પશુઓ બીમાર



હાલતમાં હોવાનું જાણવા મળ્યું હતું. પશુરોગ સંશોધન એકમ-જામનગર તથા પશુપાલન વિભાગની ટીમે મૃત પશુઓનું પોસ્ટમોર્ટમ કરીને અને પશુઓની હિસ્ટ્રીના આધારે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પશુઓના મોત ફૂડ પોઈઝનિંગના કારણે થયા હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. વિભાગ દ્વારા બંને માલિકોના તમામ જીવિત પશુઓની સારવાર શરૂ કરવામાં આવી છે, તેમજ જરૂરી દવાઓ અને તકેદારીના પગલાં લેવામાં આવ્યા હોવાનું જામનગરના પશુચિકિત્સક ડો. તેજસ શુક્લ એ જણાવ્યું હતું. ■

# સુરેન્દ્રનગર જિલ્લાના બાબાજીપુરામાં વરસાદી પાણી ઘરોમાં ઘૂસ્યાં, બે મકાન ધરાશાયી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લખતર તાલુકાના બાબાજીપુરા ગામમાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે ગામમાં ઢીંચણ સમાણા વરસાદી પાણી ભરાઈ જતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. વરસાદી પાણી અનેક ઘરોમાં ઘૂસી જતાં પરિવારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ઘરોમાં પાણી ઘૂસી જવાથી ઘરવખરી અને અન્ય સામાનને પણ નુકસાન પહોંચ્યાની માહિતી સામે આવી છે.

ભારે વરસાદના પગલે ગામમાં બે મકાનો ધરાશાયી થતાં અરેરાટી ફેલાઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ મકાનો ધરાશાયી થતાં અસરગ્રસ્ત પરિવારોને નોંધપાત્ર આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

સ્થાનિક ગ્રામજનોએ જિલ્લા વહીવટી તંત્રને ગામમાં ભરાયેલા વરસાદી પાણીનો તાત્કાલિક નિકાલ કરવાની માંગ કરી છે. સાથે જ ધરાશાયી થયેલા મકાનોના પરિવારોને સરકાર તરફથી વહેલી તકે આર્થિક સહાય તેમજ જરૂરી રાહત ઉપલબ્ધ કરાવવા પણ રજૂઆત કરવામાં આવી છે.

ગામમાં વરસાદી પરિસ્થિતિને પગલે લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આગામી દિવસોમાં વધુ વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા જરૂરી આગોતરા પગલાં લેવામાં આવે તેવી પણ ગ્રામજનોએ માંગ ઉઠાવી છે. ■

## હેબતપુરમાં ભારે વરસાદ વચ્ચે તલાટી બન્યા દેવદૂત, ૪૨થી વધુ ગ્રામજનોનું સલામત રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટડી તાલુકાના હેબતપુર ગામમાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા હતા. આવી કટોકટીની સ્થિતિમાં હેબતપુરના ઈન્ચાર્જ તલાટી પી. કે. પરમારે તાત્કાલિક સ્થળ પર પહોંચી માનવતાભરી કામગીરી કરીને ૪૨થી વધુ ગ્રામજનોને સલામત સ્થળે ખસેડ્યા હતા.

મળતી માહિતી મુજબ, તલાટીએ વહેલી સવારથી જ રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી. પ્રથમ તબક્કામાં નીચાણવાળા વિસ્તારમાંથી ૧૨ લોકોને સુરક્ષિત આશ્રયસ્થાને પહોંચાડવામાં આવ્યા હતા. આ દરમિયાન એક સગર્ભા મહિલા અને એક દિવ્યાંગ મહિલાને વિશેષ કાળજી સાથે સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

ત્યારબાદ ગામના અન્ય વિસ્તારોમાંથી વધુ ૩૦થી વધુ લોકોને તેમના કિંમતી સામાન અને ઘરવખરી સાથે સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાવવામાં આવ્યા હતા. નોંધનીય બાબત એ રહી કે તલાટી પી. કે. પરમારે માત્ર દેખરેખ રાખવાને બદલે પોતે જ ગ્રામજનોનો સામાન ઉપાડીને મદદ કરી હતી, જેના કારણે તેમની ફરજનિષ્ઠા અને માનવતાની સૌએ પ્રશંસા કરી હતી.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, સમયસર કરવામાં આવેલી આ રાહત કામગીરીના કારણે મોટી જાનહાનિ ટળી હતી. હાલ હેબતપુર ગામમાં વહીવટી તંત્ર દ્વારા સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરિયાત મુજબ રાહત તથા બચાવની કામગીરી ચાલુ રાખવામાં આવી છે. ■

## જામનગર જિલ્લાના કાલાવડના બામણગામની નદીમાં કાર ફસાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં મેઘરાજાએ મન મૂકીને બેટિંગ કરતાં પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને પગલે બામણગામની નદીમાં અચાનક ઘોડાપુર આવ્યું હતું અને પાણીનો પ્રવાહ ઝડપભેર વધી જતાં નદીમાંથી પસાર થઈ રહેલી એક કાર પાણીના તીવ્ર પ્રવાહમાં ફસાઈ ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કારને પાણીના પ્રવાહમાં તણાઈ જતી અટકાવવા માટે તેને નજીકના થાંભલા સાથે મજબૂત દોરડા વડે બાંધી દેવામાં આવી હતી. જો કે સ્થાનિકોએ ટ્રેક્ટર સહિતના વાહનોનો ઉપયોગ કરીને ખેંચીને બહાર કાઢી હતી. સ્થાનિક લોકોની સતર્કતાને કારણે મોટી જાનહાનિ ટળી હતી. ■

# અમરેલી મેઘરાજાની બેટિંગઃ શેત્રુંજી સહિત નદીઓમાં ઘોડાપૂર, હાઈવે બંધ, અનેક ગામો બેટમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાત બાદ મેઘરાજાએ સૌરાષ્ટ્રમાં હેત વરસાવ્યું હતું. અમરેલી જિલ્લામાં ખાબકેલા મુશળધાર વરસાદને કારણે સમગ્ર પંથકમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. વડિયા, કુંકાવાવ અને બગસરા વિસ્તારમાં ભારે વરસાદ પડતાં જિલ્લાની જીવાદોરી સમાન શેત્રુંજી નદી સહિત સાતલડી અને નાવલી નદીઓમાં ભારે પૂર આવ્યું હતું. શેત્રુંજી નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં સાતલડી નદીના સંગમ સ્થાન ગાવડકા ગામ નજીક પાણીનો ધસમસતો પ્રવાહ જોવા મળ્યો હતો, જેના પગલે નદી કાંઠાના ગામડાઓને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી હતી. જોકે નદીમાં ઘોડાપુર આવતા લાંબા સમય બાદ પાણી જોવા મળતાં જિલ્લામાં લોકોમાં ખુશીનો માહોલ પણ જોવા મળ્યો અને મોટી સંખ્યામાં લોકો શેત્રુંજીના પાણી નિહાળવા ઉમટી પડ્યા હતા. પૂરના પાણી રસ્તાઓ અને ગામડાઓમાં ફરી વળતાં અમરેલી-બગસરા નેશનલ હાઈવે બંધ કરવો પડ્યો હોવાં સૂત્રોએ જણાવ્યું હતું, જેના કારણે બાબાપુર સહિતના અનેક ગામો બેટમાં ફેરવાઈ જતાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું હતું.

અમરેલીથી ચલાલા જતા માર્ગ પર આવેલા દેવરાજિયા, વાંકિયા અને જાળિયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ રસ્તાઓ પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો અને લોકો જીવના જોખમે પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા હતા. બીજી તરફ ધારી તાલુકાના ગોપાલગ્રામ, ચલાલા, ગરમલી, સરખા, કથીવદર અને કેનાલપરા સહિતના વિસ્તારોમાં પણ પાણી ભરાતાં નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર બન્યા હતા.

ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે શેત્રુંજી નદીમાં ભારે પૂર જેવી સ્થિતિ સર્જાતા, સાવરકુંડલા તાલુકાના જૂના સાવર અને ભૂવા ગામ વચ્ચે આવેલા સ્ટેટ હાઈવે પર પાણી ફરી વળ્યાં હતા.

જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ વરસાદે ભારે અસર દેખાડી છે. મોટા ઉજળા ખાતે ચોટકીયાળી અને લોકી નદી બે કાંઠે વહેતી થઈ છે, જ્યારે વડિયા પાસે આવેલી સાંકરોળી અને સુરવો નદી પણ બે કાંઠે વહેતી થઈ હતી. જેની અસર નદીકાંઠાના જૂનાગઢ અને રાજકોટ જિલ્લાના ગામડાઓ જેવા કે ચુડા, ઢોળવા, સાકરોળા તેમજ ચારણ સમઢિયાળા, ચારણિયા, ખજુરી ગુંદાળા સહિતના ગામોમાં જોવા મળી હતી. ■



વાંકાનેરના જાલી-દેરાળા અને રાજસ્થળી-લુણસર વચ્ચે કોઝવે પર પાણી વહેતા સાવચેતી માટે રસ્તો બંધ કરાયો

## સંસ્થા સમાચાર

### અસલાજી અગિયારીની શુભ સાલગ્રેહ

અસલાજી અગિયારીની શુભ ૧૭૭મી સાલગ્રેહ રોજ બેહરામ માહ અસ્પનદાદ, તારીખ ૩૦ જુલાઈ ૨૦૨૬, ગુરુવારના દિને પડે છે. સવારે ૭.૦૦ કલાકે માચી અર્પણ કરવામાં આવશે તથા જશનની પવિત્ર ક્રિયા સવારે ૯.૩૦ વાગે તથા સાંજના ૫.૦૦ વાગે કરવામાં આવશે. સર્વે હમદીનોને પધારવા વિનંતી કરવામાં આવે છે. - ટ્રસ્ટીઓ

## ઉરણના ગણેશ મૂર્તિકારોએ સરકાર પાસે સહાય માગી

ઉરણઃ ગણેશોત્સવ નજીક આવી રહ્યો છે ત્યારે ઉરણના પરંપરાગત ગણેશ મૂર્તિકારો વધતા ઉત્પાદન ખર્ચને કારણે મુશ્કેલીમાં મુકાયા છે. શાડુ માટીના ભાવમાં પ્રતિ યુનિટ આશરે ૧૫ રૂપિયાનો વધારો થયો છે, જ્યારે કુદરતી રંગો અને મજૂરીના ખર્ચમાં પણ વધારો થયો છે. ચિરણેર, કુંભારપાડા, જાસઈ સહિતના વિસ્તારોમાં કારીગરો શાડુ માટીની પર્યાવરણને અનુકૂળ ગણેશ મૂર્તિઓ બનાવવામાં વ્યસ્ત છે. આ મૂર્તિઓ ઉરણ ઉપરાંત પનવેલ, નવી મુંબઈ અને મુંબઈમાં પણ પહોંચાડવામાં આવે છે.

## ખાદ્ય સુરક્ષા નિયમોના ભંગ બદલ નાંદેડમાં ત્રણ એકમોના લાઇસન્સ સસ્પેન્ડ, ૧૩ લાખનું તેલ જપ્ત

નાંદેડ : મહારાષ્ટ્રના ફૂડ ઍન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ ખાદ્ય સુરક્ષા નિયમોના ગંભીર ઉલ્લંઘન બદલ નાંદેડ જિલ્લામાં ત્રણ એકમોના લાઇસન્સ સસ્પેન્ડ કર્યા છે. આ ઉપરાંત, નાંદેડ MIDC વિસ્તારમાં આવેલી વિવિધ ઉત્પાદન એકમોમાંથી અંદાજે રૂ. ૧૩ લાખની કિંમતનું રિફાઈન્ડ સોયાબીન તેલ પણ જપ્ત કરવામાં આવ્યું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.FDA દ્વારા ખાદ્ય સુરક્ષા નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત જિલ્લામાં વિવિધ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન રેસ્ટૉરાં, ફેક્ટરીઓ સહિત વિવિધ ખાદ્ય વ્યવસાયિક એકમોની તપાસ કરવામાં આવી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ખાદ્ય સુરક્ષા સંબંધિત ગંભીર નિયમોના ભંગ બદલ બે રેસ્ટૉરાંના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જ્યારે એક તાડીની દુકાનના સંચાલક દ્વારા માલની ખરીદીના બિલ અથવા ટ્રાન્સપોર્ટ પાસ રજૂ કરવામાં નિષ્ફળતા બાદ ત્યાંનો સ્ટોક જપ્ત કરીને નષ્ટ કરવામાં આવ્યો હતો.

FDA ની કાર્યવાહી દરમિયાન નાંદેડના MIDC વિસ્તારમાં આવેલી વિવિધ ફેક્ટરીઓમાંથી મોટી માત્રામાં રિફાઈન્ડ સોયાબીન તેલ પણ જપ્ત કરવામાં આવ્યું હતું.

આઠમાં પાનાનું ચાલુ

### સચિન આહિરના

દાખલ કરવામાં આવ્યા બાદ કેસની તપાસ ક્રાઇમ બ્રાન્ચો સોંપવામાં આવી હતી. ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૩ના અધિકારીઓએ આ પ્રકરણે તપાસ કર્યા બાદ નોકર પ્રવીણ સોલંકીની ધરપકડ કરી હતી.ક્રાઇમ બ્રાન્ચને મુંબઈના એક ઝવેરી પાસેથી અમુક સોનું મળી આવ્યું હતું, જે પ્રવીણે તેને વેચ્યું હોવાનો આરોપ છે. પ્રવીણે પૂછપરછમાં કથિત રીતે ચોરેલી કીમતી વસ્તુઓ વેચવાની અને તેના સહયોગીને રૂપિયા વહેંચ્યા હોવાની કબૂલાત કરી હતી.

### જળાશયોમાં

ચોમાસામાં છલકાઈ ગયાં છે. જળાશયના સ્તરમાં વધારો થયો હોવા છતાં પાલિકા ૧૫ મેથી લાદવામાં આવેલો ૧૦ ટકા પાણી કાપ પાછો ખેંચે તેવી શક્યતા નથી. પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે ઓગસ્ટ અને સપ્ટેમ્બર દરમિયાન વરસાદ અલ નિનોની અસર હેઠળ નબળું રહેવાની શકયતા છે, તેથી વરસાદ ઓછો પડવાના સંજોગોમાં જળાશયના સ્તર અપેક્ષા મુજબ વધી શકે નહીં, તેથી આ નિર્ણય સાવધાનીપૂર્વક લેવામાં આવ્યો છે. જૂનમાં એક તબક્કે તમામ જળાશયોમાં પાણીનો જથ્થો ૧૦ ટકાથી નીચે આવી ગયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ પાણી કાપ ઉઠાવવાનો નિર્ણય લેતા પહેલા વરસાદ અને જળાશયના પ્રવાહ પર નજર રાખશે.

### મુંબઈમાં ઠાકરે

અપીલ કરી હતી. કૉંગ્રેસની સંભવિત ભાગીદારીથી મોરચામાં ઉદ્ધવ ઠાકરે, રાજ ઠાકરે ઉપરાંત કૉંગ્રેસ અને શરદ પવાર જૂથના નેતાઓ પણ એક મંચ પર જોવા મળી શકે તેવી શક્યતા છે.દરમિયાન, મોર્ચાની વ્યવસ્થા અને વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને યુવા સેના પણ સક્રિય થઈ છે. આદિત્ય ઠાકરેએ યુવા સેનાના પદાધિકારીઓ સાથે ઓનલાઈન બેઠક યોજી મોર્ચામાં જોડાનારા વિદ્યાર્થીઓ અને યુવાનોની કાળજી રાખવા તથા કોઈ અનિચ્છનીય કાર્યવાહી ન થાય તેની તકેદારી રાખવા સૂચના આપી હતી.બીજી તરફ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઠાકરે બંધુઓના મોરચા પર પ્રહાર કરતાં ઉદ્ધવ ઠાકરેના મુખ્ય પ્રધાનપદના કાર્યકાળ દરમિયાન થયેલા ટીઈટી કૌભાંડનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એવો આરોપ લગાવ્યો હતો કે તે સમયે મોટાપાયે ગેરરીતિ થઈ હતી અને સરકારને કૌભાંડની જાણ થતાં પરીક્ષા પહેલાં જ સંડોવાયેલા લોકોને પકડી લેવામાં આવ્યા હતા.

### તમારા હાથમાં

બંદૂકો લઈને આવો, અમે તમારી સામે તિરંગો લઈને આવીશું. ચાલો જોઈએ કે તિરંગો જીતે છે કે તમારી તાનાશાહી. દિલ્હીમાં જે રીતે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરવામાં આવ્યો અને ટીયર ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો એ જોયા પછી મારે સરકારને એટલું જ કહેવું છે કે તમારા હાથમાં બંદૂકો છે, ડંડા છે, પરંતુ અમારા હાથમાં તિરંગો છે.'

દરમિયાન, આ આંદોલનને વિદ્યાર્થીઓ તરફથી જોરદાર પ્રતિસાદ મળી રહ્યો. આ તિરંગા મોરચા માટે મોટી ભીડ એકઠી થઈ હતી. ઉદ્ધવ ઠાકરેની સાથે વિધાન સભ્ય આદિત્ય ઠાકરે, મનસે નેતા અમિત ઠાકરે, શિવસેના સાંસદ સભ્ય સંજય રાઉત, શર્મિલા ઠાકરે પણ હાજર રહ્યા હતા.

તુષાર ગાંધી પણ મોરચામાં જોડાયા હતા. આદિત્ય ઠાકરેએ કહ્યું કે '૨૬ જુલાઈએ આવી જ રીતે તિરંગા મોરચો નીકળશે અને છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાથી શરૂ થઈ સિદ્ધિવિનાયક પહોંચશે.

મોરચામાં કોઈ રાજકીય ભાષણો નહીં હોય, કોઈ રાજકીય બેનરો નહીં હોય. અમે ફક્ત દેશભક્તિ માટે તિરંગા લઈને નીકળવાના છીએ.'

### મુંબઈમાં પોલીસે

કર્યો હતો, તેમણે ક્લિપમાં દેખાતા પોલીસકર્મી સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી.

ગાયકવાડની પોસ્ટનો જવાબ આપતા ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ઓપરેશન્સ) અકબર પઠાણે કહ્યું કે વીડિયોનો 'બેજવાબદારીપૂર્વક ખોટો અર્થ કાઢવામાં' આવી રહ્યો છે.

શહેર પોલીસે 'એક્સ' પર જણાવ્યું હતું કે, ઉપરોક્ત અધિકારી એક પુરુષ પ્રદર્શનકારીને પકડીને બીજી દિશામાં જોઈ રહ્યા હતા, ત્યારે એક મહિલા પ્રદર્શનકારી અજાણતામાં વચ્ચે આવી ગઈ હતી. વરિષ્ઠ અધિકારીઓએ તથ્યોની ચકાસણી કરી હતી અને વીડિયોનું બારીકાઈથી મૂલ્યાંકન કર્યું હતું, અને કૉંગ્રેસ નેતાને ક્લિપના આધારે નિષ્કર્ષ કાઢતા પહેલા તથ્યોની ચકાસણી કરવા વિનંતી કરી હતી, એમ પોસ્ટમાં જણાવાયું છે.

આક્ષેપોના સંદર્ભમાં અત્યાર સુધી કોઈ કેસ નોંધવામાં આવ્યો નથી.

### બાન્દ્રામાં

ઓલવાઈ ગયા પછી વિગતવાર તપાસ પછી આગ લાગવાનું કારણ નક્કી જાણી શકાશે એવું ફાયરબ્રિગ્રેડના અધિકારીએ જણાવ્યું હતું.

આ ઘટનામાં કોઈ ઈજા કે જાનહાનિ નોંધાઈ નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઇમારતને સમયસર ખાલી કરાવવાથી મોટી દુર્ઘટના ટાળવામાં મદદ મળી હતી. મોડે સુધી બિલ્ડિંગમાં કૂલિંગ કામગીરી ચાલી હતી.

પ્રકાશગઢ મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રીબ્યુશન કંપની લિમિટેડનું મુખ્યાલય છે. રાજ્યના પાવર સેક્ટર રેગ્યુલેટરના મુખ્ય મથક તરીકે સેવા આપે છે અને તેમાં અનેક વહીવટી કચેરીઓ આવેલી છે. આ ઘટનાથી કર્મચારીઓને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હોવાથી સત્તાવાર કાર્યમાં અસ્થાયી રૂપે વિક્ષેપ પડ્યો હતો.

### બે દિવસમાં

આસપાસ પૂર્ણ થઈ હતી. ભારે વરસાદને કારણે પાલઘરના ઘણા વિસ્તારો પાણીમાં ડૂબી ગયા હતા, જેમાં દહાણુ અને તલાસરી સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં સામેલ છે.

જિલ્લા કલેકટર અને ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ચેરપર્સન ડૉ. ઈંદુ રાણી જાખરે જણાવ્યું હતું કે સાવચેતીનાં પગલાં તરીકે દહાણુ, તલાસરી અને પાલઘર તાલુકના ૨૮૪ પરિવારના ૧,૧૫૫ લોકોને રાહત આશ્રયસ્થાન અને તેમના સંબંધીઓને ઘરે ખસેડવામાં આવ્યા હતા, જેમાં ખોરાક, પીવાના પાણી અને તબીબી સંભાળની વ્યવસ્થા કરવામાં આવી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે રાતોરાત કામગીરીમાં જિલ્લાભરમાં વિવિધ પાણી ભરાયેલાં સ્થળેથી ૨૪૪ને બચાવવામાં આવ્યા હતા. તેમાં પાલઘર શહેરના ૧૨૪, તલાસરીમાં એક ફેક્ટરીમાં ફસાયેલાં ૬૫ કામદારો અને ગુંડાલેમાં એક ફાર્મહાઉસમાં ફસાયેલાં પચ્ચીસ લોકોનો સમાવેશ થાય છે. સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં દહાણુ અને તલાસરી સાથે અનેક વિસ્તારો શુક્રવારે પણ પાણીમાં ડૂબેલા હતા.

પાલઘર તાલુકામાં કિરાત, ચાહડે, નાગઝારી, કોકનેર, ગુંડાલે અને ચિંચારા ગામ, વડાવલી-સાવને, વાસા, ગીરગાંવ, ઘીમાનીયા, કોચાઈ, સુત્રાકર, અને તલાસરીમાં ઉધવા અને માલ્યાણ, દહાણુ, બોરડી, ચીખલે, સરાવલી, કોલવતી, ચિંચચાણી, સવતા, સાયે અને દહુણના ઉર્સેમાં અનેક લોકો અસરગ્રસ્ત થયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ત્રણ મોત દહાણુ તાલુકામાં નોંધાયા છે. અગવાન ગામનો રહેવાસી જગદીશ વાસણ માછી (૩૯) અને અંબેવાડી (લખાતપાડા)ના રહેવાસી રૂપેશ પાંડુરંગ ધડગા (૩૦) અને એક અજાણ્યા માણસ પૂરના પાણીમાં ડૂબી ગયા હતા.

જીલ્લામાં લગભગ ૩૦ કિ.મી.ના રસ્તાઓ, ૨૪ ક્રોસ-ડ્રેનેજ સ્ટ્રક્ચર્સ/કોઝવે અને છ પુલને નુકસાન થયું હતું, જેનો સમારકામ ખર્ચ અંદાજિત ૧૩.૫૫ કરોડ રૂપિયા છે.

નેશનલ હાઈવે ૪૮ ના તલાસરી-અમદાવાદ પટ્ટા પર તેમજ રાજ્યના હાઈવે પર કલ્વર્ટ ધોવાઈ જવા, ઝાડ પડવાં, લેન્ડસ્લાઈડ અને પાણી ભરાઈ જવાને કારણે વાહનવ્યવહાર અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવ્યો હતો.

જાહેર બાંધકામ વિભાગ અને અન્ય ઓથોરીટી દ્વારા પાલઘર-મનોર, ચાહડે, કોકનેર, સારાવલી, સવતા, ઝઈ-બોર્ડી-રેફ્રી, તલાસરી-ઉધવા અને પરનાલી-કોલગાંવ સહિતના મુખ્ય માર્ગ પર ટ્રાફિક પુનઃસ્થાપિત કર્યા છે.

અધિકારીએ જણાવ્યું હતું કે ગુરુવારે ઈમરજન્સી રિસ્પોન્સ ટીમે પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૮૯૧ લોકોને બચાવ્યા હતા. રિલીફ ટીમના એક અધિકારીએ આ પૂરને છેલ્લા દાયકામાં જિલ્લામાં સૌથી ભયાનક પૂર ગણાવ્યું હતું. ગુરુવારે વસઈ પશ્ચિમમાં સન સિટી-ઘાસ રોડ પર ડ્રાઇવરે રખડતા કૂતરાથી બચવા માટે વાહનને એક તરફ કરવા જતા તેમની કાર પાણી ભરાયેલા ખાઈમાં પડી ગઈ હતી. સ્થાનિક લોકોએ આંશિક રીતે ડૂબી ગયેલી કારમાંથી ચારેય મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.

સૈવનમાં વધતા પૂરના પાણીમાં ફસાયેલી મહારાષ્ટ્ર સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં ચાર મુસાફર સહિત છ લોકો ફસાયા હતા. સ્થાનિક રહેવાસીઓ ફરીથી મદદ માટે આગળ આવ્યા અને તેમને દોરડા વડે સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. પૂરનાં પાણી ઓસરતાં અસરગ્રસ્ત રસ્તાઓ અને પુલો પર વાહનવ્યવહાર ફરી શરૂ થયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે રહેવાસીઓને થયેલા નાણાકીય અને મિલકતના નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે પંચનામા (સ્થળ નિરીક્ષણ) કરવાને તેમણે પ્રાથમિકતા આપી છે. (પીટીઆઈ)

### પોલીસે આંદોલનકારીને

પોલીસ કર્મચારી સામે પગલાં લેવાની માગણી કરી હતી.

એક્સ પર પોસ્ટમાં મુંબઈ પોલીસે આરોપ નકારી કાઢીને જણાવ્યું હતું કે અમારા કર્મચારી વિશે અત્યંત બેજવાબદાર અને ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે.

એ પોલીસ કર્મચારી પુરુષ આંદોલનકારીને પકડે છે અને અન્ય દિશામાં જુએ છે. એ સમયે મહિલા આંદોલનકારી અચાનક વચ્ચે આવે છે, એમ પોલીસે જણાવ્યું હતું.

પ્રતિષ્ઠિત નાગરિક તરીકે તમારે વીડિયોને આધારે કોઇ પણ તારણ કાઢવા પૂર્વે વાસ્તવિકતાની ખરાઇ કરવાની અપેક્ષા છે. વરિષ્ઠ અધિકારીઓએ તમામ હકીકતની ખરાઇ કરી છે, એમ પોલીસે વધુમાં કહ્યું હતું.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ઑપરેશન્સ) અકબર પઠાણે કહ્યું હતું કે વીડિયોનું બેજવાબદારીપૂર્વક ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે. સંબંધિત પોલીસે પુરુષ આંદોલનકારીને પકડી રાખ્યો હતો અને અન્ય દિશામાં જોતો હતો ત્યારે અચાનક ત્યાં મહિલા આંદોલનકારી વચ્ચે આવી ગઇ હતી.

વરિષ્ઠ અધિકારીઓએ સર્વ હકીકતની ખરાઇ કરી છે અને વીડિયોનું બારીકાઇથી આકલન કરતાં હકીકત અલગ હોવાનું જણાયું છે.આ સંબંધમાં કોઇ ગુનો દાખલ કરાયો નથી. (પીટીઆઇ)

### પવના ડેમ

સમગ્ર વર્ષ દરમિયાન તોળાઈ રહેલું પાણીનું સંકટ ટળી ગયું છે.

ડેમ વિસ્તારમાં પહેલી જુલાઈથી જ વરસાદ શરૂ થયો હતો. વચ્ચે થોડા દિવસો માટે વિરામ લીધા બાદ રવિવારથી મેઘરાજાએ પુનઃ ધમાકેદાર બેટિંગ શરૂ કરતાં ડેમના જળસ્તરમાં ઝડપી વધારો નોંધાયો છે હવે નાગરિકો પર તોળાઈ રહેલું પાણીકાપનું સંકટ ઓછા-વધતાં પ્રમાણમાં રાહત તો ચોક્કસ મળી ગઈ છે.

**ડેમ ઓવરફ્લો થવા છતાં કેમ નહીં મળે રોજિંદો પાણી પુરવઠો?:** પવના ડેમ સંપૂર્ણ ભરાઈ જવાથી વર્ષભર પાણીની અછતનો ડર દૂર થયો છે, છતાં નાગરિકોને હાલ પૂરતો દરરોજ પાણી પુરવઠો મળશે નહીં અને પાણીનું વિતરણ અનિયમિત જ રહેશે. પિંપરી-ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટીતંત્રે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે જ્યાં સુધી 'ભામા-આસખેડ પાણી પુરવઠા યોજના' નું કામ સંપૂર્ણપણે પૂરું નહીં થાય, ત્યાં સુધી શહેરમાં દૈનિક પાણી પુરવઠો પુનઃ શરૂ કરી શકાશે નહીં. પરિણામે રહેવાસીઓએ રોજિંદા પાણી પુરવઠા માટે હજુ થોડી રાહ જોવી પડશે.

**શહેરમાં પાણી પુરવઠાની વ્યવસ્થા અને કાપનું કારણઃ** પવના ડેમમાંથી માત્ર પિંપરી-ચિંચવડ શહેર જ નહીં, પરંતુ એમઆઈડીસી વિસ્તારો, કેટલીક નગરપાલિકાઓ અને માવળ તાલુકાના ગ્રામીણ વિસ્તારોને પણ પાણી પહોંચાડવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન રાવેત ખાતે પવના નદી પર બાંધવામાં આવેલા બેરેજમાંથી પાણી મેળવે છે. આ પાણીને નિગડી સ્થિત જળ શુદ્ધીકરણ કેન્દ્રમાં શુદ્ધ કરીને સમગ્ર શહેરમાં વિતરિત કરવામાં આવે છે.

**જૂન મહિનાથી લાગુ કરાયો હતો પાણીકાપઃ** આ વર્ષે ચોમાસા પહેલાં ડેમમાં પાણીનો સંગ્રહ ઘટીને માત્ર ૧૬ ટકા થઈ ગયો હતો. પરિણામે, જળ સંસાધન વિભાગે ૧૯મી જૂનથી પાણીના પુરવઠામાં ૧૫ ટકાનો કાપ લાગુ કર્યો હતો. તંત્રે પાણી વિતરણનો સમયગાળો એકથી દોઢ કલાક જેટલો ઘટાડી દીધો હતો, જેના કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણીનો પુરવઠો ખોરવાયો હતો. હવે ડેમ ભરાઈ જવાથી પાણીનું સંકટ દૂર થયું છે, પરંતુ દૈનિક વિતરણ વ્યવસ્થા ભામા-આસખેડ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ જ પૂર્વવત થશે.

## હિન્દુ મરણ

**ઘોઘારી લોહાણા**

ગારિયાધાર નિવાસી હાલ મલાડ સાગર નવનીતભાઇ જીવરાજાણી (ઉં. વ. ૫૧) તા. ૨૩-૭-૨૬ના ગુરુવારના શ્રીજીશરણ પામ્યા છે. તે આશાબેન નવનીતભાઇના સુપુત્ર. પ્રીતિના પતિ. ચાંદની, મહેકના પિતાશ્રી. ગં. સ્વ. ઉષાબેન મહેન્દ્રભાઇ ઠક્કરના જમાઇ. હર્ષિલ, લાજુ, આયુષ, મિહીર, ઉર્વીના મોટાભાઇ પ્રવિણા વસંતભાઇના ભત્રીજા. દિપ્તી, ભાવેનભાઇના બનેવી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૭-૨૬ શનિવારના ૪થી ૬. ઠે. પાવનધામ સત્યાનગર (મહાવીર નગર), બી.સી.સી. આઇ. ગ્રાઉન્ડ પાસે, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઇ ભાટિયા**

કૃષ્ણરાજ ધરમસિંહ મરચન્ટ (ઉં. વ. ૮૬) તે સ્વ. રેણુકાબેનના પતિ. તે સ્વ. ધરમસિંહ રામદાસના પુત્ર. સ્વ. માધવદાસ હરજીવન સંપટના જમાઇ. સ્વ. રણજીતસિંહ, સ્વ. નરેન્દ્ર, સ્વ. ચંદ્રસિંહ, સ્વ. સુરેશ, ગં. સ્વ. રજનીબેન બ્રીજદાસના ભાઇ. તે વિનય, અ. સૌ. ધર્યદા-સમીર, અ. સૌ. અર્ચના-આનંદ, અ. સૌ. અનિતા-નિપમના પિતા. ચિ. કુશલના દાદા. બુધવાર તા. ૨૨-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

**જુઠાણી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મુળ માળીયા હાટીના વેરાવળ નિવાસી હાલ મુંબઇ કલાવતી લલિતચંદ્ર જગજીવનદાસ જુઠાણી (ઉં. વ. ૯૦) તે રાજેશ્રી, દેવેન અને નિર્મલના માતુશ્રી. પરિમલ બચુભાઇ, વૈશાલી પરિલમ પારેખ, દીપા પ્રતાપભાઇ મહેતાના સાસુ. શ્વસુર પક્ષે સ્વ. ગોપાલભાઇ, સ્વ. જયંતીભાઇ, સ્વ. ચંદ્રકાન્ત, વિનયકાન્ત, સ્વ. મુકુંદકુમાર, સ્વ. પ્રફુલચંદ્ર, પ્રેમલતા જયેશકુમાર દાણીના ભાભી. પિયરપક્ષે દીવ નિવાસી સ્વ. નર્મદાબેન પ્રાણલાલ કલ્યાણચંદ શેઠના સુપુત્રી. સ્વ. પદમાબેન-ધીરજલાલ, દમયંતીબેન-નરેનભાઇ, ભદ્રાબેન-હસમુખભાઇ, પ્રતિભાબેન, સ્વ. પ્રવીણભાઇના બેન. ગુરુવાર તા. ૨૩-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. સાદડી રવિવાર તા. ૨૬-૭-૨૬ નિવાસ સ્થાને. ઠે. ૧૭૦૫, બી વિંગ, દોસ્તી એલિટ, સાયન-ઇસ્ટ, સવારના ૯થી ૧૨ અને બપોરે ૪થી ૭.

**કચ્છ વાગડ લોહાણા**

ગામ વાઢીયા હાલ ઘાટકોપર સ્વ. બળવંતલાલના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં. વ. ૬૭) તા. ૨૨-૭-૨૬નાં શ્રીજીચરણ પામેલ છે. તે રોહિત, રાહુલ, નિકિતાના માતુશ્રી. સ્વ. રંભાબેન કુંવરજી દક્ષિણીના પુત્રવધૂ. સ્વ. માણીબેન લક્ષ્મીચંદ શિવજીભાઇ ઘાટાનાં પુત્રી. ભોગીલાલ, અમરસીભાઇ, મોહનલાલ, ડાહ્યાલાલ તથા મુક્તાબેન સુરેશભાઇ નાથાણીનાં બહેન. મુરજીભાઇના નાનાભાઇના પત્ની. ગિરધરલાલ, ખીમજીભાઇ તથા મંજુલાબેન કનૈયાલાલ કાથરાણીનાં ભાભી. પ્રાર્થનાસભા તા. ૨૫-૭-૨૬ શનિવારે સાંજે ૪થી ૬. ઠે. સ્વામી નારાયણ મંદિર, ૯૦ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**શ્રીમાળી સોની**

મૂળ વતન જોરાવરનગર હાલ મલાડ વિનોદચંદ્ર શાંતિલાલ આદેશરા (ઉં. વ. ૮૭) ડો. શાંતિલાલ નાગરદાસન પુત્ર. તે રશ્મીબેનના પતિ. અન્વેશ-આસીતના પિતા. પ્રિતીબેન-સોનલબેનના સસરા. અંકિતા-અક્ષીલ પ્રિયાંશના દાદા. અનુજાના વડસસરા. તા. ૨૪-૭-૨૬ના શુક્રવારના દિને શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૭-૨૬ સોમવારના એમના નિવાસસ્થાને. ઠે. બી -૨૦૪ ભૂમી સેબેસીયા, એસ-પી એન્કલેવ, માર્વે રોડ, મલાડ (વેસ્ટ), સાંજે ૫થી ૭.

**દશા શ્રીમાળી વણિક જ્ઞાતિ**

મૂળ ગામ આતરસુંબા હાલ બોરીવલી, વાસંતીબેન તથા ચંદુલાલ રતનલાલ શાહના પુત્રવધૂ. સરજુભાઈ ચંદુલાલ શાહના ધર્મપત્ની રેખાબેન (ઉં.વ. ૫૬) ગુરુવાર, તા. ૨૩/૭/૨૬ના અક્ષરધામ થયા છે. તે સ્વ. નિર્મળાબેન તથા અરવિંદભાઈ પાનાચંદ શાહના દીકરી. હર્ષ તથા વૈભવી કરણ સાગલાણીના માતુશ્રી. મુકેશભાઈ, જયેશભાઈ, નયનભાઈ, શોભનાબેન પરિમલ મહેતા તથા સ્વ. જયમીનભાઇના ભાભી. કૌશલભાઈ તથા મેહુલભાઈના બહેન. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૫/૭/૨૬ના સાંજે ૪ થી ૬. સ્થળઃ સ્વામીનારાયણ મંદિર, યોગીનગર, અજમેરા ગ્લોબલ સ્કૂલની સામે, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા સોરઠીયા વણિક**

નરેન્દ્ર હરિદાસ શાહ (ઉં.વ. ૮૧) મૂળ વતન કણજા હાલ વસઈ, સોમવાર, ૨૦/૭/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. હરિદાસ રામજીભાઈ શાહ તથા જમુનાબેનના સુપુત્ર. પ્રવીણાબેનના પતિ. સ્વ. દ્વારકાદાસ નરોત્તમદાસના શાહના જમાઈ. નેહલ-રેશ્મા તથા પલ્લવી જયેશ ગાંધીના પિતાશ્રી. સ્વ. ગોકુલદાસભાઈ, પુષ્પાબેન તથા દિનેશભાઈના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગોમતીવાડ બ્રાહ્મણ**

ખેડબ્રહ્મા નિવાસી હાલ ગોરેગામ, સ્વ. અમૃતલાલ જોષી અને સ્વ. ચકુબેન જોષીના સુપુત્ર ડૉ. ભુપેન્દ્રભાઈ (ઉં.વ. ૮૪) ૧૯/૭/૨૬ના શ્રીરામશરણ પામેલ છે. તે ગં.સ્વ. ધર્મિષ્ઠાબેનના પતિ. સ્વ. જ્યોતિન્દ્રભાઈ, નલીનભાઇ, સુમનબેન પંકજભાઈ ત્રિવેદીના ભાઈ. નીપા નિશિતકુમાર ઓઝા અને સ્વ. ડૉ. કૈશલના પિતા. સ્વ. નાથીબેન તથા સ્વ. સદાશિવ નાનાલાલ જાનીના જમાઈ. બંનેપક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬/૭/૨૬ના રવિવાર રોજ સવારે ૧૦ થી ૧૨. સ્થળ : સરદાર વલ્લભભાઈ પટેલ હોલ, સીટી સેન્ટર મોલની સામે, એસ. વી. રોડ, જવાહરનગર, ગોરેગામ વેસ્ટ.

**કપોળ**

દોલતીવાળા હાલ કાંદિવલી, સ્વ. વસુમતિ દુર્લભદાસ ભાણજી કીકાણીના પુત્ર રમેશભાઈ (ઉં.વ. ૭૦) તે મૃદુલાના પતિ. નિકુંજ, ભૂમિકા તથા નિધિ હર્ષિલ મહેતાના પિતાશ્રી. જયસુખ, સ્વ. શરદ, નિલેશ, પ્રવીણાબેન મહેશ ચિતલિયા, હંસાબેન રમેશ પારેખ, કિરણબેન વિનોદ દેસાઈ, સ્વ. લતાબેન નિલેશ મહેતા, વર્ષા રાજેશ મહેતાના મોટાભાઈ. સાવરકુંડલાવાળા સ્વ. ઓધવજી ગોપાલજી મહેતાના ભાણેજ. જાફરાબાદવાળા સ્વ. અમૃતલાલ કલ્યાણજી મહેતાના જમાઈ. તા. ૨૨/૦૭/૨૬ને બુધવારે શ્રીજીચરણ પામ્યા છે, સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬/૦૭/૨૬, રવિવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦. પાવન ધામ, મહાવીરનગર, એમ.સી.એ. ગ્રાઉંડ સામે કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

નલીનભાઈ જગમોહનદાસ સંઘવી (ઉં.વ. ૮૯) જેઓ શ્રીમતી ગીતાબેનના પતિ. વિશાખા, રાજેનના પિતા. પરેશભાઈ તથા ફૂલવાના સસરા. સ્વ. નવલભાઈ, સ્વ. વિજયભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, અતુલભાઈ, વીણાબેન નીતિનભાઈ મહેતા, અરુણાબેન હેમંતભાઈ મહેતા, સુજાતાબેન રાજેનભાઈ વોરાના ભાઈ. સ્વ. પ્રાણજીવનદાસ ભગવાનદાસ મહેતાના જમાઈ. તા. ૧૯-૭-૨૬ના ભાવનગર મુકામે શ્રીજીચરણ પામ્યા છે. એમની શ્રદ્ધાંજલી સભા તા. ૨૬-૭-૨૬, રવિવારના સાંજના ૫ થી ૭. શ્રી રવજી જીવરાજ ચંગડાઈવાળા હોલ, (આરજેસી બેન્કવેટ), એસએનડીટી કોલેજ, ૩૩૮ આર એ કિડવાઈ માર્ગ, માટુંગા (ઈ.).

**સામવેદી શ્રીમાળી બ્રાહ્મણ**

નંદુરબાર નિવાસી, ગં.સ્વ. ગોકળબેન શિવકુમાર ઓઝા અને સ્વ. શિવકુમાર ઓઝાના સુપુત્રી તથા કચ્છના સ્વ. મુક્તાબેન જસવંતરાય ઓઝાના પુત્રવધૂ, શ્રીમતી લતાબેન પ્રણવકુમાર ઓઝા (ઉં.વ. ૭૪) રહેઠાણ બોરીવલી પૂર્વ ગુરુવાર, ૨૩મી જુલાઈ ૨૦૨૬ના અવસાન થયેલ છે. તે કૌશલ તથા અવનિના માતાજી. દિપકભાઈ, રાજેશ અને દિનેશના બહેન. અ.સૌ. હીનાબેનના, અ.સૌ. ઈલાક્ષીબેનના, અ.સૌ. કામિનીબેનના નણંદ. નીરવકુમારના સાસુજી. ક્રિયાવિધી નંદુરબાર /ચાણોદ ખાતે રાખવામાં આવ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાનીમા વણિક**

બાલાસિનોર નિવાસી, હાલ કાંદિવલી પૂર્વ, ભગીરથ ઓચ્છવલાલ શાહ, ઇટાડીવાળા તા. ૨૨-૭-૨૬, બુધવારના શ્રીહરિશરણ પામ્યા છે. તે સ્વ. ઓચ્છવલાલ મુળજીભાઈ શાહના સુપુત્ર. રેખાબેનના પતિ. નિમેશ, રાકેશ, રવિના પિતાશ્રી. કેની અને દિમીના સસરાશ્રી. વત્સલ, શાશ્વત અને ભામતીના દાદાશ્રી. સ્વ. ચંદુલાલ ચુનીલાલ ક્લાર્કના જમાઈ. પ્રાર્થનાસભા તા. રવિવાર, ૨૬-૭-૨૬ના સાંજે ૫:૦૦ થી ૭:૦૦. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ હોલ, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી પશ્ચિમ.

**કચ્છી લોહાણા**

કચ્છ-બરંધાના, સ્વ. હરિરામ કરમશી રૂપારેલનાં પત્ની કમળાબેન (ઉં.વ. ૭૭) શુક્રવાર, ૨૪-૭-૨૬ના રામશરણ પામ્યા છે. તે સ્વ. રાજુભાઈ રીટાબેન રાકેશભાઈ ભગદે, પ્રિતીબેન મહેશભાઈ અડવાના માતા. ધર્મિષ્ઠાબેનના સાસુ. કેવલના દાદી. જીનલના દાદીસાસુ. ગૌરાષના દાદીમા. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૫મીએ શનિવારે સાંજે ૫ થી ૭. ઠે.: કચ્છી લોહાણા મહાજન વાડી પવાણી હૉલ, રામરતન ત્રિવેદી રોડ, મુલુંડ (પ.). લૌ. વ્ય. બંધ છે.

### વીકએન્ડમાં

વરસાદના ઝાપટાં પડી ગયા છે. શુક્રવારે સવારે ૮.૩૦ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં કોલાબા વેધશાળામાં ૫૪.૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જ્યારે સાંતાક્રુઝ વેધશાળામાં ૨૧.૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો સવારના આઠ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં શહેરમાં ૫.૮૮ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૬.૩૧ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૪.૩૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

આ દરમ્યાન થાણેમાં ૪૦.૮૨ મિ.મી. અને નવી મુંબઈમાં ૩૩ મિ.મી. વરસાદ નોંધાયો છે. ભારે પવન ફૂંકાવાને કારણે મુંબઈમા દિવસ દરમ્યાન ૨૦થી વધુ ઝાડ અને તેની ડાળખી તૂટી પડવાના બનાવ નોંધાયા હતા. ઘરની દીવાલ તૂટી પડવાના બે બનાવ નોંધાયા હતા, જેમાં શુક્રવારે બપોરના ૧૨.૧૭ વાગે બોરીવલી પોલીસ સ્ટેશન સામે એસ. વી. રોડ, ચીકુવાડીમાં બેલ માઉન્ટન કૉર્નર બિલ્ડિંગનો સ્લેબ તૂટીને ૨૮ વર્ષની સંતોષી સાવકાર નામની મહિલા જખમી થઈ હતી. જ્યારે શોર્ટ સર્કિટના બે બનાવ બન્યા હતા.

### મહારાષ્ટ્ર સરકારે

આવ્યું હતું પરંતુ તેઓ હજુ સુધી જોડાયા નથી તેમને આમાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ નિર્ણય પાછળનું કારણ સ્પષ્ટ કરતા સરકારી ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે, રાજ્યમાં મેડિકલ કોલેજોની વધતી જતી સંખ્યા અને દર વર્ષે સ્નાતક થતા વિદ્યાર્થીઓની સંખ્યાની સરખામણીએ વિદ્યાર્થીઓને 'બોન્ડ સર્વિસ' પૂરી પાડવા માટે વિવિધ સરકારી વિભાગોમાં ઉપલબ્ધ જગ્યાઓ વચ્ચે વિસંગતતાને કારણે નિર્ધારિત સમયમર્યાદામાં તે તેમને ઉપલબ્ધ કરાવી શકાતી નથી. પરિણામે, પાત્ર હોવા છતાં, ઘણા ઉમેદવારોને તેમની સર્વિસ બોન્ડની શરત પૂર્ણ ન કરી શકવાને કારણે અનુસ્નાતક તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વધુમાં, આ ઉમેદવારો બિનઅનુભવી હોવાથી, તેઓ કટોકટીની સેવાઓ પૂરી પાડવા માટે પણ પૂરતા સક્ષમ હોતા નથી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથેની ચર્ચાઓ બાદ, જાહેર આરોગ્ય વિભાગે ૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ તબીબી શિક્ષણ અને ઔષધ વિભાગને આ નીતિ પર પુનર્વિચારણા કરવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

દરમિયાન, મહારાષ્ટ્ર એસોસિએશન ફોર રેસિડેન્ટ ડોક્ટર્સએ આ પગલાનું સ્વાગત કર્યું છે.

## પારસી મરણ

સામ ભીખાજી બરજોરજી તે બેહેરોઝના ધની. તે મરહુમો હીલ્લા ભીખાજી બરજોરજીના દીકરા. તે ફ્રેની ને ગુલના પપા. તે ખુરશેદ ને દારાયસના સસરા. તે હોસી ને ખોરશેદના ભાઇ. તે કરીના ને ઝુબીનના મમાવા. (ઉં. વ. ૯૮) રે. ઠે. સોરાબ હાઉસ, ૪૩, ગાર્ડન રોડ, એપોલો રેકલેમેશન, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા :તા ૨૫-૭-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે, કરાની અગિયારીમાં છેજી.

## જૈન મરણ

સુરત કઠોરગામ નિવાસી, હાલ તાડદેવ (મુંબઇ) જયોતિકા સુરેશભાઇ ચંદુલાલ શાહ (ઉં. વ. ૭૬) સ્વ. કંચનબહેનના પુત્રવધૂ. સ્વ. સરોજબેન રસીકલાલ શાહના પુત્રી. ગુરુવાર તા. ૨૩-૭-૨૬ના અરિહંતશરણ થયેલ છે. તે જીજ્ઞા અને હિમાંશુના માતુશ્રી. અને સ્વ. મિનાક્ષીબેન, હરેન્દ્રભાઇ, યતીનભાઇ, નહેશભાઇ, હર્ષદાબેન, ભોવાબેન, અમિતાબેન, નીતાબેનના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

પાળીયાદ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. દલીચંદભાઇના ધર્મપત્ની જયોત્સનાબેન તા. ૨૩-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે નિધિના માતુશ્રી. સ્વ. વિનુભાઇ, સ્વ. કાંતિભાઇ, ચંદ્રકાંતભાઇ, સ્વ.કિર્તીભાઇ, સુરેશભાઇ ગિરીશભાઇ, સ્વ. લતાબેન અને બોટાદ સંપ્રદાયના પૂજય રંજનભાઇ મહાના ભાભી. પિયર પક્ષે ખાંભાના વ્રજલાલ માવજીભાઇની દીકરી. સ્વ. પ્રતાપભાઇ, સ્વ. રસિકભાઇ, રમેશભાઇ, વિમળાબેન, જયશ્રીબેન, રમાબેન, હીરાબેનના બહેન. લૌકિક વ્યવહાર અને પ્રાર્થના રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

નેસડી સાવરકુંડલા નિવાસી હાલ વસઇ ઉમેદરાય બાવચંદ ગોડા (ઉં. વ. ૮૭) ગુરુવાર તા. ૨૩-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રમાબેનના પતિ. સ્વ. વિજય, દિલીપ, રાજુ, પરેશ, રીટા, ભાવિકકુમાર શાહના પિતાશ્રી. સ્વ. જયંતીલાલ, સ્વ. હીરાબેન નંદલાલ દેસાઇ તથા સ્વ.ચંદ્રીકાબેન હકમીચંદ ઠોસાણીના ભાઇ. મીનાબેન, તૃપ્તિબેન, પ્રીતીબેન, પાયલબેનના સસરા. સ્વ. બાબુલાલ જયંતીલાલ અજમેરા, સ્વ. જશવંતરાય, પ્રવીણભાઇ, હસમુખભાઇ, ઇન્દીરાબેન દિનેશકુમાર કપાસી, રંજનાબેન ગીરીશકુમાર જસાણીના બનેવી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬-૭-૨૬ રવિવારના સવારના ૧૦થી ૧૨. ઠે. રાજહંસ બેન્કવેટ હોલ, રાજહંસ ડ્રીમ્સ, બિશપ્સ હાઉસની પાછળ, ભાભોલા, વસઇ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

દડવા રાંદલ નિવાસી હાલ થાણા મહેન્દ્રભાઇ (ઉં. વ. ૭૪) તા. ૨૩-૭-૨૬ના ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કુસુમબેન ગુણવંતરાય રતિલાલ શેઠના પુત્ર. ચારુબેનના પતિ. કમલ, દેવાંગના પિતાશ્રી. સ્વ. પ્રતિમાબેન કિરીટભાઇ મડિયા, સ્વ. બીપીનભાઇ, અશોકભાઇ, હિતેશભાઇ, પારુલબેન રાજેશભાઇ દોશીના ભાઇ. લાઠી નિવાસી સ્વ. શાંતિભાઇ નાગરદાસ ભાયાણીના જમાઇ. ખુશાલી, સ્વ. અમીના સસરા. નિયતિ, હાર્દિકના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના આસંબિયાના પુષ્પાબેન ખીમજી છેડા (ઉં.વ. ૮૬) તા. ૨૨-૭-૨૬નાં અવસાન પામેલ છે. નેણબાઈ ચના વીરજીના પુત્રવધૂ. ખીમજીના ધર્મપત્ની. નાગલપુરના હિરબાઈ કુંવરજી ટોકરશી વીરા અને વિમળાબેન કુંવરજી ટોકરશી વીરાના પુત્રી. દિપક, દિનેશના માતા. નાગલપુરના પોપટલાલ, મધુકાંત, નિતીન, કિરણના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિઃ દિપક છેડા, ૧૦૧, શ્રી કૈલાશ ધામ બિલ્ડીંગ, ગાંવદેવી, દહિંસર (વેસ્ટ).

કાંડાગરાનાં ખેતબાઈ ભાણજી ગોપુ છેડા (ઉં.વ. ૮૬) તા. ૨૨/૭/૨૬નાં કચ્છમાં અવસાન પામેલ છે. ભાણજીભાઈનાં ધર્મપત્ની. સુંદરબેન ગોપુ સોજુનાં પુત્રવધૂ. મોટા આસંબીયાના નેણબાઈ કાનજી શીવજી ગાલાનાં સુપુત્રી. મોટા આસંબીયાના હિરજીભાઈ (બાબુભાઈ) ચા વાળા, ભાણબાઈ ટોકરશી છેડાના બહેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : ખેતબાઇ છેડા, શ્રીપદગીરી, ૧લે માળે, મોટા કાંડાગરા ૩૭૦૪૩૫.

કોડાયનાં સૌ. નિર્મળા નિતિન વસનજી શાહ (લાલન) (ઉં.વ. ૭૬) તા. ૨૩-૭ના અવસાન પામેલ છે. ચંચળબાઈ વસનજીના પુત્રવધૂ. નિતિનનાં પત્ની. સંગીતા, છાયા, મનીષા, કવિતા, હિના, ભાવના, ભાવેશના માતુશ્રી. પાનબાઈ હરખચંદ છેડાના સુપુત્રી. ચંદ્રકાંત, રમેશ, જયવંતી, જયંત, સં.પક્ષે પ.પૂ. ભક્તિપૂર્ણાશ્રીજી મ.સા.ના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિઃ ભાવેશ લાલન, ૩૨, રૂસ્તમજી આદર્શ રિજન્સી, આદર્શ ડેરી લેન, મલાડ (વેસ્ટ).

ગઢશીશાના આસબાઇ દેઢિયા (ઉં.વ. ૧૦૭) તા. ૨૩-૭ના અવસાન પામેલ છે. ખીમઇબાઈ ખેરાજના પુત્રવધૂ. લીલાધરભાઇના પત્ની. હેમચંદ, ચંદ્રકાન્ત, હેમલતાના માતુશ્રી. સણોસરા ધનબાઇ ખેરાજ જેઠા ગાલાના સુપુત્રી. હિરજી, હિરબાઇ, વેજબાઈ, લીલબાઈ, મમીબાઈના બેન. પ્રા. યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિર, દાદર (ઈ). ટા. ૪ થી ૫.૩૦ નિ. નિમેષ દેઢિયા, ૯૦૨, ગિરનાર ટાવર, શેઠ મોતીશા લેન, હોટલ સુપ્રભાતની પાછળ, ભાયખલા (ઈ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

સુલતાનપુર (ગોંડલ) નિવાસી હાલ બોરીવલી, રમણીકલાલ પ્રભાશંકર દોશીના ધર્મપત્ની નીલાબેન (ઉં.વ. ૮૬) તા. ૨૧-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સોનલ શૈલેષ કપાસી, રૂપલ મિલન તેજાણી, તેજલ જયેશ ઠોસાણીના માતુશ્રી. સ્વ. હરકિશનદાસ, સ્વ. વ્રજલાલ, સ્વ. વિનોદરાય દોશી, વિજયાબેન હકમીચંદ ભોદીયા તથા શાંતાબેન પ્રવીણચંદ્ર બાવીસીના ભાભી. પિયરપક્ષે નવલબેન ત્રિભોવનદાસ હેમાણીના પુત્રી. સ્વ. રમણીકભાઈ, સ્વ. મનુભાઈ, સ્વ. પુષ્પાબેન રશ્મિકાંતભાઇ પારેખના બેન. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલ વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દોથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

મુંબઈ સમાચાર
વીકએન્ડ
મધ્ય ગુજરાત આવૃત્તિ
■ શનિવાર ■ તા. ૨૫-૭-૨૦૨૬


**એક નજર ઈધર ભી**

કામિની શ્રોફ
feedback@
bombaysamachar.com

# અનંત અનાદિ પુરાતત્ત્વ અનુભવાત્મક સંગ્રહાલય...

## પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મેળવનાર વડનગરનું આ મ્યુઝિયમ જોવું જ જોઈએ

યુએસએ, યુકે, યુરોપની ટૂરનું નામ પડતા પ્રવાસ શોખીનોમાં ઉત્તેજના ફરી વળતી. નાયગ્રા ફોલ, સ્ટેચ્યૂ ઓફ લિબર્ટી, પિઝાનો ઢળતો મિનારો, હોંગકોંગની સિમ્ફની લાઈટ્સ, બ્રિટિશ આર્કિયોલોજીકલ મ્યુઝિયમ સહિત અનેક સ્મારક જોવાની ઉત્તેજના થાય, તાલાવેલી જાગે. સ્વાભાવિક છે, કારણ કે એનો મહિમા રજૂ કરતા ગીત ગુંજન સાંભળીને જ આપણો વૈચારિક ઉછેર થયો છે.

જોકે આજે એકવીસમી સદીના ત્રીજા દાયકામાં એવી પરિસ્થિતિ છે કે આપણે ગર્વથી વિદેશી સહેલાણીઓને કહી શકીએ કે 'હમ કિસીસે કમ નહીં.' નાયગ્રા ફોલ કરતાં અધિક પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા ધોધ આપણા દેશમાં છે. આપણી પાસે સ્ટેચ્યૂ ઓફ યુનિટી છે, આંખો પલકારા મારવાનું ભૂલી જાય એવા લાઈટ શો આપણે ત્યાં થાય છે અને વિશ્વવિખ્યાત બ્રિટિશ મ્યુઝિયમ કે પેરિસના લુવ્ર મ્યુઝિયમ સાથે ખભેખભા મિલાવી શકે એવું મ્યુઝિયમ આપણા વડનગરમાં છે.


શર્મિષ્ઠા તળાવનો બેમિસાલ લેઝર શો



વડનગરની શાન સંગ્રહાલય

### સનાતન નગરી

મ્યુઝિયમની અંદર એવી અનેક કલાકૃતિઓ છે જે જોઈ અને એ વિશે જાણકારી મળતા સમજણનો વિસ્તાર થાય છે. 'વડનગરઃ એક સનાતન નગરની અનુભૂતિ' ફિલ્મ સહેલાણીઓને ખાસ દર્શાવવામાં આવે છે. આ ફિલ્મ વડનગરની શાશ્વત યાત્રા પર લઈ જાય છે. વ્યાપાર, આધ્યાત્મ અને શિલ્પકળાના ત્રિવેણી સંગમને ઉજાગર કરી ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસમાં વડનગરના મહત્ત્વને દર્શાવે છે. વિશાળ પડદા પર માટીનાં વાસણો, પ્રાચીન હસ્તલેખો, કીર્તિ તોરણ અને અન્ય કલાકૃતિઓ જીવંત થાય છે. આ સનાતન નગરમાં ધરબાયેલી વાર્તાઓ જાણવાથી આનંદ અને જ્ઞાન બંને મળે છે.

ફિલ્મ દ્વારા અઢી હજાર વર્ષથી વધુ જૂના જીવંત ઇતિહાસ, સંસ્કૃતિ અને સતત માનવ વસવાટની સનાતન ગાથા દર્શાવવામાં આવે છે. અત્યાધુનિક ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમથી મુલાકાતીઓને અલૌકિક સનાતન નગરનો અનુભવ થાય છે.

### અનંત અનાદિ પુરાતત્ત્વ અનુભવાત્મક સંગ્રહાલય

કલા, સ્થાપત્ય, વેપાર અને શહેરી આયોજનને દર્શાવતું આ સંગ્રહાલય વડનગરના ૨૫૦૦ વર્ષ જૂના વારસાનું પ્રતિબિંબ હોવાની સાથે સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ અને પ્રોત્સાહનનું પ્રતીક સુધ્ધાં છે. વિદેશી સહેલાણીઓ પણ અહીં આવતા હોવાથી એને અંગ્રેજીમાં Archeological Experimental Museum નામ આપવામાં આવ્યું છે. ૨૯૮ કરોડના ખર્ચે નિર્મિત આ ચાર માળનું મ્યુઝિયમ અંદાજે ૧૨ હજાર ૫૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે. ગયા વર્ષે ફેબ્રુઆરીમાં મ્યુઝિયમનું લોકાર્પણ થયા પછી દેશ-વિદેશના પ્રવાસીઓ, સંશોધકો અને વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ૧૮ જુલાઈએ આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવતું વધુ સન્માન પ્રાપ્ત થયું છે. મ્યુઝિયમને પ્રતિષ્ઠિત Platinum A' Design Award એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ વિશ્વભરના શ્રેષ્ઠ ડિઝાઇન, નવીનતા અને સર્જનાત્મકતાને માન્યતા આપતા અગ્રણી આંતરરાષ્ટ્રીય પુરસ્કારોમાંનો એક માનવામાં આવે છે. આ એવોર્ડથી વડનગર માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ વિશ્વના અગ્રણી સાંસ્કૃતિક અને પુરાતત્ત્વીય પર્યટન સ્થળોમાં પ્રભાવી ઓળખ મેળવી રહ્યું છે. મ્યુઝિયમમાં વિવિધ સમયગાળાની કલાઓ, શિલ્પો અને આ વિસ્તારની ભાષાને પ્રદર્શિત કરતી નવ થીમેટિક ગેલેરીઓ પણ છે. ઑડિયો-વિઝ્યુઅલ ફિલ્મો અને પ્રદર્શનો ધરાવતું આ આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ ઇતિહાસના શોખીનો માટે એક ખાસ ભેટ છે. મ્યુઝિયમમાં હજારો પ્રાચીન અવશેષો, ડિજિટલ પ્રદર્શન અને ઓડિયો-વિઝ્યુઅલ ગેલેરીઓ જ્વલંત ઈતિહાસ દર્શન કરવી જ્ઞાન વધારે છે. ૧૦ રૂપિયાની મામૂલી એન્ટ્રી ફી આપી અઠવાડિયાના છ દિવસ (બુધવારે બંધ) સવારે દસ વાગ્યાથી સાંજના છ સુધી (સાડા ચાર પછી એન્ટ્રી બંધ) આ મ્યુઝિયમ ધર્મપ્રેમી, કલાપ્રેમી જ નહીં ભારતવાસીએ જોવું જ જોઈએ.


હાટકેશ્વર મંદિરમાં આકર્ષક લાઈટ એન્ડ સાઉન્ડ શો

### લેઝર શો

સંગીત અને શાબ્દિક વર્ણન સાથે રંગબેરંગી લેઝર કિરણોની મદદથી હવામાં કે પાણીના ફુવારા પર દિલ અને દિમાગને મોહી લેતા સુંદર ચિત્રો અને આકારો બનાવવામાં આવતા લેઝર શો વીસમી સદીમાં તો વિદેશી આકર્ષણ હતું. ૨૦૦૪માં હૈદરાબાદના હુસેન સાગર જળાશય પાસે લુમ્બિની પાર્કમાં પહેલી વાર સ્વદેશી લેઝર શોનું આયોજન થયું હતું. હવે તો મલ્ટીમીડિયા વોટર સ્ક્રીન શો શિર્ડી, ગેટવે ઓફ ઈન્ડિયા, પ્રયાગરાજ, દિલ્હીમાં પ્રસંગોપાત થાય છે અને હવે એમાં વડનગરનું નામ પણ ઉમેરાયું છે. મેં વિદેશના કેટલાક લેઝર શો જોયા છે, પણ જરાય અતિશયોક્તિ વિના કહું છું કે વડનગરના શર્મિષ્ઠા તળાવ ખાતે ૨૫ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલો અત્યાધુનિક વોટર પ્રોજેક્શન શો - લેઝર શો વિદેશી શોથી તસુભાર ઓછો નથી ઊતરતો. ટેક્નિકલી અને ક્રિએટિવલી અદ્ભુત આનંદ આપે છે. શોનો ઉદ્દેશ વડનગરના ભવ્ય અને ગૌરવશાળી ઇતિહાસને નવી પેઢી સુધી આધુનિક માધ્યમથી પહોંચાડવાનો છે. પ્રાચીન સમયમાં પાણીનું વ્યવસ્થાપન કેવી રીતે કરવામાં આવતું હતું એની જાણકારી પણ આ શોથી મળે છે. એકંદરે આ શો કેવળ આંખને આંજી દેતી ટેકનોલોજીની કમાલ નથી, ઐતિહાસિક તથ્યો રજૂ કરી જ્ઞાનવર્ધક પણ બને છે.

વડનગરના પ્રખ્યાત હાટકેશ્વર મંદિરમાં પણ આકર્ષક લાઈટ એન્ડ સાઉન્ડ શો શરૂ કરવામાં આવ્યો છે. રોજ સાંજે સંધ્યા આરતી પછી આ શો થાય છે, જેમાં નાગર બ્રાહ્મણોના ઇષ્ટદેવ હાટકેશ્વર દાદાના પ્રાગટ્યની કથા અને વડનગરનો પ્રાચીન ઇતિહાસ ગુજરાતી ભાષામાં રજૂ થાય છે. ધર્મસ્થાનમાં આવી રજૂઆત બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે.

**મ્યુઝિયમની અંદરની અન્ય ખાસિયતની વાત પણ ઘણી રસપ્રદ છે. એના વિશે હવે પછી... ■**

---

**અરાઉન્ડ ધ વર્લ્ડ**


પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@
bombaysamachar.com

# રોમ્સડાલ - કાલ્પનિક લાગતી ખીણમાં ખરી મજા...

નોર્વેની ટીમને આ વર્ષે ફૂટબોલ વર્લ્ડકપમાં ઘણી લોકપ્રિયતા મળી છે. ખાસ તો બધા પ્લેયર્સનું વાઇકિંગ ફોટોશૂટ અને હાલાન્ડનું કદ અને સ્વભાવ જાણે સોશ્યલ મીડિયા પર છવાઈ ગયાં. જોકે સ્કેન્ડિનેવિયાના છોકરાઓ જાયન્ટ લાગે એમાં નવાઈ પણ શું હોઈ શકે. ત્યાંનાં માયથોલોજિકલ પાત્રો તો ખરેખર પહાડ જેવડાં જ હોવાની વાત છે. જ્યારે અમે ટ્રોલસ્ટિગન ચઢવા નીકળેલાં, ત્યારે ગાડી ૧૧ હેરપિન બેન્ડ્સ વટાવીને ઉપર વ્યુઇંગ પ્લેટફોર્મ સુધી પહોંચી ગઈ પછી પણ ટ્રોલની વાર્તાઓ અને સાથે સંકળાયેલા વ્યૂમાં જરાય ઘટાડો થયો નહીં. ઊલટાનું તે રોમ્સડાલ વેલીની રક્ષા કરવા માટે ટ્રોલ્સે કઈ રીતે પોતાના જીવ ત્યાગ કરવાનું પણ બાકી નથી રાખ્યું એવી વાર્તાઓથી તો આખું ટેકરી પરનું મ્યુઝિયમ ધમધમતું હતું.

ઉપર વ્યુઇંગ પ્લેટફોર્મની સાથે પેનોરમા વ્યૂ માટે નાનકડી હાઇક કરવી પડે તેવું હતું. ત્યાં કેડી સાંકડી હતી અને રસ્તામાં લોકોએ લાઇન એવી લગાવી હતી કે ધીમી ગતિએ વાત આગળ વધી રહી હતી. ત્યાંથી 'ટ્રોલ્સવેગેન' એટલે કે 'ધ ટ્રોલ વોલ' તરીકે ઓળખાતી એક એવી પર્વતમાળા પણ જોવા મળી, જ્યાં એક ટ્રોલની વેડિંગ પાર્ટી આખી થીજીને પર્વતોમાં પલટાઈ ગઈ હોવાની વાત છે. એક ટ્રોલની ટોળકી કોઈનાં લગ્નની પાર્ટી મનાવી રહી હતી, અને એ બધાં આખી રાત પાર્ટી કરવામાં એવાં ભાન ભૂલી ગયાં કે સવારે તડકાનાં કિરણો તેમના પર પડતાં જ તેઓ પથ્થરમાં પલટાઈ જશે તે વાતનાં પણ કોઈને હોશ ન રહ્યા. આખીને આખી ટોળી પર્વત બની ગઈ. હવે દરેક પર્વતમાં ટ્રોલનાં અને માણસોનાં ફીચર્સ શોધવામાં અમારી ટોળકી થોડી વાર તો ગૂંચવાઈ ગઈ હતી. કોઈને લાગ્યું કે પર્વતો માત્ર ટ્રોલના ફેસ હતા, અને કોઈને લાગ્યું કે આખો ને આખો પર્વત





જ એક ટ્રોલ છે. એ મહત્ત્વની ચર્ચાઓમાં ટ્રોલ્સ અને પર્વતો બંને અમારી સામે જાણે જીવંત થઈ ગયાં હતાં.


વ્યુઇંગ પ્લેટફોર્મથી પાછાં ફરતી વખતે અલગ અલગ સીડીઓ લઈને મ્યુઝિયમ સુધી જવાતું હતું. તેમાં વચ્ચે પાણીના પુલ્સ બનાવેલા જ હતા. તેમાં ઘણાં તો જરા હૂંફાળું વેધર જોઈને સીધી પાણીમાં ડૂબકી લગાવવા પડી ચૂક્યાં હતાં. આખીય રોમ્સડાલ વેલી ૬૦ કિલોમીટરમાં ફેલાયેલી છે. અહીં જે લેન્ડસ્કેપ જોવા મળી રહ્યો હતો તેમાં ચોર્ડનું વર્ચસ્વ ન હતું, હા ટ્રોલ્સની હાઇલાઇટ્સ જરૂર હતી. અહીં બે મજેદાર વોટરફોલ્સ પાસે પણ થોડા ફોટા પડાવવાનું થયું. જોકે અહીં કોઈ એક સ્થળને ફોટો સ્પોટ કહેવું જરા અનફેર લાગતું હતું. જે પણ તરફ કેમેરો ફેરવો અને ભૂલથી પણ ક્લિક કરી દો, બધે જ કોઈ પ્રકારનું કુદરતી સૌંદર્ય તો ઝડપાઈ જ જતું હતું. અહીં એક નાનકડી ટ્રેન લાઈન પણ દેખાઈ. આ 'રાઉમાબાનનેન' સ્વિસ ટ્રેનો કરતાં પણ અનોખો અનુભવ કરાવતી હોવાની વાત છે. સ્વિસ ટ્રેનોને માર્કેટ કરવામાં આવી છે, બાકી સ્કેન્ડિનેવિયન નોર્થમાં પહાડો, ખીણો અને ચોર્ડને જોડતી ટ્રેનોમાં દૃશ્યો યાદગાર બની રહેશે તેવું ભાગ્યે જ કોઈને કહેવાની જરૂર પડે. અમે કારમાં આવેલાં એટલે ટ્રેન તો લઈ શકીએ તેમ ન હતાં, પણ ટ્રેન ટ્રેક્સને પેરેલલ રસ્તા પર રાઉન્ડ મારીને તે રૂટની થોડી મજા તો લઈ જ લીધી.

આ ટ્રેન રૂટ પર ખાસ બિજોર્લી પાસેના બ્રિજ પાસે 'હેરી પોટર એન્ડ હાફ બ્લડ પ્રિન્સ'નું શૂટિંગ થયું હતું. અને જરા આગળ 'મિશન ઇમ્પોસિબલ' માટે ટોમ ક્રુઝે બાઇક ચલાવી છે. એ બધાં કાલ્પનિક એડવેન્ચર વચ્ચે તમે માત્ર સાધારણ વોક કરવા કે ડ્રાઇવ પર નીકળો તે પણ અસાધારણ જ ફીલ થતું હતું. ત્યાં કિચલિંગ બ્રિજને તો ટોમ ક્રુઝ ફિલ્મમાં ધમાકા સાથે ઉડાડી પણ દે છે. આખી વેલીને જરા ઉપરથી જોવા માટે ગોન્ડોલા લઈને પણ જવાનું શક્ય છે. જોકે અમે ફરી એ પ્રકારના અનુભવ માટે તૈયાર ન હતાં. આ પહેલાં જોઈ ચૂકેલાં કે ગોન્ડોલાની રાહ જોવામાં અડધો દિવસ પણ નીકળી જાય. વળી અમે અહીંથી નીકળીને આગળ ટ્રોન્ડહાઇમ તરફ જઈ રહ્યાં હતાં. આ રોમ્સડાલની ડીટૂર અમને આખો દિવસ પાસે રાખી લેશે એવું અમે નહોતું વિચારેલું. ઇનફેક્ટ રોમ્સડાલે અમને એવાં જકડી રાખેલાં કે ફરી જ્યારે પણ નોર્વે તરફ આવવાનું થાય તો આ વેલીમાં જ કેબિન લઈને બે-ત્રણ દિવસ પડ્યાં રહેવાનું પાક્કું થઈ રહ્યું હતું અને નોર્વેમાં પડ્યાં રહેવાના ભાગ રૂપે હાઇક પણ કરવી પડે. આ દેશના આરામ કરવાનાં પ્લાનમાં પણ હાઇક કરવાનું આવતું જ હતું.

રોમ્સડાલ વિષે વધુ જાણવા મળ્યું પછી ત્યાં રહી ન શકવાનો અફસોસ પણ દૂર થઈ ગયો. અમે થોડા દિવસથી જે આલેસુન્ડમાં આંટા મારી રહ્યાં હતાં તે પણ રોમ્સડાલનો જ હિસ્સો ગણાય છે. જોકે તેનો વેલી એરિયા અલગ જ ફેનબેઝ ધરાવે છે. અમે તો ત્યાં કોઈ હોલીડે કોટેજીઝ ખાલી દેખાઈ હોત તો થોડી વાર માટે તો રોકાઈ જવા માટે લલચાઈ પણ ગયેલાં. ખાસ તો હવે આ ટ્રિપનો છેલ્લો ફેઝ ચાલુ થઈ રહ્યો હતો તે કારણે પણ બધાં જરા સેન્ટિમેન્ટલ થઈ રહ્યાં હતાં.

હવે ટ્રોન્ડહાઇમ પાસે એક્સપ્લોર કરીને અમે ઓસ્લો તરફ પાછાં જવાનાં હતાં. જોકે હજી ઓસ્લોમાં નાટક જોવાથી માંડીને એડવર્ડ મન્ક મ્યુઝિયમ અને ભવ્ય સિટી ટૂર જેવું ઘણું બાકી હતું. નોર્વેમાં માંડ બે અઠવાડિયાં થયાં હતાં, પણ અહીં શિફ્ટ થઈ જવા માટે પણ મન બની જતું હતું. હવે તો દરેક જગ્યાએ મજા આવી છે કે નહીં તેનું માપદંડ જ એ બની ગયું હતું, અહીં વસી જવાની ઇચ્છા થાય તો સમજવું કે ખરી મજા આવી છે.

જો અહીં કોઈ કારણસર વસી ગયાં તો બહારની દુનિયા સાથે કટઓફ થઈ જવાની તૈયારી પણ રાખવી એ પણ સમજી જ લેવું. ખરેખર આ ટ્રોલ્સની કાલ્પનિક દુનિયામાં લોકો એન્જિનિયરિંગ અને આઇટીની જોબ્સ માટે ત્યાં ખરેખર વસી ગયાં છે. અમે એ મિત્રોને પણ મળી આવેલાં. એ લોકો પણ વીકેન્ડ પર હાઇકિંગ કરીને ઇન્ડિયન સ્ટોર પર દેસી શાકભાજી લેવા પહોંચી જ જાય છે. ભારતની બહાર ભલે માણસ ગમે તે દેશમાં હોય, એક વાર સ્થાયી થયા પછીનું ટેમ્પલેટ હવે બધે એક સરખું જ છે. ફરવા બાબતે એવું કહી શકાય નહીં. હવે ટ્રોન્ડહાઇમ જવાનું હતું. ■



# હું, સોનલ ઝવેરી

માવજી મહેશ્વરી

પ્રકરણ ૧૭

> પુરુષ ત્યાં સુધી બધી રીતે સારો હોય છે જ્યાં સુધી તે સ્ત્રીનો માલિક બની ન જાય. એકવાર સ્ત્રી એની થઈ ગઈ, બસ પછી તો...!

**તમને** એવું લાગશે કે હું સ્ત્રીઓની તરફદારી કરી રહી છું. પણ એક વાત સત્ય છે કે પુરુષો પત્નીઓને છેતરવામાં પાવરધા હોય છે. જ્યારે પત્ની હકની વાત કરે ત્યારે કાં તો ધણીપણું બતાવે છે અથવા તો ઈમોશનલ બ્લેક મેઈલીંગ પર ઊતરી આવે છે.

'શાબાશ, હજુ તો તમે લગ્ન કર્યા નથી અને પતિઓ વિશે ભયાનક છાપ લઈને બેઠા છો. તમને પરણનાર તો મર્યો જ સમજો સનતે કાંકરીચાળો કર્યો.'

'જોયું ને, આ તમારો પ્રતિભાવ જ બતાવે છે કે તમે સાચી વાત સ્વીકારવામાં કેટલા ઈમાનદાર છો.'

'મેડમ, હું એમ કહું કે હું તમને હંમેશાં વફાદાર રહીશ તો તમે મારી સાથે લગ્ન કરશો?'

'મહેરબાન, શરૂઆત અહીંથી થાય છે. પુરુષ ત્યાં સુધી બધી રીતે સારો હોય છે જ્યાં સુધી તે સ્ત્રીનો માલિક બની ન જાય. એકવાર સ્ત્રી એની થઈ ગઈ, બસ પછી તો બધા જ વાયદા ફોક. તમે મને અત્યારે જે વાયદા પર પ્રપોઝ કરી રહ્યા છો એજ સ્ત્રીને છેતરવાની શરૂઆત છે.'

'હું લખીને આપું તો?'

'ઓહ, યાર પ્લીઝ ડોન્ટ ટર્ન મી ટુ અનઅધર સાઈડ. તમે શરૂઆતમાં એવી જ વાતો કરો જે વ્યવહારમાં શક્ય હોતી નથી. સ્ત્રીનું મગજ જ હેક કરી લો.'

એનો અર્થ એવો પણ કરી શકાય કે, સ્ત્રી પાસે વિચાર શક્તિ ઓછી હોય છે.

'ભૂલો છો મિસ્ટર! વિચારશક્તિ તો હોય છે પણ એ માટેના રસ્તાઓ એના માટે બંધ હોય છે. બધી વ્યવસ્થાઓ પુરુષને જ અનુકૂળ રહે તેવી બનાવવામાં આવી છે. જ્યારે મારા જેવી કોઈ સ્ત્રી પોતાની રીતે વિચારે છે કે જીવવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેને ડેડ મશીન કહીને એના અસ્તિત્વનો જ સ્વીકાર કરવામાં આવતો નથી.'

'ઓહ મેમ! સોરી. મારો શબ્દ હું પાછો ખેંચું છું. મારે એવું કહેવું જોઈતું નહોતું. લાગે છે તમને બહુ ખરાબ લાગ્યું છે.'

'બસ બસ હવે, બહુ સારા દેખાઈએ તો શંકા પડે. છતાં એક સત્ય તો છે જ કે પુરુષ જન્મજાત કુશળ અદાકાર હોય છે. જ્યારે જરૂર પડે પોતાની અદાકારીનો બખૂબી ઉપયોગ કરે છે. મારા પપ્પાએ પણ એજ કર્યું. જેવું મારી મમ્મીએ કહ્યું કે 'તમે કોલકાતા નહોતા ગયા અહીં જ હતા અને તેય કોઈ સ્ત્રી સાથે. ખરેખર તો તે સાંભળીને મારા પપ્પાના મોં પરથી લોહી ઊડી જવું જોઈતું હતું કે પછી તેમને ગુસ્સો આવવો જોઈતો હતો. તેને બદલે પપ્પાએ જુદું કર્યું. એમણે મારી મમ્મીને બાથમાં લઈને ભીંસી નાખતા કહ્યું, 'કલ તો નહીં થા પર અભી એક ખૂબસુરત ઓરત કે સાથ હું. ચલ ગંગા મુઝે ખુશ કર દે.'

'સાલ્લું મને નવાઈ લાગે છે કે આ તો એમની ખાનગી વાતો કહેવાય. તમે બધું એવી રીતે કહો છો જાણે તમે એમનું મૂવી જોયું હોય.'

'એમ જ સમજો સનત. આ વાત થોડીવાર પહેલા પણ તમે જૂદી રીતે પૂછી ચૂક્યા છો. મને આ બધું કઈ રીતે જાણવા મળ્યું એનો ખુલાસો કરીશ. આમ તો પપ્પા મમ્મીની અંગત વાતો મારાથી કોઈને કહેવાય નહીં કે ચર્ચાય નહીં. બટ નાઉ આઈ એમ એ નેરેટર ઓફ ધ સ્ટોરી. અંડરસ્ટેન્ડ? સો લીસન એન્ડ થીન્ક વ્હાય આઈ ડેડ મશીન? માય બ્રેઈનઝ સીડી ઈઝ ટોટલી કરપ્ટ, બટ હાર્ટ ઈઝ નીટ એન્ડ ક્લીન.' સોનલ થોડી સેકન્ડ ચૂપ થઈ ગઈ. સનતે નાટકીય રીતે સોનલ સામે હાથ જોડતાં કહ્યું.

'ક્ષમા કરો માવડી. આ નાદાન બાળકની ભૂલ માફ કરો.'

સોનલ હસી પડી. તેણે સનતનો હાથ પકડીને જરા ઝંઝેડતા કહ્યું, 'મેં આ પહેલા તમને કહ્યું છે કે તમે ખરેખર સારા અને સ્વસ્થ પુરુષ છો. તમે કારણ વગર વાતને અવળે પાટે લઈ જાઓ છો.'

'સોરી બાબા, પ્લીઝ આગળનું કહો. જોકે મારી દૃષ્ટિએ આગળનું દૃશ્ય રોમેન્ટિક તો નહીં જ હોય.'

'તમે સાચા છો. છેતરાયેલી સ્ત્રી અને ઘવાયેલી વાઘણ બેઉ ખતરનાક હોય છે. મારી મમ્મીને પહેલીવાર મારા પપ્પા પરનો અડીખમ વિશ્વાસ તૂટ્યો હતો. તેને ભયંકર દુઃખ પહોંચ્યું હતું. મમ્મીએ પપ્પાને દૂર હડસેલતા કહ્યું, 'નહીં, મારાથી દૂર હટો.''

'પપ્પાને અચાનક લાઈટ થઈ કે મમ્મી ખરેખર નારાજ છે. તેમ છતાં તેમણે પોતાનો અભિનય ચાલુ રાખ્યો. તેમણે મમ્મીનો હાથ પકડી બેડ પર બેસાડી દેતાં જરા ગંભીર થઈને કહ્યું, 'મને કહીશ કે તું મારાથી શા માટે નારાજ છો? ગંગા મને તારી વાતથી આઘાત લાગ્યો છે.' પપ્પાની આ વાતથી તે જરા ઉશ્કેરાઈ ગઈ.'

'પહેલા મને કહો કે એ સ્ત્રી સાથે તમારે કેટલા સમયથી સંબંધ છે જે તમારી સાથે હતી?'

'પપ્પા સમજી ગયા હતા કે કોઈ પણ રીતે ગંગાને ખબર પડી ગઈ છે. છતાં પપ્પા અંધારામાં તીર ચલાવવા માગતા નહોતા. તે જાણવા માગતા હતા કે ગંગાને ખબર પડી કઈ રીતે? તે હજુ ઈમોશનલ દાવ ખેલવા માગતા હતા. તેમણે મમ્મીની આંખોમાં જોતાં કહ્યું, 'હું તને પ્રેમ કરતો ન હોત તો અત્યારે એક જ થપ્પડમાં દાંત પાડી દીધા હોત. મારી કોલકાતાની ટિકિટ તેં જ બેગમાં મૂકી હતી. હવે રહી મારી ત્યાં હોવાની વાત. તો હું એ હોટેલનો નંબર આપું છું જ્યાં હું ઊતર્યો હતો. તું ફોન કરીને ખાતરી કરી લે. તારા મનમાં આવો વિચાર નાખ્યો કોણે?'

મમ્મીએ ફરી એજ કહ્યું, 'તમે માત્ર મને એટલું કહો કે તમને એ સ્ત્રી સાથે કેટલા વખતથી સંબંધ છે જેની સાથે તમે રાત ગાળી આવ્યા છો?'

આખરે પપ્પાએ એજ કર્યું જે હારેલો પતિ કરતો હોય છે. તેઓ તાડુક્યા, 'સાલ્લી આવી ગઈને અસલિયત પર? હું તને કચરામાંથી ઉપાડીને અહીં લઈ આવ્યો એનો આ બદલો આપી રહી છો? તારા માટે મેં બધું છોડ્યું. મારા પરિવારની નજરમાં ઊતરી ગયો, મારા છોકરા મારાથી દૂર થઈ ગયા. આ બધું તારા સુખ માટે કર્યું અને તું એમ કહી રહી છો કે હું કોઈ સ્ત્રી સાથે સૂઈ આવ્યો છું?'

'પપ્પાની ડ્રામાબાજીથી જરાય વિચલિત થયા વગર મારી મમ્મીએ પપ્પાને ઉશ્કેર્યો, મને માત્ર એટલું કહો કે એ સ્ત્રી સાથે તમને કેટલા સમયથી સંબંધ છે?'

મમ્મીની અડગતાથી ડરી ગયેલા મારા પપ્પાએ મમ્મીને થપ્પડ મારી લીધી. મારી મમ્મીની આંખો ફાટી રહી. જેના વિશ્વાસે તે અજાણ્યા શહેરમાં આવી ગઈ હતી. એ નફફટ થઈને ઊભો રહી ગયો હતો. પપ્પાને તરત પોતાની ભૂલ સમજાઈ. તેમણે વિચાર્યું કે પોતે ખોટો તો છે જ. પણ ગંગાને ખબર કેવી રીતે પડી તે જાણવું પડશે. પપ્પાએ મમ્મીનો હાથ પકડ્યો તે સાથે જ મમ્મી ઝાટકાથી હાથ છોડાવી લેતા ગર્જી.

'આખરે તમે બતાવી દીધું કે મારું સ્થાન આ ઘરમાં શું છે. મારા ઉપર તમારા અનેક ઉપકાર છે. તમે મારા જેવી ગરીબ સ્ત્રીને પત્ની બનાવી પૈસાદારોની દુનિયામાં લાવ્યા. મારી હેસિયત જ શું છે કે હું તમારા પર હક જતાવું. મારે મારું સ્થાન સમજવું જોઈતું હતું. ભૂલ મારી છે. શરૂઆતથી જ મેં ભૂલો કરી છે. નહીંતર કોઈ કુંવારી છોકરી એ ન કરે, જે મેં કર્યું. તમારો કોઈ જ વાંક નથી. બધું મારી ભૂલોનું જ પરિણામ છે. મારાં મા બાપે મારા પર કેટલુંય દબાણ કરેલું કે તારા પેટમાં રહેલું પાપ પાડી દે. પણ હું એને પાપ નહીં, મારા પ્રેમનું પરિણામ સમજતી હતી. મારો બાપ મને મારી નાખવા તૈયાર થઈ ગયો હતો. તોય અડગ રહી મેં તમારી દીકરીને જન્મ આપ્યો અને આજે એક સ્ત્રી માટે થઈને મને મારી લીધી?'

પપ્પાએ પેંતરો બદલ્યો. તેમણે કહ્યું, 'મારી ભૂલ થઈ ગઈ. મને એ તો કહે કે તું કઈ સ્ત્રીની વાત કરી રહી છો?'

મમ્મીએ ગુસ્સાથી કહી દીધું, 'એ સ્ત્રી જેની સાથે ગઈ કાલે તમે હેંગીંગ ગાર્ડનમાં ખોવાઈ ગયા હતા. મારી કિસ્મત જ ફૂટેલી છે. નહીંતર હું ત્યાં શા માટે આવું?'

પપ્પાના મોં પરથી લોહી ઊડી ગયું. તેમ છતાં તે પતિ હતા. મારી મમ્મી અનેક ઉપકારો તળે દબાયેલી પત્ની હતી. પપ્પાએ કહ્યું, 'ગંગા પ્લીઝ મારી પાસે બેસ. આપણી સોનુ ખાતર પણ મને માફ કરીને મારી વાત સાંભળ. એ સ્ત્રી કોણ હતી, મારે શા માટે એની સાથે બેસવું પડ્યું, શા માટે મારે પ્રેમનું નાટક કરવું પડ્યું એ બધું જ તને કહું છું.' એ ખેલાડી માણસનું મગજ સક્રિય થઈ ગયું હતું. એ વાટ જોઈ રહ્યા હતા કે ગંગા જરા કૂણી પડે. પણ કેટલાક માણસો એટલું સાચું જીવતા હોય છે કે કોઈની જરા સરખી ખોટી વાતનો તેમને તરત અણસાર આવી જતો હોય છે. મમ્મીને ગંધ આવી ગઈ કે પપ્પા તેને છેતરવા માગે છે. મમ્મીએ પીગળ્યા વગર કહી દીધું, 'જુઓ તમે ગમે તેવા બહાના બનાવશો તોય મને છેતરી નહીં શકો. સ્ત્રીની આંખો ધોખો ન ખાય. મેં કાલે જે જોયું તે એકદમ નાગુ સત્ય છે અને તમે એની સાથે એ બધું કરી લીધું છે જે મારી સાથે કર્યું છે.'

મારા પપ્પા નીચું જોઈને બેસી ગયા. મમ્મીએ આત્મબળથી પપ્પાને હરાવ્યા હતા. પપ્પાએ કોઈ જવાબ ન આપ્યો એટલે મમ્મીએ ફરી કહ્યું, 'એ સ્ત્રી તમારાથી ઘણી નાની લાગતી હતી. મને એ તો કહો કે એને મારી જેમ કોઈ સપનાં તો નથી દેખાડ્યાં ને? તમે એને પત્ની બનાવી ઘરમાં લાવવાના હો તો કહી દ્યો. હું જાતે તમારો રસ્તો ખુલો કરી દઈશ. તમે ખરેખર મને પ્રેમ કર્યો હોય તો મને કહી દો કે એ સ્ત્રી કોણ છે અને કેટલા સમયથી તમારા સંબંધ છે. હું આ છેલ્લીવાર પૂછું છું.'

પપ્પાની આંખોમાં આંસુ હતા. કોઈ જુદો સમય હોત તો પપ્પાના આંસુની જગ્યાએ મમ્મીએ પોતાનું લોહી વહાવી દીધું હોત. એ નિર્મળ મનની સ્ત્રીને સમજાઈ ગયું હતું કે પોતાના પતિની આંખોમાંથી વહેતા આંસુ પસ્તાવાના નથી. મમ્મીએ ન તો પપ્પાના આંસુ લૂછ્યાં કે ન એની નોંધ લીધી. પપ્પાએ જાતે જ આંસુ લૂછી નાખતા ધીમેથી કહ્યું, 'ગંગા તું સાચી છો. મને એ છોકરી સાથે સંબંધ છે.'

મમ્મીને હવે આઘાત પામવાનું કોઈ કારણ નહોતું. તે સમજી જ ચૂકી હતી કે કોલકાતાનું બહાનું કરીને પોતાનો પતિ પેલી સ્ત્રીને એ બધું આપી આવ્યો છે જેના પર ફક્ત પોતાનો જ અધિકાર છે. મમ્મીનું દિલ તૂટી ચૂક્યું હતું, જેનો પપ્પાને હજુ અણસાર પણ નહોતો. મમ્મીએ સાવ ભાવહીન સ્વરે પુછ્યું, 'એનું નામ શું છે?'

'મીનાક્ષી' પપ્પાએ એકાક્ષરી જવાબ આપ્યો.

'એની સાથે લગ્નનો વાયદો કર્યો છે કે ફક્ત એને દેહને ભોગવીને એની કિંમત ચૂકવી દેવાનો ઈરાદો છે?'

પપ્પાએ માથું ઊંચું કર્યું. એમની આંખોમાં પસ્તાવો નહોતો. એક બેવફા પુરુષની નીંભરતા હતી. મમ્મીએ પપ્પાના જવાબની આશા રાખ્યા વગર કહી નાખ્યું, જુઓ મારા માટે તમારા સિવાય આ દુનિયામાં કોઈ છે જ નહીં. પણ હવે તમે ભૂલી જજો કે હું તમારી પત્ની છું. મને રહેવા દેશો ત્યાં સુધી હું અહીં જ રહીશ. પણ તમે હવે મને અડતા નહીં. તમારે એ સ્ત્રી સાથે જે કરવું હોય તેની તમને છૂટ છે. એક વાતનું ધ્યાન રાખજો સોનુને આ વાતની જાણ ન થાય તો સારું. તમારી દીકરીને એવું ન લાગવું જોઈએ કે તમને મારા સિવાય કોઈ સ્ત્રી સાથે સંબંધ છે. એની નજરમાં તમે એક સારા પતિ અને બાપ છો.'

પપ્પાને એકલા મૂકી મમ્મી રૂમમાંથી બહાર જતી રહી. (ક્રમશઃ)■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. **પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ** funworld1822@gmail.com **પર મોકલવાના રહેશે.**

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પોકળ | રત્ન |
| પોકાર | વણજાર |
| પોખરાજ | ખોટું |
| પોચું | બૂમ |
| પોઠ | નરમ |

### જાણવા જેવું

ચોમાસું શરૂ થતાં પૂર્વની વીજળી થાય તો વરસાદનું સાધારણ જોર રહે છે. મોસમની શરૂઆતમાં ઈશાની વીજળી થાય તો ત્રણ ઘડી કે ત્રણ દિવસમાં વરસાદ થાય. પશ્ચિમની તથા ઉત્તર કે વાયવ્યની વીજળી થાય તો હિંદી મહાસાગરમાંથી વહન ઊપડ્યાની ખબર આપે છે. અને ચોમાસું ઊતરતાં નૈઋત્યમાંથી વીજળી થાય તો વરસાદ પૂરો થવાની નિશાની છે.

### ગુજરાત મોરી મોરી રે

મૂળ મરાઠી નાટક પર આધારિત કયા ગુજરાતી નાટકમાં પહેલા સરિતા જોશી અને પછી કેતકી દવેએ મુખ્ય ભૂમિકા કરી હતી એ જણાવો.

અ) મોગરાના સાપ
બ) બા રિટાયર થાય છે
ક) સવિતા દામોદર પરાંજપે
ડ) હિમડંખ

### નોંધી રાખો

*સમજ્યા વગર કોઈને કહેવું નકામું છે અને સમજ્યા વગર કોઈને કશું દેવું એ પણ અર્થહીન છે. એટલે સમજણ કેળવવી ખૂબ જરૂરી છે.*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | | | | ૮ | | | |
| | | ૯ | | ૧૦ | | | | ૧૧ | |
| ૧૨ | | | | | | ૧૩ | | | |
| | | | | ૧૪ | ૧૪અ | | | ૧૫ | |
| ૧૬ | | | | ૧૭ | | | ૧૮ | | |
| | | ૧૯ | ૨૦ | | | ૨૧ | | | ૨૨ |
| ૨૩ | | | ૨૪ | | ૨૫ | | | | |
| | | ૨૬ | | | | | | ૨૭ | |
| ૨૮ | | | | | ૨૯ | | | | |

**આડી ચાવી**

૧. મહેરબાની (૫)
૪. ખુશામત, ચીપી ચીપીને બોલવું તે (૪)
૭. પાણીનો કુંડ (૨) (અં)
૮. કાયા, શરીર (૨)
૧૦. અંગારો, દેવતાની ચિનગારી (૩)
૧૧. --- રાખે તેને કોણ ચાખે? (૨)
૧૨. તેરશ (૪)
૧૩. લોહી (૨)
૧૪. પેટ કરાવે --- (૨)
૧૫. જે અમર છે (૨)
૧૬. મૂરખ મિત્ર કરતાં --- દુશ્મન ભલો (૨)
૧૭. દીવાની જ્યોત (૨)
૧૯. ગાયન, ગાણું (૨)
૨૧. અવ્યવસ્થા, ગોટાળો (૪)
૨૩. દીકરો (૨)
૨૪. મજેદાર ગમ્મત (૩)
૨૬. તેજ, દીપ્તિ (૨)
૨૭. શોભા માટે ગોઠવેલ વાસણોની હાર (૨)
૨૮. શરમિંદું, છોભું (૪)
૨૯. નસીબનો યોગ (૫)

**ઊભી ચાવી**

૧. અહર્નિશ, દિનરાત (૪)
૨. બિયાંનો ગર, બી (૨)
૩. વગર (૩)
૪. ચાડિયું (૪)
૫. ક્ષણ (૨)
૬. એક જાતનું મજબૂત લાકડું (૩)
૯. કમળનું જન્મસ્થાન (૩)
૧૪. દેશ તેવો --- (૨)
૧૪અ. ધૂતારો, ભોળવીને ઠગી જનાર (૨)
૧૮. રસ્તો (૩)
૨૦. ધર્મવિધિમાં વપરાતી તાંબાની તાસક (૪)
૨૨. આમતેમ ડોલતું, અસ્થિર (૪)
૨૩. પ્રમાણસર, ઘાટીલું (૩)
૨૫. લગાર, થોડુંક (૩)
૨૬. છોકરાંને સંભાળવા રાખેલી બાઈ (૨)
૨૭. કાચ પાયેલો પતંગનો દોર (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ ઉ | ૨ પ | દે | ૩ શ | | ૪ પ્ર | તિ | ૫ ભા | ૬ ગ |
| ૭ પ | છી | ત | | ૮ કુ | મ | તી | | ૯ ડ | ર |
| | નું | | ૧૦ રા | ની | | ૧૧ ત | ક | વા | દી |
| ૧૨ પા | | ૧૩ મો | | | ૧૪ વે | | | ત | |
| ૧૫ ક | મો | દ | | | ૧૬ ગ | વા | ૧૭ હ | | ૧૮ ભં |
| ટ | | ૧૯ ક | સ્તૂ | ૨૦ રી | | | ૨૧ રા | ફ | ડો |
| | ૨૨ ન | | | સ | | | જી | | ળ |
| ૨૩ અ | વ | રો | ૨૪ ધ | | ૨૫ સા | ફ | | ૨૬ રો | |
| ૨૭ લ | ત | | ૨૮ નિ | ગા | હ | | ૨૯ ભા | ગિ | યો |
| ૩૦ કા | ર | ત | ક | | ૩૧ સ | મા | વિ | ષ્ટ | |

### ઓળખાણ પડી?



ટેસ્ટ ક્રિકેટમાં અસાધારણ કામગીરી બજાવી ૮૦૦૦ રન અને ૨૦૦થી વધુ વિકેટ મેળવનારા ઓલરાઉન્ડર ક્રિકેટરની ઓળખાણ પડી?

અ) એવર્ટન વિક્સ, બ) ગેરી સોબર્સ, ક) ફ્રેન્ક વોરેલ, ડ) બેસિલ બુચર

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૬ | | ૨ | | | | |
| ૧ | | | | ૫ | | | | |
| | ૫ | | ૬ | | ૪ | | | |
| ૫ | ૪ | | | | | | | ૮ |
| | | | ૨ | | ૭ | | | |
| ૬ | | | | | | | ૯ | ૨ |
| | | | ૩ | | ૧ | | ૫ | |
| | | | | ૮ | | | | ૪ |
| | | | | ૯ | | ૨ | ૧ | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨ | ૮ | ૯ | ૪ | ૧ | ૭ | ૩ | ૫ |
| ૭ | ૧ | ૫ | ૩ | ૨ | ૬ | ૪ | ૮ | ૯ |
| ૯ | ૪ | ૩ | ૭ | ૫ | ૮ | ૨ | ૬ | ૧ |
| ૮ | ૬ | ૭ | ૫ | ૯ | ૩ | ૧ | ૨ | ૪ |
| ૩ | ૫ | ૧ | ૨ | ૬ | ૪ | ૮ | ૯ | ૭ |
| ૨ | ૯ | ૪ | ૧ | ૮ | ૭ | ૩ | ૫ | ૬ |
| ૫ | ૭ | ૯ | ૮ | ૧ | ૨ | ૬ | ૪ | ૩ |
| ૧ | ૮ | ૬ | ૪ | ૩ | ૫ | ૯ | ૭ | ૨ |
| ૪ | ૩ | ૨ | ૬ | ૭ | ૯ | ૫ | ૧ | ૮ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પેઢું | અવાળું |
| પેણી | તવી |
| પેરવી | ગોઠવણ |
| પેંતરો | પ્રપંચ |
| પેદાશ | ઉત્પન્ન |

ગુજરાત મોરી મોરી રેઃ
અરવિંદ જોશી

ઓળખાણ પડી?
હેરી બ્રુક

માઈન્ડ ગેમ :
૧૦૧

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
ચેડવિક

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

અવકાશ વિજ્ઞાનમાં અનોખી પ્રગતિમાં નિમિત્ત બનેલી 'ઈસરો' સંસ્થાની સ્થાપનામાં કયા વૈજ્ઞાનિકનો મહત્તમ ફાળો હતો?

અ) સતીશ ધવન બ) હોમી ભાભા ક) સી વી રમણ ડ) વિક્રમ સારાભાઈ

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૭, ૧૫, ૩૧, ૬૩, ૧૨૭ ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૧૨૭ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૮૩ બ) ૧૯૯ ક) ૨૧૧ ડ) ૨૫૫

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ડો. પ્રકાસ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) ધીરેન્દ્ર ઉદ્દેશી (૭) ભરત કજરિયા (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) નિતીન જયંતીલાલ બજરિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) કમલ માતલિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મીનળ કાપડિયા (૧૭) લજિતા ખોના (૧૮) મહેશ સંઘવી (૧૯) પ્રવીણ વોરા (૨૦) નયના ગિરીશ મિસ્ત્રી (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વિણા સંપટ (૨૩) ભાવના કર્વે (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અંજુ ટોલિયા (૨૭) વિજય આસર (૨૮) ડાયના સંતોકે (૨૯) રમેશભાઈ દલાલ (૩૦) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) અલકા વાણી (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) અરવિંદ કામદાર (૩૭) નિખિલ બંગાળી (૩૮) અમીશી બંગાળી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) પુષ્પા પટેલ (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) મહેશ દોશી (૪૫) ભામિની સંપટ (૪૬) પ્રતિમા પમાણી (૪૭) નંદુભાઈ પમાણી

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# મુંબઈને ડૂબાડતા પૂરનો ઈલાજ: ચીનમાં ચાલે તો અહીં કેમ નહિ?


ચીનનું સાન્યા ડોંગન વેટ્લેન્ડ પાર્ક

વીતેલા સપ્તાહ દરમિયાન દક્ષિણ ગુજરાત ફરી એક વાર ભારે વરસાદને પગલે જળબંબાકાર થયું. મુંબઈ અને સુરત જેવાં મહાનગરોની કઠિનાઈ એવી છે કે એ સમુદ્ર કિનારે વસેલા છે. ઉપરવાસ અને આજુબાજુના વિસ્તારોમાં ભારે વરસાદ પડે તો એ બધું પાણી આ શહેરોની ડ્રેનેજ સિસ્ટમ અને કુદરતી ખાડીઓમાં વહીને દરિયાને મળે છે. પણ સમુદ્રમાં ભરતી હોય ત્યારે એ નવું પાણી સ્વીકારતો નથી, જેથી સમુદ્રકિનારે વસેલાં શહેરો માટે વરસાદી પાણીમાં ડૂબવા સિવાય કોઈ આરો ન રહે.

નિષ્ણાતો કહે છે કે વરસાદની બદલાતી જતી પેટર્ન અને રાક્ષસની પેઠે ફાટી નીકળેલા સિમેન્ટ-કોન્ક્રિટનાં જંગલોને પ્રતાપે આવનારાં વર્ષોમાં મુંબઈ અને સુરત જેવાં શહેરોએ વારંવાર આવતા ભારે પૂરથી ટેવાઈ જવું પડશે!

આપણી મૂળ સમસ્યા છે અર્બન ફ્લડિંગનીં એટલે કે શહેરી વિસ્તારોમાં સર્જાતી પૂરની સમસ્યા. ચીનનાં અનેક શહેરો પણ આ સમસ્યા વેઠી રહ્યા છે અને એક ચીની લેન્ડસ્કેપ આર્ટિસ્ટે જ અર્બન ફ્લડિંગથી બચવાનો માસ્ટર પ્લાન આપ્યો. એ લેન્ડસ્કેપ ડિઝાઈનરનું નામ કોંગજિયાન યુ. ગયા વર્ષે એમનું મૃત્યુ થયું, પણ એ પહેલા એણે કુદરત અને આધુનિક શહેરો એકબીજાને નુકસાન પહોંચાડ્યા વિના કઈ રીતે અસ્તિત્વ ટકાવી શકે, એની રૂપરેખા રજૂ કરેલી. એના પ્લાન મુજબ ચીની સરકારે અનેક શહેરોની રચનામાં ફેરફાર કર્યા અને મોટા ભાગના કેસમાં અર્બન ફ્લડિંગને અટકાવવામાં સફળતા ય મળી.

કોંગજિયાન યુએ જે કન્સેપ્ટ રજૂ કર્યો એ ‘સ્પન્જ સિટી કન્સેપ્ટ’ તરીકે જાણીતો છે. સ્પન્જ અથવા સ્પોન્જ એટલે વાદળી અને સ્પન્જ સિટી એટલે વાદળી જેવું શહેર. આપણા ઘરના રસોડામાં આ પ્રકારના સ્પન્જ બાર જોવા મળશે. મોટે ભાગે પીળા અને લીલા કલરમાં જોવા મળતા આ સ્પન્જ બાર ગૃહિણીઓના માનીતા છે, કારણકે પ્લેટફોર્મ સાફ કરવાથી માંડીને અનેક કામોમાં એ બહુ ઉપયોગી સાબિત થાય છે. સ્પન્જનો એક ગુણધર્મ છે પ્રવાહીને શોષી લેવાનો.

એટલે જ વધુ પાણી કે પ્રવાહી ઢોળાતા હોય એવા કિચન જેવા સ્થળે સ્પન્જ બહુ ઉપયોગી સાબિત થાય.

હવે જરા વિચાર કરો કે આપણા રસ્તાઓ પણ વાદળી જેવા સ્પન્જ મટિરિયલમાંથી બનાવેલા હોય તો ગમે એવા ભારે વરસાદનું પાણી પણ થોડી જ વારમાં શોષાઈને સીધું જમીનમાં ઊતરી જાય કે નહિ? અને જો એવું થાય તો પૂર આવવાની કોઈ શક્યતા જ ન રહે. રસ્તાઓ પર પાણી ભેગું થાય તો શહેર ડૂબે ને!

આ કલ્પના બહુ સ્થૂળ લાગશે, પણ કોંગજિયાન યુએ જે સ્પન્જ સિટી કન્સેપ્ટ આપ્યો, એના મૂળમાં પાણીને ‘શોષી’ને જમીનમાં ઊતારી દેવાની જ વાત છે. યુના કન્સેપ્ટ મુજબ શહેરના વિકાસમાં ખાસ કરીને રસ્તાઓ અને પેવમેન્ટના નિર્માણમાં એવા જ મટિરિયલ વાપરવા જોઈએ, જે પાણીને શોષી શકે. હાલમાં આપણે પાણીના નિકાલ માટે કોંક્રીટ તેમ જ મેટલ પાઇપનો ઉપયોગ કરીએ છીએ. વળી શહેરની જમીનો મોટે ભાગે ડામરની સડકોથી માંડીને બીજા વિવિધ પ્રકારના હાર્ડ સરફેસ ધરાવતા મટીરિયલ્સના આવરણથી ઢંકાયેલી છે. આ આવરણ પાણીને પસાર થવા દેતું નથી, જેથી વરસાદનું કે પૂરનું પાણી જમીનમાં શોષાતું જ નથી. બીજા શબ્દોમાં કહીએ તો પાણીના નિકાલ માટેનો એક મોટો માર્ગ આપણે જડબેસલાક ફરસબંધી દ્વારા બંધ કરી દીધો છે! હવે પાણીના નિકાલ માટે આપણી પાસે માત્ર ડ્રેનેજ સિસ્ટમ્સ અને કુદરતી રીતે બનેલી ખાડીઓનો જ વિકલ્પ બચે છે અને આપણે કરેલા દબાણ તેમ જ ભ્રષ્ટાચારને પગલે આ બંને વિકલ્પોની હાલત કેવી છે, એ તો આપણે ક્યાં નથી જાણતા...

કોંગજિયાન યુના કન્સેપ્ટ મુજબ શહેરના રસ્તાઓ એવા જ મટિરિયલ દ્વારા બનાવવા જોઈએ, જે પાણીને શોષીને જમીનમાં પચાવી શકે. સાથે જ શહેરની આસપાસ આવેલી વેટલેન્ડ્સનું બહુ ગંભીરતાપૂર્વક જતન-સંવર્ધન થવું જોઈએ. મુંબઈની વાત કરીએ તો વિહાર અને પવઈ લેક, થાણેની ખાડી વગેરે વિસ્તારો વેટલેન્ડ ગણાય, જ્યાં પાણીના જથ્થાને આધારે આખી એક ઇકોસિસ્ટમ વિકસી છે. આ વેટલેન્ડ્સ ભારે વરસાદ સમયે ખાબકતો પાણીનો બહુ મોટો જથ્થો શોષી શકે છે. જો પવઈ લેકનો ‘વિકાસ’ કરીને ત્યાં મોટી મોટી બિલ્ડિંગ્સ અને મોટા પહોળા ચકાચક રસ્તાઓ બાંધી દેવામાં આવે તો બીજા જ ચોમાસે આખો વિસ્તાર પાણીમાં ડૂબ્યા વિના ન રહે!

હવે મૂળ પ્રશ્ન, મહાનગરો એક હદ ઉપરાંત વિકસી જાય, એ પછી આ બધું કરવું શક્ય છે ખરું? જવાબ છે હા.

શહેરમાં બની ચૂકેલા સ્ટ્રક્ચર્સને તોડવા શક્ય નથી, પણ જે બચ્યું છે એનું સંવર્ધન અને ફેલાવો જરૂર થઇ શકે. ચીને ૨૦૧૩-૧૪થી જ સ્પન્જ સિટી કન્સેપ્ટને પોતાની નેશનલ પોલિસી તરીકે લાગુ કર્યો અને ત્રીસ જેટલાં શહેરોમાં આ પોલિસીને અનુરૂપ ડેવલપમેન્ટ થયું. પરિણામે મોટા ભાગના શહેરોમાં પૂર અટકાવી શકાયું અથવા નિયંત્રિત કરી શકાયું. વળી વેટલેન્ડ્સ, મોટા પાર્ક્સ અને તળાવોને કારણે પર્યટનસ્થળો તો વિકસ્યા જ, સાથે જ પાણીની ગુણવત્તા પણ સુધરી. ગ્રાઉન્ડ વોટર ટેબલના લેવલમાં પણ સુધારો થવાથી દુષ્કાળની પરિસ્થિતિમાં આ પાણી બહુ ઉપયોગી સાબિત થાય છે.

-અને છેલ્લે મૂળ વાત. જો ચીનમાં આવો કન્સેપ્ટ ચાલી શકે તો મુંબઈ અને સુરત જેવાં ભારતીય શહેરોમાં કેમ નહિ? સવાલ માત્ર દૃષ્ટિકોણ બદલવાનો અને પોલિસીના યોગ્ય અમલનો છે. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ચાલો, ‘આંદોલન’નો ધંધો કરીએ...!




તમે ક્યારેય વિચાર્યું છે કે જો દેશમાં દરેક વસ્તુ ભાડે મળતી હોય. ઘર, ગાડી, કપડાં, વાસણ અને લગ્ન માટે ‘નકલી સંબંધીઓ’ તો પછી આંદોલન કરનારાઓ કેમ ભાડે ન મળે?

જમાનો હવે ડિજિટલ અને સ્માર્ટ બન્યો છે. હવે મુદ્દાઓ માટે આંદોલન નથી થતા, પણ આંદોલન માટે મુદ્દાઓ શોધવામાં આવે છે! અને આ જ સત્યને પારખીને, આપણા દેશના મહાન બિઝનેસ માઇન્ડેડ યુવાનોએ એક નવો જ ધંધો શરૂ કર્યો છે:

‘ઓન-ડિમાન્ડ આંદોલનકારી પ્રાઈવેટ લિમિટેડ.’

હા સાહેબ, હવે તમારે કોઈ વાતે વિરોધ કરવો હોય તો તમારે જાતે ગળાના તાંતણા તોડવાની કે સૂરજની ગરમીમાં શેકાવાની જરૂર નથી. બસ, એક એપ ડાઉનલોડ કરો, પેકેજ સિલેક્ટ કરો અને બે કલાકમાં ૧૦૦ આંદોલનકારીઓ તમારા દરવાજે હાજર!

ચુનિયાએ તો ધંધો માંડી પણ દીધો...

‘આંદોલન સર્વિસ’ના સુપર હિટ પેકેજિસ બહાર પાડ્યા. કંપનીના રેટ કાર્ડ પર એક નજર નાખવા જેવી છે. એણે ગ્રાહકની ગીચતા અને ખિસ્સાના માપ પ્રમાણે અલગ-અલગ ‘પેકેજ’ બનાવ્યા છે, જેમકે ...

૧) બેઝિક પેકેજ (રૂપિયા ૪૯૯૯/-)

શું મળશે: ૧૦ જણા સોસાયટીના નાકે ઊભા રહેશે.

કામગીરી: હાથમાં કાગળના બેનર પકડશે અને દર દસ મિનિટે એક વાર ધીમેથી બોલશે: ‘‘........બંધ કરો... બંધ કરો!’

કોના માટે ઉત્તમ: પાડોશીની ગટરની વાસ આવતી હોય કે પાડોશીનું કૂતરું ક્ટાઇમે ભસતું હોય તેની સામે નાનો-મોટો વિરોધ કરવા માટે એપ્રેન્ટિસ આંદોલનકારી પણ મળશે.

૨) પ્રીમિયમ પેકેજ (રૂપિયા ૨૫,૯૯૯/-)

આપને મળશે: ૫૦ પ્રોફેશનલ આંદોલનકારીઓ + ૧ લાઉડસ્પીકર.

કામગીરી: આમાં આંદોલનકારીઓ જે પૂરા જોશમાં રાડો પાડશે. બે-ત્રણ જણા તો ભાવુક થઈને જમીન પર આળોટશે પણ ખરા!

ટીવી ચેનલના રિપોર્ટર આવે એટલે તરત જ કેમેરાની સામે આવીને ચોધાર આંસુએ રડવાની સ્પેશિયલ એક્ટિંગ પણ કરી લેશે.

૩) વી.આઈ.પી. મેગા પ્રોટેસ્ટ પેકેજ (રૂપિયા ૨,૨૫,૯૯૯/-)

શું મળશે: ૫૦૦ જણાની જંગી મેદની + વોટર કેનન (પાણીનો છંટકાવ) સહન કરવાની ક્ષમતાવાળા અનુભવી કલાકારો!

બોનસમાં પોલીસની ગાડી આવે એટલે સામે ચાલીને ગાડીમાં બેસી જવાનું અને ગાડીની બારીમાંથી હાથ હલાવીને ‘સેલ્ફી’ પાડવાની સંપૂર્ણ જવાબદારી કંપની સ્વીકારશે.

મેં ચુનિયાને પૂછ્યું કે ‘તને આંદોલનકારીઓ મળે છે ક્યાંથી?’

એ મને કહે : ‘આ કંઈ નાનીના ખેલ નથી. મહેનત કરવી પડે છે અને અનુભવી આંદોલનકારીઓની ભરતી કરવી પડે છે.’

આંદોલનકારીઓની ‘ઇન્ટરવ્યૂ’ પ્રક્રિયા સમજાવતા તેણે કહ્યું કે,‘હવે આ ધંધામાં કોર્પોરેટ કલ્ચર આવી ગયું છે. ‘આંદોલનકારી’ તરીકે નોકરી જોઈતી હોય તો ઈન્ટરવ્યૂ આપવો પડે છે!’’

એચ.આર. (HR): ‘તમારી અંદર એવી કઈ ખાસિયત છે કે અમે તમને આંદોલનકારી તરીકે રાખી લઈએ?’

ઉમેદવાર: ‘સાહેબ, હું સતત ૬ કલાક સુધી પાંપણ પટપટાવ્યા વગર ગમે તે નેતા સામે ઘૂરીને જોઈ શકું છું! અને તડકામાં ઊભા રહીને પાણી પીધા વગર ‘મૂર્દાબાદ’ના પચાસ અલગ-અલગ ટોનમાં નારા લગાવી શકું છું!’

એચ.આર.: ‘વાહ! પણ જો પોલીસ લાઠીચાર્જ કરે તો?’

ઉમેદવાર: ‘સાહેબ, એના માટે મારો અલગ ચાર્જ રહેશે. જો હળવો લાઠીચાર્જ હોય તો ૧૦૦૦ રૂપિયા, અને જો તીવ્ર લાઠીચાર્જ હોય તો ૫૦૦૦ રૂપિયા + એક બોટલ, પેઇનકિલર ગોળીઓ!’

એચ.આર.: ‘કોંગ્રેચ્યુલેશન્સ! તમે સિલેક્ટ થઈ ગયા છો! કાલથી ‘જનતા સેવક’ તરીકે ડ્યૂટી પર આવી જજો!’

દેશ હવે એવા વળાંક પર આવી ગયો છે જ્યાં ‘વિચારધારા’ કરતા ‘દિહાડી’ (દૈનિક ભથ્થું) વધારે મહત્ત્વની બની ગઈ છે.

જો તમારી પાસે કોઈ કામધંધો ન હોય, તો કંટાળવાની જરાય જરૂર નથી. બસ સફેદ કુરતો-પાઈજામો પહેરો, આંખ પર કાળા ચશ્માં ચડાવો અને કોઈપણ સરકારી કચેરીની બહાર ઊભા રહી જાઓ. કોઈ ને કોઈ આવીને તમારા હાથમાં પ્લેકાર્ડ પકડાવી જ દેશે અને સાંજે ચા-ગાંઠિયા સાથે બસો રૂપિયા રોકડા હાથમાં મૂકી જશે!

એટલે જ તો હવે નવું સૂત્ર બન્યું છે:

‘હમારી માંગેં પૂરી કરો...

ઐસે તો ઐસે બેકારી કો દૂર કરો...‘‘

આંદોલન માટે ડિગ્રી કે લેખિત પરીક્ષા નહીં સ્કીલ જોઈએ. પેટનો ખાડો ઊંડો થતો જાય અને આવડત પહાડની જેમ બહાર આવતી જાય. આંદોલનકારીઓને ભૂખ્યા રહેવાની પ્રેક્ટિસ કરવાની તો હવે જરૂર જ નથી. AI ને કહો તેવી રીલ બની જાય.

ઘણી વખત તો આંદોલન કરતાં રીલ વધુ મહત્ત્વની હોય છે. સૂંઠને ગાંગડે ગાંધી બની જતા લોકો જોયા છે. ઉચ્ચકોટિના નીચ નેતાઓ પણ મળે અને સમાજના નીચલા સ્તરમાંથી ઉચ્ચ કોટીના આંદોલનકર્તા પણ મળે.

આ બધી વાતો હું સમજતો હતો અને સાંભળતો હતો ત્યાં ચુનિયાને ફોન આવ્યો. એણે બહુ ટૂંકમાં વાત કરી એટલે હું સમજી ગયો કે આનો પનો ટૂંકો પડ્યો છે. મેં આંખના ઇશારે પૂછ્યું તો તેણે એક જ વાક્ય કહ્યું,‘રેન્જ બહારની વાત છે. આંદોલનકારી નથી જોતા પણ મસ્કા મારી સારા વચનો આપી આંદોલન પાછું ખેંચાવે તેવા નેતા જોઈએ છે.’

આપણી પાસે મજબૂર લોકો છે, અવ્વલ કક્ષાના ‘બીપ-બીપ’ લોકો નથી એટલે...’

ચાલો ત્યારે, એક ઓર્ડર મળ્યો છે. ૩૦ મિનિટનું ધરણાં પ્રદર્શન કરવાનું છે. મારો કોન્ટ્રાક્ટ છે તમારે હમણાં પ્રોગ્રામ ન હોય તો...! ■

### વિચારવાયુ

*વિદ્યાર્થી: (નેતાને) સાહેબ, સમજો તમારા છોકરાને પણ ‘નિટ’નો પ્રશ્ન નડી શકે છે.*
*નેતા: અમારા છોકરાઓ નીટ ના લે. બરફ અને સોડા વગર ન ચાલે.*

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# સ્થાપત્યમાં ઉઘડતી નવી ક્ષિતિજ

કોઈપણ પરિસ્થિતિ જેમની તેમ નથી રહી શકતી. સારી ગણાતી પરિસ્થિતિમાં પણ બદલાવ આવતો હોય છે. બદલાવ પ્રાયોજિત હોય કે આકસ્મિક હોય, યોગ્ય દિશા તરફનો હોય કે વ્યર્થતા તરફનો હોય, નાના કાર્યથી શરૂ થયેલો હોય કે એક વિશાળ ઘટના સમાન હોય, ટેકનોલોજી આધારિત હોય કે વિચારધારાના અનુસંધાનમાં હોય, આધુનિકતા તરફનો હોય કે પરંપરા સાથે વધુ જોડતો હોય, આશાવાદી હોય કે યથાર્થતાવાદી હોય, વ્યક્તિ પ્રેરિત હોય કે સિદ્ધાંત આધારિત હોય - દરેક પ્રકારના બદલાવ થકી નવી ક્ષિતિજો ઉઘડતી હોય છે. સમાજમાં તથા સમાજથી જોડાયેલા પ્રત્યેક ક્ષેત્રમાં બદલાવ એક સ્વાભાવિક ક્રિયા છે.

આમ પણ પરિવર્તન અર્થાત બદલાવ એ જગતનો નિયમ છે. કળાના ક્ષેત્રમાં બદલાવ આવતો રહે છે અને તકનીકી ક્ષેત્રમાં પણ સંભવિત બદલાવના પાયા સમાન પણ નિતનવાં સંશોધન થતાં રહે છે. સામાજિક તેમ જ રાજકીય વ્યવસ્થા બદલાય છે, જે તે પ્રદેશની આર્થિક સ્થિતિ બદલાય છે, નીતિમત્તાનાં ધોરણો બદલાય છે, પ્રવર્તમાન શિક્ષણનું માળખું બદલાય છે, માનવીની ક્ષમતા અને સપનામાં પણ બદલાવ આવે છે. એવું એક પણ ક્ષેત્ર નથી જેમાં બદલાવની - પરિવર્તનની સંભાવના ન હોય. સ્થાપત્ય આમાં અપવાદ ન હોઈ શકે. વાસ્તવિકતા તો એ છે કે સ્થાપત્યને અસર કરતાં પરિબળો વધારે હોવાથી આ ક્ષેત્રમાં બદલાવની સંભાવના સામાન્ય રીતે વધુ રહે.

અર્વાચીન સ્થાપત્યના તબક્કા પછી નવી નવી સ્થાપત્ય શૈલી પ્રાયોગિક ધોરણે પણ અને વિશાળ પરિપ્રેક્ષ્યમાં પણ પ્રયોજાતી રહી છે. જૂની વિચારધારાનું ખંડન કરી નવી શૈલી તથા ભાષા સ્થાપિત કરવાના પ્રયત્નો થાય છે. દરેક વખતે એમ કહેવાનો પ્રયત્ન થાય છે કે જે જૂનું છે તેમાં પ્રશ્નો છે અને તેથી નવો અભિગમ જરૂરી છે. વાત અંશતઃ સાચી પણ હોઈ શકે. સ્થાપત્યની કોઈપણ રચના સંપૂર્ણતામાં જવાબ આપી શકવાં સમર્થ નથી, તેવી જ રીતે સ્થાપત્યની કોઈપણ શૈલી બધાં જ પ્રશ્નોના નિરાકરણ માટે સક્ષમ નથી. દરેક વખતે પ્રશ્નો નિર્ધારિત કરીને તેના જવાબો શોધવાનો પ્રયત્ન કરવો જ જોઈએ. આ પ્રક્રિયામાંથી જ નવી શૈલી વિકસે, જેને નામ આપી દેવાય, પછી તેના પ્રશ્નો શોધવાની પ્રક્રિયા ચાલુ થાય, પછી તેના ઉત્તરો ગોતાય અને વધુ નવી શૈલી પ્રસ્થાપિત થાય. આમ જ સ્થાપત્યની ક્ષિતિજો વિકસે.

બજારમાં નવી સામગ્રી પણ આવતી રહે છે. આ સામગ્રીના ઉપયોગ માટેનું એક ખેંચાણ પણ જોવાં મળે છે. સામગ્રીની નવીનતા ઊભરી આવે તે માટે આ સામગ્રીના ઉપયોગમાં પણ નવીનતા લાવવાનો પ્રયત્ન થાય છે. સામગ્રી સાથે તકનીકમાં પણ નિતનવો વિકાસ થતો રહે છે. એક સામગ્રી આજે જે રીતના ઉપયોગમાં આવે તે જ પ્રમાણે કાલે તે ઉપયોગમાં લેવાશે જ તેમ માની ન શકાય. કારીગરની ક્ષમતા અને સંવેદનશીલતામાં પણ બદલાવ આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં સમય પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. એક સમયે બાંધકામ માટે જે સમય માન્ય હતો તેમાં આજે ઘણી કપાત થઈ છે. આ બધાને પરિણામે પણ સ્થાપત્યની ક્ષિતિજો વિકાસ પામે તે સ્વાભાવિક છે.

ખાસ સ્થાપત્ય ક્ષેત્ર માટેના નવા નવા સોફ્ટવેર આવવાથી પણ ક્ષિતિજો વિકસી છે. જે પ્રકારનો વિચાર પહેલાં મુશ્કેલ જણાતો તે હવે સરળતાથી રિઝોલ્વ કરી શકાય છે. હવે ગણતરી વધુ ચોક્કસ બની શકે છે, ભારવહન માળખું વધારે અસરકારક બનાવી શકાય છે, આકારોની પરિકલ્પનામાં હવે મર્યાદા નથી, સામગ્રીનો વધુ અસરકારક ઉપયોગ પણ હવે શક્ય બને છે, અને આ બધું ઝડપી અને ચોકસાઈ પૂર્ણ બની શકે છે. આ સાથે સ્થાપત્ય રચનાની વિવિધ સંભાવના વચ્ચેની પસંદગી માટે જરૂરી ગણાતું સાંદર્ભિક મૂલ્યાંકન સરળ બની રહ્યું છે, જેને કારણે યોગ્ય વિકલ્પનું ચયન સરળતાથી શક્ય બને છે. સોફ્ટવેર નવાં નવાં શોધાયાં જ કરતાં હોવાથી સ્થાપત્યની ક્ષિતિજ વિસ્તરતી જ જાય છે. આ આખી પ્રક્રિયામાં હવે તો ‘એઆઈ’ પણ મદદરૂપ થાય છે.

વિશ્વમાં સંસાધનો ઓછા થતાં જાય છે જેની અસર સ્થાપત્ય પર પણ પડે છે. આ સંજોગોમાં ઓછી સામગ્રીનો ઉપયોગ કરી મકાનની કાર્યક્ષમતા વધારવાના પ્રયત્નો થાય એ સ્વાભાવિક છે. સામગ્રીનો લઘુતમ ઉપયોગ કરી મહત્તમ પરિણામ મેળવવા માટે નિતનવા પ્રયોગો થતાં રહે છે. પર્યાવરણ તેમજ વાતાવરણ માટેની સંવેદનશીલતા પણ, વધુ સ્પષ્ટતાથી, સ્થાપત્યમાં પ્રતિબિંબિત થાય છે. ઊર્જાના વપરાશમાં સંયમ આવે તે માટેના પ્રયત્નો પણ થયાં કરે છે. કુદરત સાથે તાલમેળ મેળવવાના પ્રયત્નોમાં વિવિધ સિદ્ધાંતનું અમલીકરણ જોવા મળે છે. બદલાવની આ સારી નિશાની છે.

આ સાથે મકાન માટેની જરૂરિયાતના નિર્ધારણમાં વધુ સ્પષ્ટતા આવી છે. મકાન પાસેથી કઈ અપેક્ષા છે, તે અપેક્ષા કેટલી માત્રામાં છે, તે બાબતે હવે વધુ ચોકસાઈ રખાય છે. વ્યર્થ કોઈને પસંદ નથી, બગાડ કોઈને માન્ય નથી, દેખાવ માટેનો દંભ અમુક હદ સુધી જ સ્વીકાર્ય રહે છે. સમગ્ર સમાજ સંવેદનશીલ થતો જાય છે. સમાજનો સ્થાપત્ય લક્ષી અગ્રતાક્રમ પણ યોગ્ય દિશામાં બદલાતી હોય તેમ જણાય છે. જો આ પ્રક્રિયા ચાલુ રહી તો સ્થાપત્યની સંદર્ભિક સ્વીકૃતિનો વ્યાપ વધતો જશે.

સ્થાપત્યના ક્ષેત્રમાં અન્ય એક અગત્યનો બદલાવ પણ દેખાય છે. સ્થપતિનો અભિગમ હવે વધુ વ્યવસાયિક રહે છે. વ્યવસાયમાં અનૌપચારિકતા ઓછી થતી જાય છે અને દરેક બાબતને ઔપચારિક રીતે લેવાનો પ્રયત્ન થાય છે. વ્યવસાયની દ્રષ્ટિએ આ એક સારી નિશાની છે. આને કારણે વ્યવસાયિક ઉત્તરદાયિત્વ વધુ સ્પષ્ટ બને છે અને સમાજ એ વ્યવસ્થિત રીતે જાણી શકે છે કે આ ક્ષેત્ર પાસે કઈ કઈ અને કેવાં કેવાં પ્રકારની અપેક્ષા રાખી શકાય.

આ બધાં પ્રકારના બદલાવથી સ્થાપત્યના ક્ષેત્રમાં નવી ચેતના જાગ્રત થઈ છે. હવે દરેક બાબતને વધુ ગંભીરતાથી લેવામાં આવે છે. સ્થાપત્યમાં વ્યવસાયિક, સામાજિક, વ્યક્તિગત તેમજ સાંસ્કૃતિક ઉત્તરદાયિત્વનો આ તબક્કો છે. સ્થાપત્યની ક્ષિતિજો વિકસી રહી છે. ■









## મુંબઈમાં વરસાદથી થોડી રાહત

# વીકએન્ડમાં યલો અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈઃ મુંબઈમાં ઘણા દિવસોથી પડી રહેલા વરસાદનું જોર શુક્રવારે થોડું હળવું થયું હતું. શહેરના મોટાભાગના વિસ્તારોમાં હળવો વરસાદ નોંધાયો હતો. જોકે ભારતીય હવામાન વિભાગ સપ્તાહના અંતે ફરી વરસાદની આગાહી કરી છે અને મુંબઈ માટે યલો એલર્ટ જારી કર્યું છે, જેમાં અલગ અલગ સ્થળોએ ૫૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાઈને વરસાદની આગાહી કરવામાં આવી છે.

મુંબઈમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે, જેમાં શુક્રવાર વરસાદે વિરામ લીધો હતો. દિવસ દરમ્યાન ઝરમર (જુઓ પાનું ૪)

### પવના ડેમ ૯૫ ટકા ભરાયો

પુણેઃ પિંપરી-ચિંચવડ અને આસપાસના વિસ્તારોના રહીશો માટે પીવાના પાણીને લઈને મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. માવળ ખાતે આવેલો અને શહેરની લાઈફલાઈન ગણાતો પાવના ડેમ ભારે વરસાદને કારણે પોતાની જળસંગ્રહ ક્ષમતાના ૯૪.૯૮ ટકા એટલે કે આશરે ૯૫ ટકા સુધી ભરાઈ ગયો છે. આ સાથે જ પિંપરી-ચિંચવડવાસીઓ માથેથી (જુઓ પાનું ૪)

### જળાશયોમાં ૭૭.૬૨ ટકા પાણી જમાઃ ૧૦ ટકા પાણીકાપ ચાલુ રહેશે

તાજેતરના વરસાદને પગલે શહેરને પાણીપુરવઠો કરનારા જળાશયોની સપાટીમાં નોંધપાત્ર વધારો થયો છે. શુક્રવારે મુંબઈને પાણી પૂરું પાડતા સાત તળાવોમાં સંયુક્ત પાણીનો જથ્થો ૧૧.૨૩ લાખ મિલ્યન લિટરને વટાવી ગયો હતો, જે કુલ જરૂરી ક્ષમતાના ૭૭.૬૨ ટકા સુધી પહોંચી ગયો હતો, જે એક દિવસ પહેલા ૬૯.૭૪ ટકા હતો. અત્યાર સુધીમાં, તુલસી, વિહાર, તાનસા અને મોડક સાગર તળાવો આ (જુઓ પાનું ૪)

### ધૂળેમાં નદીમાં વૃદ્ધ મહિલા અને પુરુષ તણાઈ ગયાં

ધુળે જિલ્લામાં શુક્રવારે ભારે વરસાદ દરમ્યાન અલગ અલગ ઘટનામાં એક ૬૫ વર્ષીય મહિલા અને એક ૪૦ વર્ષીય પુરુષ તણાઈ ગયા હતા. શુક્રવારે બપોરે લગભગ ૧.૩૦ વાગ્યે માંજરી તાલુકાના રહેવાસી જેઠીબાઈ કુવર સાકરીમાં પૂરગ્રસ્ત પાંજરા નદીમાં ડૂબી ગયા હતા. અન્ય એક ઘટનામાં ભરત માલી બલ્હાણે ગામમાં ગટખલ નદીમાં તણાઈ ગયા હતા. છેલ્લા બે દિવસમાં ભારે વરસાદને કારણે પાંજરા નદી પરનો પાંજરા મધ્યમ પ્રોજેક્ટ સંપૂર્ણ ક્ષમતા પર પહોંચી ગયો હતો અને પાંજરા નદીમાં પૂરથી ભરાયેલા મધ્યમ પ્રોજેક્ટમાંથી પાણી છોડવું પડ્યું, જેના કારણે પાંજરા નદીમાં પાણી ભરાઈ ગયું હતું. ■

## બિલ્ડિંગ કોન્ટ્રેક્ટરની આત્મહત્યા

# ભૂતપૂર્વ વિધાનસભ્ય, તેની પત્નીના આગોતરા જામીન મંજૂર, મનસેના નેતાની અરજી ફગાવાઇ

પુણેઃ પુણેની સેશન્સ કોર્ટે બિલ્ડિંગ કોન્ટ્રેક્ટરની આત્મહત્યાના મામલામાં ભૂતપૂર્વ વિધાનસભ્ય રવીન્દ્ર ધાંગેકર અને તેની પત્નીના આગોતરા જામીન મંજૂર કર્યા હતા, જ્યારે મનસેના નેતા બાળા શેડગેની અરજી ફગાવી દીધી હતી.

એડિશનલ સેશન્સ જજ અનિરુદ્ધ ગાંધીએ ગુરુવારે રવીન્દ્ર ધાંગેકર અને તેની પત્નીને પચીસ હજાર રૂપિયાના પર્સનલ બોન્ડ અને સમાન રકમની શ્યોરિટી પર (શરતોને આધીન) આગોતરા જામીન મંજૂર કર્યા હતા. જોકે સેશન્સ કોર્ટે બાળા શેડગેની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી, જેના નામનો ઉલ્લેખ સૂસાઇડ નોટ તેમ જ બિલ્ડિંગ કોન્ટ્રેક્ટરે અંતિમ પગલું ભરતા પહેલા રેકોર્ડ કરેલા વીડિયોમાં છે.

આ કેસ ૧૬ જુલાઇએ બિલ્ડિંગ સેન્ટરિંગ કોન્ટ્રેક્ટર અને લેબર સપ્લાયર ખલીલ શેખે (૬૫) ગુલટેકડી ખાતેના તેના નિવાસસ્થાને કરેલી આત્મહત્યા સાથે સંબંધિત છે.

ખલીલ શેખની પત્ની સુલતાનાએ નોંધાવેલી ફરિયાદને આધારે સ્વારગેટ પોલીસે શિવસેનાના નેતા ધાંગેકર, તેની પત્ની પ્રતિભા ધાંગેકર, બાળા શેડગે, રઘુનાથ ગોવડા અને અન્ય આઠ જણ સામે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવું અને અન્ય આરોપ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર ખલીલ શેખે તેના મૃત્યુ પૂર્વે રેકોર્ડ કરેલા વીડિયોમાં તેણે વ્યવસાયમાં છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો. શેખના ઘરની બહાર દીવાલ પર સૂસાઇડ નોટ ચોંટાડેલી મળી આવી હતી. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આરોપીઓ શેખને બાકીની રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હતા. તેમાં દાવો કરાયો હતો કે શેડગેએ શેખને મારી નાખવાની ધમકી આપી હતી અને તેની સેન્ટરિંગ સામગ્રી જપ્ત કરી હતી, જેને કારણે તેને સતત હેરાનગતિનો સામનો કરવો પડતાં તેણે જીવનનો અંત આણ્યો હતો. ધાંગેકર દંપતીના આગોતરા જામીન આપતી વખતે કોર્ટે અવલોકન કર્યું હતું કે સૂસાઇડ નોટમાં રવીન્દ્ર ધાંગેકરના નામનો ઉલ્લેખ નથી અને તેનો મૃતક સાથે કોઇ સીધો વ્યાસાયિક વ્યવહાર નહોતો. (પીટીઆઇ)

## પાલઘરમાં બચાવ કામગીરી પૂર્ણ

# બે દિવસમાં ૧,૧૦૦થી વધુ લોકોનું સ્થળાંતર, મૃત્યુઆંક ત્રણ થયો

પાલઘરઃ પાલઘર જિલ્લામાં છેલ્લા બે દિવસમાં ભારે વરસાદને કારણે ઓછોમાં ઓછા બે લોકોનાં મોત થયા છે. ભારે વરસાદને પગલે અનેક ગામો સાથેનો સંપર્ક કપાઈ ગયો છે. સ્થાનિક વહીવટીતંત્ર અને બે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) ટીમે રાતોરાત બચાવ કામગીરી હાથ ધરીને પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૧,૧૫૫થી વધુ લોકોનું સ્થળાંતર કરીને તેમને બચાવ્યા હોવાનું અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું. સુરક્ષાનાં કારણોસર જિલ્લાની શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓને શુક્રવારે પણ બંધ રાખવામાં આવી હતી. ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના વડા વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે મલ્ટી-ઍજન્સી બચાવ અને રાહત કામગીરી સવારે પાંચ વાગ્યાની (જુઓ પાનું ૪)

### વિહારમાં યુવક ડૂબી ગયો

પવઈમાં આવેલા વિહાર તળાવમાં ગુરુવારે ફિલ્ટર પાડા, બાંગુરગાવનો ૧૯ વર્ષનો યુવક તરવા ગયો હતો, જેમાં પાણીનો સ્તર વધુ હોવાથી તે ડૂબી ગયો હતો. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ તેનો મૃતદેહ ભારે જહેમત બાદ શુક્રવારે બપોરના ૨.૧૫ વાગ્યાની આસપાસ મળી આવ્યો હતો. મૃતકનું નામ કૈલાણ સોમન હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

## સેક્સ રૅકેટના ૧૦ વર્ષ જૂના કેસમાં બન્ને આરોપી બેકસૂર

થાણેઃ સેક્સ રૅકેટના ૧૦ વર્ષ જૂના કેસમાં પીડિત મહિલા અને બોગસ ગ્રાહકને ફરિયાદ પક્ષે ચકાસ્યા નહીં, એવું કારણ આપીને થાણેની સેશન્સ કોર્ટે બે આરોપીને નિર્દોષ છોડ્યા હતા.

એડિશનલ સેશન્સ જજ આર. એસ. ભાકરેએ ગોપાલપ્રસાદ રાજેન્દ્રપ્રસાદ ગુપ્તા (૪૪) અને રાકેશકુમાર શામલાલ સરોજ (૪૮) વિરુદ્ધના બધા આરોપ પડતા મૂક્યા હતા. તેમની વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા અને ઈમ્મોરલ ટ્રાફિકિંગ (પ્રિવેન્શન) ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ફરિયાદ પક્ષ અનુસાર થાણેના ઘોડબંદર રોડ પરના એક સ્થળે પોલીસે સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ રેઇડ કરી હતી અને બોગસ ગ્રાહકની મદદથી એક રિક્ષામાંથી આરોપી અને બે મહિલાને પકડી પાડ્યાં હતાં.જજે નોંધ કરી હતી કે ટ્રાયલ દરમિયાન મહિલા કે બોગસ ગ્રાહકનું પરીક્ષણ કરાયું નહોતું.

પીડિતાની ઊલટતપાસ લેવામાં આવી નથી એટલે તેણે તપાસકર્તા પક્ષને જે કંઈ કહ્યું છે તે કહેવાતી વાતો ગણી શકાય. આ પુરાવાની નબળી કળી છે, એવું અવલોકન જજે કર્યું હતું.

કોર્ટે એવી પણ નોંધ કરી હતી કે ફરિયાદ પક્ષે બોગસ ગ્રાહકની પણ ઊલટતપાસ કરી નથી. તેથી આરોપી અને પીડિતા વચ્ચે જે વાતો થઈ તે તેઓ જ કહી શકે છે. (પીટીઆઈ)

# મુંબઈમાં પોલીસે મહિલા પ્રદર્શનકારી સાથે ગેરવર્તણૂક કર્યાનો વીડિયો વાઈરલ

મુંબઈઃ મુંબઈમાં નીટ પેપર લીક સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન એક પોલીસકર્મી દ્વારા મહિલા પ્રદર્શનકારી સાથે કથિત રીતે ગેરવર્તણૂક (ધક્કામુક્કી) કરવામાં આવી હોવાનો વીડિયો વિવાદનું કારણ બન્યો છે. વિપક્ષી નેતાઓએ તે પોલીસકર્મી સામે કડક કાર્યવાહીની માગ કરી છે.

મધ્ય મુંબઈના દાદરમાં થયેલા વિરોધ પ્રદર્શનના એક વાઇરલ વીડિયો અંગે વિપક્ષે રોષ વ્યક્ત કર્યો છે. આ વીડિયોમાં સાદા વેશમાં રહેલા એક પોલીસકર્મીને વિરોધ કરી રહેલા એક પુરુષને પકડતા અને સાથે જ બચાવ કરવા વચ્ચે આવતી એક મહિલાને પણ પકડતા જોઈ શકાય છે.

મુંબઈ કૉંગ્રેસના વડા વર્ષા ગાયકવાડે 'એકસ' પર વિરોધ પ્રદર્શનનો વીડિયો શેર કરતા દાવો કર્યો હતો કે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને ધમકાવવામાં આવી રહ્યા છે અને તેમની સામે ખોટા કેસ દાખલ કરવામાં આવી રહ્યા છે. દિવસ દરમિયાન અગાઉની અન્ય એક પોસ્ટમાં, તેમણે પોલીસ કર્મચારીઓના વર્તન પર સવાલ ઉઠાવ્યા હતા. એનસીપી (એસપી) ના ધારાસભ્ય રોહિત પવારે, પણ વિરોધ પ્રદર્શનનો એ જ વીડિયો શેર (જુઓ પાનું ૪)

### પોલીસ આંદોલનકારીને રોકવાનો પ્રયાસ કરી રહી હતી, મહિલા વચ્ચે આવી ગઇ

#### વાઈરલ થયેલા વીડિયો પર મુંબઈ પોલીસની સ્પષ્ટતા

મુંબઈઃ મુંબઈમાં આંદોલન દરમિયાન પોલીસ કર્મચારી એક મહિલા આંદોલનકારી સાથે કથિત રીતે ગેરવર્તન કરતો હોવાનો વીડિયો વાઇરલ થયા બાદ પોલીસની આકરી ટીકા થઇ હતી. આ સામે હવે મુંબઈ પોલીસે શુક્રવારે સ્પષ્ટતા કરી હતી કે ઘટનાનું ખોટું અર્થઘટન કરવામાં આવી છે. સાદાવેશમાં તે પોલીસ કર્મચારી પુરુષ આંદોલનકારીને રોકવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે મહિલા વચ્ચે આવી ગઇ હતી.કૉંગ્રેસનાં સાંસદ વર્ષા ગાયકવાડે એક્સ પર વીડિયો શૅર કર્યો ત્યારે વિપક્ષ દ્વારા આકરી ટીકા કરાઇ હતી, જ્યારે રાષ્ટ્રવાદી (એસપી)ના નેતા રોહિત પવારે ક્લિપમાં દેખાતાં (જુઓ પાનું ૪)

## મહારાષ્ટ્ર સરકારે એમબીબીએસ સ્નાતકો માટે ફરજિયાત એક વર્ષના સર્વિસ બોન્ડની શરત રદ કરી

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે રાજ્યની મેડિકલ કોલેજોના એમબીબીએસ વિદ્યાર્થીઓ માટે ફરજિયાત એક વર્ષના સર્વિસ બોન્ડની શરત રદ કરી છે.

આ નિર્ણયથી સરકારી, અનુદાનિત અને મ્યુનિસિપલ મેડિકલ કોલેજો તેમજ ખાનગી બિન-અનુદાનિત કોલેજોના સ્નાતકોને લાભ થશે. ૨૩ જુલાઈના સરકારી ઠરાવ (જીઆર) મુજબ, બોન્ડની શરત માત્ર એવા જ સ્નાતકોને લાગુ પડશે જેમણે આ ઠરાવ પહેલાં જ તેમને ફાળવવામાં આવેલી બોન્ડ-સર્વિસની જગ્યાએ ફરજ સંભાળી લીધી હોય. જેમને કોઈ પદ ફાળવવામાં આવ્યું નહોતું અથવા ફાળવવામાં (જુઓ પાનું ૪)

## તમારા હાથમાં બંદૂકો-ડંડા, અમારા હાથમાં તિરંગોઃ ઉદ્ધવ ઠાકરે

મુંબઈઃ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા માટે કોક્રોચ જનતા પાર્ટી દિલ્હીના જંતર મંતર પર વિરોધ પ્રદર્શન કરી રહી છે. મહારાષ્ટ્રમાં પણ જોરદાર વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. શુક્રવારે શિવાજી પાર્ક ખાતે ફરી એકવાર વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં ઊમટી પડ્યા હતા. શિવસેના ઠાકરે જૂથ દ્વારા તિરંગા મોરચો કાઢવામાં આવ્યો હતો. આ મોરચાને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો. શિવાજી પાર્ક ખાતે યુવાનો એકઠા થયા. મોરચાને સંબોધિત કરતી વખતે શિવસેના પક્ષના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ ફરી એકવાર ભાજપને પડકાર ફેંક્યો હતો.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે 'આ તિરંગા સામે લડવાની હિંમત આજ સુધી કોઈએ કરી નથી. તમે લાકડીઓ લઈને આવો, તમે (જુઓ પાનું ૪)

## મુંબઈમાં ઠાકરે બંધુઓના મહામોરચામાં કૉંગ્રેસ પણ જોડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિદ્યાર્થીઓના મુદ્દે રાજકીય વાતાવરણ ગરમાઈ રહ્યું છે ત્યારે વિદ્યાર્થીઓના પ્રશ્નોને લઈને શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે અને મનસે પ્રમુખ રાજ ઠાકરે દ્વારા ૨૬ જુલાઈએ મુંબઈમાં યોજાનારા મહામોરચામાં કૉંગ્રેસ પણ જોડાઈ તેવા સંકેત આપવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર કૉંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે જણાવ્યું કે વિદ્યાર્થીઓના મુદ્દે જો તમામ પક્ષો એકસાથે આવી રહ્યા હોય તો કૉંગ્રેસને તેમાં કોઈ વાંધો નથી. આ અંગે રવિવારના મોર્ચાની રણનીતિ નક્કી કરવા મહાવિકાસ આઘાડીની બેઠક યોજાવાની છે. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ ૨૩ જુલાઈએ સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને વિદ્યાર્થીઓની માગણીઓના સમર્થનમાં મહામોરચાની જાહેરાત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને અન્ય રાજકીય પક્ષોને પણ મોરચામાં જોડાવાની (જુઓ પાનું ૪)

# ચાલતી ટ્રેનમાંથી કૂદીને ગૃહિણીએ આપઘાત કર્યાના આઠ મહિના પછી સાસરિયાં સામે ગુનો

### પોલીસ અકસ્માત મૃત્યુ સમજી, પણ લોકલ ટ્રેનના ડબ્બામાં લાગેલા સીસીટીવી કૅમેરા પરથી આત્મહત્યા હોવાનું સ્પષ્ટ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુલુંડમાં સાસરે રહેતી ગૃહિણીએ મંદિરમાં જવાને બહાને ઘરેથી નીકળ્યા પછી કલવા-મુંબ્રા વચ્ચે ચાલતી ટ્રેનમાંથી કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હતી. થાણે રેલવે પોલીસ શરૂઆતમાં અકસ્માત મૃત્યુ સમજી હતી, પરંતુ તપાસ દરમિયાન લોકલ ટ્રેનના ડબ્બામાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ જોતાં આત્મહત્યાનો મામલો હોવાનું સ્પષ્ટ થયું હતું. ઘટનાના આઠ મહિના પછી ગૃહિણીના પતિ અને સાસુ-સસરા વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

થાણે રેલવે પોલીસના જણાવ્યા મુજબ શિખા આકાશ જૈને ૧૦ નવેમ્બર, ૨૦૨૫ની બપોરે ચાલતી ટ્રેનમાંથી કૂદકો માર્યો હતો. આ પ્રકરણે શિખાના પિતા અને મુંબઈના કાલાચોકી પરિસરમાં રહેતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સુરેશ જૈને નોંધાવેલી ફરિયાદને આધારે મંગળવારે શિખાના પતિ આકાશ જૈન, સસરા રણજિત અને સાસુ બૉબી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૮ હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર જાન્યુઆરી, ૨૦૨૩માં શિખાનાં લગ્ન આકાશ થયા પછી તે મુલુંડમાં સાસરે રહેતી હતી. ૧૭ જુલાઈ, ૨૦૨૫ના શિખાએ બાળકીને જન્મ આપ્યા પછી તેનું વર્તન બદલાયેલું જણાતું હતું. પરિણામે શિખા દીકરી સાથે પિયર આવી હતી. પિયરમાં પણ તે ગુમસૂમ બેઠી રહેતી હતી તેથી અંધેરીમાં તેને ડૉક્ટર પાસે ચકાસણી માટે લઈ જવામાં આવી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે શિખા ગર્ભાવસ્થા પછીની માનસિક અસ્વસ્થતાથી પીડાતી હોવાનું નિદાન ડૉક્ટરે કર્યું હતું. આ સ્થિતિમાં તે પોતાને અને બાળકીને પણ નુકસાન પહોંચાડી શકે છે તેથી તેને એકલી ક્યાંય જવા દેવી નહીં, એવો અભિપ્રાય ડૉક્ટરે આપ્યો હતો.

શિખાની માનસિક સ્થિતિની જાણ હોવા છતાં પતિ અને સાસરિયાં દ્વારા તેને કથિત ત્રાસ આપવામાં આવતો હતો અને વારંવાર તેને વઢતા હતા, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.આખરે મંદિરે જઈ રહી હોવાનું કહીને ૧૦ નવેમ્બર, ૨૦૨૫ની બપોરે ઘરેથી નીકળેલી શિખા પાછી ફરી નહોતી. તેનો મૃતદેહ કલવા અને મુંબ્રા વચ્ચે રેલવે ટ્રેક પરથી મળી આવ્યો હતો. તે સમયે થાણે રેલવે પોલીસે અકસ્માત મૃત્યુની નોંધ કરી હતી. જોકે શિખાના પિતાએ આ ઘટનાની ઊંડાણપૂર્વક તપાસની વિનંતી પોલીસને કરી હતી.

કહેવાય છે કે પોલીસ તપાસમાં શિખાનું અકસ્માત મૃત્યુ નહીં, પણ તેણે આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું હતું. તે દિવસે શિખાએ જે ટ્રેનમાં મુસાફરી કરી હતી તેના ડબ્બામાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજ પરથી સ્પષ્ટ થયું હતું કે શિખાએ ચાલતી ટ્રેનમાંથી કૂદકો માર્યો હતો. આ અંગે પોલીસે શિખાના પરિવારની પૂછપરછ કરી હતી. શિખાના પિતાએ આપેલા નિવેદનને આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# બાન્દ્રામાં સ્ટેટ ઈલેક્ટ્રિસિટીના મુખ્યાલયમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાન્દ્રા પૂર્વમાં આવેલા મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રીબ્યુશન કંપની લિમિટેડનું મુખ્યાલય પ્રકાશગઢમાં શુક્રવારે બપોરના આગ ફાટી નીકળી હતી, જેના કારણે કર્મચારીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. આગને કારણે આખી ઇમારત ખાલી કરાવવામાં આવી હતી. આગને કારણે ત્રણ કર્મચારીઓને ગૂંગળામણ થતા તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પ્રાથમિક માહિતી અનુસાર શુક્રવારે બપોરના મુખ્યાલયની બિલ્ડિંગના છઠ્ઠા માળે આગ લાગી હતી. છઠ્ઠા માળેથી ગાઢ ધુમાડો નીકળવા લાગ્યો હતો, તેની સાથે તીવ્ર સળગતી ગંધ પણ આવવા માંડી હતી, જેના કારણે કર્મચારીઓમાં ગભરાટ ફેલાયો હતો. બિલ્ડિંગના કેટલાક ભાગોમાં ધુમાડો ફેલાતાં અધિકારીઓએ તાત્કાલિક સ્થળાંતર શરૂ કર્યું હતું અને સાવચેતીનાં પગલાં તરીકે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

ઘટનાની માહિતી મળતાં જ મુંબઈ ફાયર બ્રિગેડ પાંચ ફાયર એન્જિન સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આગને કાબૂમાં લેવા અને તેને ઇમારતના અન્ય ભાગોમાં ફેલાતી અટકાવવા માટે ફાયર ફાઇટરોએ કામગીરી શરૂ કરી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. અધિકારીઓએ શોર્ટ સર્કિટની શક્યતા વ્યક્ત કરી હતી. જોકે આગ સંપૂર્ણપણે (જુઓ પાનું ૪)

## સચિન આહિરના વરલીના ઘરમાંથી ૨.૬૫ કરોડ રૂપિયાની મતાની ચોરીના કેસમાં નોકર ઝડપાયો

મુંબઈઃ શિવસેનાના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્ર વિધાન પરિષદના ઉપાધ્યક્ષ સચિન આહિરના વરલી સ્થિત નિવાસસ્થાને રોકડ અને ઘરેણાં સહિત ૨.૬૫ કરોડ રૂપિયાની મતાની ચોરીના કેસમાં ક્રાઇમ બ્રાન્ચે નોકરની ધરપકડ કરી હતી.

નોકરની ઓળખ પ્રવીણ સોલંકી (૪૫) તરીકે થઇ હોઇ તે છેલ્લા બે દાયકાથી ત્યાં કામ કરતો હતો. પોલીસ હવે આહિરને ત્યાં ઘરકામ કરનારા અન્ય ત્રણ જણની તપાસ કરી રહી છે.

સચિન આહિરના પુત્ર કૃષ્ણ આહિરે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે છેલ્લાં ત્રણ વર્ષથી તેમના ઘરમાંથી કીમતી મતા ચોરાઇ હતી, જેમાં સોના-હીરા જડિત દાગીના, ચાંદીનાં વાસણો અને રોકડનો સમાવેશ હતો. ચોરીમાં ચાર ઘરનોકરની સંડોવણીની શંકા વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રકરણે ગુનો (જુઓ પાનું ૪)

## સેક્સ રૅકેટના ૧૦ વર્ષ જૂના કેસમાં બન્ને આરોપી બેકસૂર

થાણેઃ સેક્સ રૅકેટના ૧૦ વર્ષ જૂના કેસમાં પીડિત મહિલા અને બોગસ ગ્રાહકને ફરિયાદ પક્ષે ચકાસ્યા નહીં, એવું કારણ આપીને થાણેની સેશન્સ કોર્ટે બે આરોપીને નિર્દોષ છોડ્યા હતા.એડિશનલ સેશન્સ જજ આર. એસ. ભાકરેએ ગોપાલપ્રસાદ રાજેન્દ્રપ્રસાદ ગુપ્તા (૪૪) અને રાકેશકુમાર શામલાલ સરોજ (૪૮) વિરુદ્ધના બધા આરોપ પડતા મૂક્યા હતા. તેમની વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા અને ઈમ્મોરલ ટ્રાફિકિંગ (પ્રિવેન્શન) ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.ફરિયાદ પક્ષ અનુસાર થાણેના ઘોડબંદર રોડ પરના એક સ્થળે પોલીસે સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ રેઇડ કરી હતી અને બોગસ ગ્રાહકની મદદથી એક રિક્ષામાંથી આરોપી અને બે મહિલાને પકડી પાડ્યાં હતાં.જજે નોંધ કરી હતી કે ટ્રાયલ દરમિયાન મહિલા કે બોગસ ગ્રાહકનું પરીક્ષણ કરાયું નહોતું.પીડિતાની ઊલટતપાસ લેવામાં આવી નથી એટલે તેણે તપાસકર્તા પક્ષને જે કંઈ કહ્યું છે તે કહેવાતી વાતો ગણી શકાય. આ પુરાવાની નબળી કળી છે, એવું અવલોકન જજે કર્યું હતું.કોર્ટે એવી પણ નોંધ કરી હતી કે ફરિયાદ પક્ષે બોગસ ગ્રાહકની પણ ઊલટતપાસ કરી નથી. તેથી આરોપી અને પીડિતા વચ્ચે જે વાતો થઈ તે તેઓ જ કહી શકે છે. સ્વતંત્ર સાક્ષીદારોનો સંદર્ભ આપતાં કોર્ટે જણાવ્યું હતું કે તે અનેક કેસોમાં સ્વતંત્ર સાક્ષી રહ્યા છે. કોઈ સ્વતંત્ર પુરાવો ન હોવાથી કોર્ટે બન્ને આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા. (પીટીઆઈ) ■

## સેક્સ રૅકેટના ૧૦ વર્ષ જૂના કેસમાં બન્ને આરોપી બેકસૂર

થાણેઃ સેક્સ રૅકેટના ૧૦ વર્ષ જૂના કેસમાં પીડિત મહિલા અને બોગસ ગ્રાહકને ફરિયાદ પક્ષે ચકાસ્યા નહીં, એવું કારણ આપીને થાણેની સેશન્સ કોર્ટે બે આરોપીને નિર્દોષ છોડ્યા હતા.એડિશનલ સેશન્સ જજ આર. એસ. ભાકરેએ ગોપાલપ્રસાદ રાજેન્દ્રપ્રસાદ ગુપ્તા (૪૪) અને રાકેશકુમાર શામલાલ સરોજ (૪૮) વિરુદ્ધના બધા આરોપ પડતા મૂક્યા હતા. તેમની વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા અને ઈમ્મોરલ ટ્રાફિકિંગ (પ્રિવેન્શન) ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.ફરિયાદ પક્ષ અનુસાર થાણેના ઘોડબંદર રોડ પરના એક સ્થળે પોલીસે સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ રેઇડ કરી હતી અને બોગસ ગ્રાહકની મદદથી એક રિક્ષામાંથી આરોપી અને બે મહિલાને પકડી પાડ્યાં હતાં.જજે નોંધ કરી હતી કે ટ્રાયલ દરમિયાન મહિલા કે બોગસ ગ્રાહકનું પરીક્ષણ કરાયું નહોતું.પીડિતાની ઊલટતપાસ લેવામાં આવી નથી એટલે તેણે તપાસકર્તા પક્ષને જે કંઈ કહ્યું છે તે કહેવાતી વાતો ગણી શકાય. આ પુરાવાની નબળી કળી છે, એવું અવલોકન જજે કર્યું હતું.કોર્ટે એવી પણ નોંધ કરી હતી કે ફરિયાદ પક્ષે બોગસ ગ્રાહકની પણ ઊલટતપાસ કરી નથી. તેથી આરોપી અને પીડિતા વચ્ચે જે વાતો થઈ તે તેઓ જ કહી શકે છે. સ્વતંત્ર સાક્ષીદારોનો સંદર્ભ આપતાં કોર્ટે જણાવ્યું હતું કે તે અનેક કેસોમાં સ્વતંત્ર સાક્ષી રહ્યા છે. કોઈ સ્વતંત્ર પુરાવો ન હોવાથી કોર્ટે બન્ને આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા. (પીટીઆઈ) ■

## એસી કોચમાંથી ચોરી કરનારો રીઢો ચોર પકડાયોઃ ૨૬ લાખના દાગીના મળ્યા

થાણેઃ લાંબા અંતરની ટ્રેનોના એસી કોચમાંથી મુસાફરોનો સામાન ચોરનારા રીઢા ચોરને રેલવે પોલીસે પકડી પાડતાં તેની પાસેથી અંદાજે ૨૬ લાખ રૂપિયાના સોના-ચાંદીના દાગીના મળી આવ્યા હતા.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ રઘુ સુમન ખોસલા (૪૧) તરીકે થઈ હતી. ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદનો વતની ખોસલા નવી મુંબઈના પનવેલ રેલવે સ્ટેશને આંટા મારતો સીસીટીવી સર્વેલન્સમાં દેખાયો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે ૧૭ જુલાઈએ મંગલા લક્ષદ્વીપ એક્સપ્રેસના એસી કોચમાંથી ઊતરીને આરોપી શંકાસ્પદ રીતે ફરતો નજરે પડ્યો હતો. પરિણામે શંકાને આધારે તાબામાં લઈ તેની પાસેની બૅકપેકની તપાસ કરવામાં આવી હતી. બૅગમાંથી મોટી સંખ્યામાં સોના-ચાંદીના દાગીના મળી આવ્યા હતા. આ દાગીના સંબંધે સંતોષકારક જવાબ આપવામાં નિષ્ફળ જતાં પોલીસે તેને કસ્ટડીમાં લીધો હતો.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ખોસલા રેકોર્ડ પરનો આરોપી છે અને તેની વિરુદ્ધ મુંબઈ રેલ નેટવર્ક તેમ જ અન્ય રાજ્યોમાં ૩૯ જેટલા ગુના નોંધાયેલા છે.

# પેરા પાવરલિફ્ટિંગમાં ભારતને મળી નિરાશા, મેડલ જીતવાથી ચૂકયા

ગ્લાસગોઃ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ના બીજા દિવસે પેરા પાવરલિફિ્ટંગમાં ભારત મેડલ જીતવાથી ચૂકી ગયું હતું. અશોક મલિક અને પરમજીત કુમાર મેડલની રેસમાંથી બહાર થઈ ગયા હતા. પુરુષોની લાઇટવેઇટ પેરા પાવરલિફ્ટિંગ ઇવેન્ટમાં ભારતનો પડકાર નિરાશાજનક રીતે સમાપ્ત થયો. બંને ભારતીય પેરા પાવરલિફ્ટર્સ મેડલ જીતવાથી ચૂકી ગયા હતા. અશોક પોતાના અંતિમ પ્રયાસમાં ૨૦૫ કિગ્રા વજન ઉપાડવામાં નિષ્ફળ ગયો અને ચોથા સ્થાને રહ્યો. જોકે, તેણે ૧૪૩.૮ પોઈન્ટ મેળવીને ૨૦૦ કિગ્રાનું પોતાનું શ્રેષ્ઠ વ્યક્તિગત વજન ઉપાડ્યું હતું.

પરમજીત કુમાર છઠ્ઠા સ્થાને રહ્યો હતો. ૧૭૯ કિગ્રાના તેના અંતિમ પ્રયાસને નો-લિફ્ટ જાહેર કરવામાં આવ્યો, જેના પરિણામે ૧૭૬ કિગ્રાનું શ્રેષ્ઠ વજન ઉપાડ્યું હતું જેના કારણે તેને ૧૩૫.૬ પોઈન્ટ મળ્યા હતા. ઈંગ્લેન્ડના માર્ક સ્વાને ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે નાઈજીરિયાના રોલેન્ડ એઝુરુઈકે સિલ્વર મેડલ જીત્યો હતો. બંનેએ ૧૫૩.૯ પોઈન્ટ મેળવ્યા હતા.

મલેશિયાના બોની બુન્યુ ગુસ્ટિને ૧૫૩.૫ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ૨૦૦ કિલોગ્રામના પોતાના શ્રેષ્ઠ વ્યક્તિગત લિફ્ટ છતાં તેનાથી અશોક ૯.૭ પોઈન્ટ પાછળ રહ્યો હતો.

પેરા સ્વિમિંગમાં કાર્તિક (આરવીવીબીકે) બુડિગીના અને અલી ઇમામે પુરુષોની ૧૦૦ મીટર ફ્રીસ્ટાઇલ એસ૧૩ કેટેગરીની ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. ■

# ભારતીય સ્વિમર શ્રીહરિ નટરાજ સેમિફાઈનલમાં

ગ્લાસગો : ભારતીય સ્વિમર શ્રીહરિ નટરાજ કોમનવેલ્થ ગેમ્સમાં પુરુષોની ૫૦ મીટર બેકસ્ટ્રોક ઇવેન્ટમાં શુક્રવારે અહીં સંયુક્ત ૧૪મા સ્થાન પર રહેલા સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. બે વખતના ઓલિમ્પિયન અને અનેક રાષ્ટ્રીય રેકોર્ડ ધરાવતા નટરાજને ૨૫.૫૨ સેકન્ડનો સમય લાગ્યો હતો. તેણે બર્મુડાના જેક હાર્વે સાથે સંયુક્ત રીતે ૧૪મા સ્થાને રહ્યો હતો. સેમિફાઈનલ માટે હીટથી ફક્ત ૧૬ સ્વિમર્સની પસંદગી કરવામાં આવી છે. નટરાજ પોતાની આઠ ખેલાડીઓ ધરાવતી હીટમાં પાંચમા સ્થાને રહ્યો હતો.

પેરા-સ્વિમિંગમાં ભારતના આરવીવીબીકે બુડિગીના અને ઇમામ અલી પુરુષોની ૧૦૦ મીટર ફ્રીસ્ટાઇલ એસ૧૩ કેટેગરીના ફાઇનલ માટે ક્વોલિફાય થયા હતા. હીટમાં ભાગ લેનારા તમામ આઠ તરવૈયાઓ ફાઇનલમાં પહોંચ્યા હતા.

બુડિગીના તેની હીટમાં ૫૭.૧૦ સેકન્ડના સમય સાથે ત્રીજા સ્થાને રહ્યો, જ્યારે ઇમામ અલી ૧:૦૫.૩૨ સેકન્ડના સમય સાથે આઠમા સ્થાને રહ્યો હતો. એસ૧૩ કેટેગરી એ પેરા સ્વિમિંગ કેટેગરી છે જે ઓછી દ્રષ્ટિ ધરાવતા ખેલાડીઓની છે. ■








**શાનદાર શરૂઆતઃ** ગ્લાસગોમાં રાષ્ટ્રકુળ રમતોત્સવના રંગારંગ ઉદ્ઘાટનમાં ભારતીય ટુકડી, રાજા ચાર્લ્સ અને કેમિલા તથા નૃત્ય રજૂ કરતા ભારતીય કલાકારો. (એજન્સી)



# વર્લ્ડ કપ ફાઈનલમાં આર્જેન્ટિનાની ટીમનું વર્તન અસ્વીકાર્યઃ સ્પેનના કૉચ

જીનિવાઃ વર્લ્ડ કપ ફાઇનલ દરમિયાન અને પછી આર્જેન્ટિનાના ખેલાડીઓના કથિત વર્તન અંગે ફીફાની તપાસ વચ્ચે સ્પેનના મુખ્ય કોચ લુઇસ ડે લા ફુએન્ટેએ આ ઘટનાઓને 'અસહ્ય અને અસ્વીકાર્ય' ગણાવી હતી. ફિફા વર્લ્ડકપની ફાઈનલમાં આર્જેન્ટિનાને ૧-૦થી હરાવીને સ્પેન ચેમ્પિયન બન્યું હતું. ફિફાએ સોમવારે તેના એક પ્રોસિક્યુટરને બંને ટીમોના ખેલાડીઓ વચ્ચેની મેદાન પરની લડાઈની તપાસનો રિપોર્ટ સોંપવાના નિર્દેશ આપ્યા હતા.

મેચ દરમિયાન આર્જેન્ટિનાના મિડફિલ્ડર લીએન્ડ્રો પેરેડેસ સ્પેનિશ ખેલાડીઓ એરિક ગાર્સિયા અને ગાવી સાથે ટકરાયો હતો જ્યારે સ્પેનનો કેપ્ટન રોડ્રી પર પણ આર્જેન્ટિનાના ડિફેન્ડર નહુનુએલ મોલિના પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેના પેટ પર પ્રહાર કર્યો હતો. ડે લા ફુએન્ટેએ કહ્યું, ''આવી ઘટનાઓને મંજૂરી આપી શકાય નહીં. હું તે સમયે અન્ય લોકો સાથે વિજયની ઉજવણી કરી રહ્યો હતો તેથી હું આ ઘટનાઓને પ્રત્યક્ષ જોઈ શક્યો નહીં તેમ છતાં આટલા દિગ્ગજ ખેલાડીઓ તરફથી આ પ્રકારનું વર્તન અસહ્ય અને અસ્વીકાર્ય છે. થોડા દિવસ પહેલા સુધી હું તેમની અને તેમના તેજસ્વી કોચની પ્રશંસા કરતો હતો.''

આર્જેન્ટિનાના સહાયક કોચ રોબર્ટો આયાલાએ બુધવારે દાની ઓલ્મો સાથેના તેમના ઝઘડા બદલ માફી માગી હતી. તેમણે કહ્યું કે તે માત્ર એક નાનો ઝઘડો હતો અને કોઈ મુક્કા મારવામાં આવ્યા ન હતા. ફુએન્ટેએ તેમના ખેલાડીઓના સંયમની પ્રશંસા કરતા કહ્યું, ''હું ખાસ કરીને આવી આક્રમકતા અને ઉશ્કેરણી સામે અમારી ટીમના વર્તનનો ઉલ્લેખ કરવા માગું છું. અમારા ખેલાડીઓએ હંમેશાં સંયમ જાળવી રાખ્યો. ■

# ડૉપિંગઃ મહિલા જૂડો ખેલાડી તુલિકા માન કૉમનવેલ્થમાંથી આઉટ

નવી દિલ્હીઃ નેશનલ એન્ટિ-ડોપિંગ એજન્સી (નાડા) એ બર્મિંઘમ ૨૦૨૨ કોમનવેલ્થ ગેમ્સની સિલ્વર મેડલ વિજેતા મહિલા જૂડો ખેલાડી તુલિકા માનને છેલ્લા ૧૨ મહિનામાં ત્રણ વખત તેણીના રહેઠાણની જાણકારી ન જણાવવા બદલ કામચલાઉ સસ્પેન્ડ કરી દીધી છે, જેના કારણે તેણીને ગ્લાસગોમાં ચાલી રહેલી કોમનવેલ્થ ગેમ્સ માટે ભારતીય ટીમમાંથી બહાર કરી દેવાઈ છે. તુલિકાએ ૨૦૨૨ બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સમાં ૭૮ કિગ્રા+ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો અને આ વખતે પણ તે મેડલની મજબૂત દાવેદાર હતી.

એક જૂડો કોચે નામ ન આપવાની શરતે પીટીઆઈને જણાવ્યું હતું કે, ''તેણી ૧૨ મહિનામાં ત્રણ વખત તેના રહેઠાણની માહિતી આપવામાં નિષ્ફળ ગઈ હતી અને નાડાએ તેને નોટિસ મોકલી છે. તેથી તેણીને ટીમમાંથી હાંકી કાઢવામાં આવશે.''

ગુરુવારે અન્ય એક ભારતીય જૂડોનો ખેલાડી અરુણ કુમાર (૭૩ કિલોગ્રામથી ઓછા વર્ગ) ને પણ બહાર કરી દેવામાં આવ્યો હતો કારણ કે તે સ્પર્ધાની બહાર કરવામાં આવેલા ડોપ ટેસ્ટમાં નિષ્ફળ રહ્યો હતો. ભારતીય જૂડો ટીમ હજુ સુધી કોમનવેલ્થ ગેમ્સ માટે રવાના થઈ નથી, કારણ કે તેની સ્પર્ધાઓ ૩૧ જુલાઈથી શરૂ થશે. ટીમના જૂડો ખેલાડીઓ ૨૭ જુલાઈએ રવાના થવાના છે. ■

# કોમનવેલ્થની ઑપનિંગ સેરેમનીમાં મીરાબાઇ ચાનુ, લવલીનાએ કર્યું ભારતીય ટીમનું નેતૃત્વ

ગ્લાસગોઃ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ની ઓપનિંગ સેરેમની સ્કોટલેન્ડના ગ્લાસગોમાં યોજાઈ હતી. ભારત તરફથી વેટલિફ્ટર મીરાબાઈ ચાનુ અને બોક્સર લવલીના બોરગોહેને તિરંગા સાથે ટુકડીનું નેતૃત્વ કર્યું હતું. ઓપનિંગ સેરેમનીમાં સ્કોટલેન્ડના વારસાને પ્રદર્શિત કરવામાં આવ્યો, જેમાં મહાસાગરોને પ્લાસ્ટિક મુક્ત કરવાનો સંદેશ પણ સામેલ હતો.

કિંગ ચાર્લ્સ ત્રીજાએ જણાવ્યું હતું કે બેટનમાં મહાસાગરો અને જળમાર્ગોને પ્લાસ્ટિક પ્રદૂષણથી મુક્ત કરવાના પ્રયાસોને આગ્રહ કરતો વધારાનો સંદેશ પણ હતો. ઓપનિંગ સેરેમની ખુલ્લા સ્ટેડિયમને બદલે ૧૪,૩૦૦ લોકોની ક્ષમતાવાળા ઇન્ડોર સ્ટેડિયમમાં યોજાઈ જે કોમનવેલ્થ ગેમ્સના ઇતિહાસમાં પહેલી વાર હતું.

ભારતે ૧૨૫ સભ્યોનું દળ મોકલ્યું છે જે ૧૩ રમતો (પેરા-ગેમ્સ સહિત) માં ભાગ લેશે. આ વર્ષની સ્પર્ધામાં અગાઉની સરખામણીમાં રમતોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. ભારતીય ખેલાડીઓ કોમનવેલ્થમાં પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખવાની આશામાં ગ્લાસગો પહોંચ્યા છે. ■

# અલ્ઝારી જોસેફે પાકિસ્તાન સામે ટેસ્ટ રમવાનો કર્યો ઇનકાર, કોચ સેમીનો ખુલાસો

તારોબાઃ વેસ્ટ ઈન્ડિઝના મુખ્ય કોચ ડેરેન સેમીએ ખુલાસો કર્યો છે કે ફાસ્ટ બોલર અલ્ઝારી જોસેફે શનિવારથી અહીં શરૂ થઈ રહેલી પાકિસ્તાન સામેની બે ટેસ્ટ મેચની ઘરઆંગણે રમાનારી સિરીઝમાં રમવાનો ઇનકાર કર્યો છે. શ્રેણી માટે ટીમની જાહેરાત કરતી વખતે ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝે જણાવ્યું હતું કે જોસેફ વ્યક્તિગત કારણોસર ઉપલબ્ધ નથી, પરંતુ સેમીએ આ અંગે ચોંકાવનારો ખુલાસો કર્યો હતો.

સેમીએ શ્રેણીની પહેલી મેચની પૂર્વસંધ્યાએ એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે ''આ અમારા માટે એક મોટું નુકસાન છે. જોસેફે પસંદગીનો ઇનકાર કર્યો છે. તે સત્ય છે. તેની પસંદગી કરવામાં આવી હતી. મારો મતલબ છે કે, તે ઈજામાંથી વાપસી કરી રહ્યો છે અને પછી કોઈ કારણોસર તેણે પસંદગીનો ઇનકાર કર્યો. તે નિર્ણય મારા અધિકારક્ષેત્રની બહાર છે, જ્યારે કરારબદ્ધ ખેલાડીઓ પસંદગીનો ઇનકાર કરે છે ત્યારે શું થાય છે તેનો ઉકેલ શોધવાનું હું ડિરેક્ટરો પર છોડી દઈશ.

જોસેફે વેસ્ટ ઈન્ડિઝ માટે ૪૨ ટેસ્ટ રમી છે અને ૧૩૦ વિકેટ લીધી છે. બીજી ટેસ્ટ બે ઑગસ્ટથી પોર્ટ ઑફ સ્પેનમાં રમાશે. ■

# એશિયન ગેમ્સમાં ભારતીય ટીમો સીધી ક્વૉર્ટર ફાઇનલમાં

### ભારત અને પાકિસ્તાન વચ્ચે થઇ શકે છે મુકાબલો

નવી દિલ્હીઃ જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સના ક્વૉર્ટર ફાઇનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત અને પાકિસ્તાનની પુરુષ અને મહિલા ક્રિકેટ ટીમને ક્વૉર્ટર ફાઈનલમાં સ્થાન મળ્યું છે. ભારતીય મહિલા ટીમ જાપાન સામે પોતાનું અભિયાન શરૂ કરશે, જ્યારે પુરુષ ટીમનો સામનો પ્રારંભિક રાઉન્ડ પછી નક્કી થશે. ભારતીય મહિલા ટીમ સેમિફાઇનલમાં બાંગ્લાદેશ અથવા ચીનનો સામનો કરશે. ભારતીય પુરુષ ટીમ સેમિફાઇનલમાં પાકિસ્તાનનો સામનો કરી શકે છે. એશિયન ગેમ્સમાં પુરુષ ક્રિકેટ સ્પર્ધા ૨૪ સપ્ટેમ્બરથી શરૂ થશે, જેની ફાઇનલ ૧ ઓક્ટોબરે રમાશે. મહિલા કેટેગરીની સ્પર્ધા ૧૭ થી ૨૨ સપ્ટેમ્બર સુધી ચાલશે. ભારતીય મહિલા ટીમ ફાઇનલમાં પાકિસ્તાનનો સામનો કરી શકે છે. પુરુષોની સ્પર્ધામાં દસ ટીમો ભાગ લઈ રહી છે. પ્રાથમિક રાઉન્ડમાં ગ્રૂપ-એમાં અફઘાનિસ્તાન, જાપાન અને નેપાળનો સમાવેશ થશે અને ગ્રૂપ-બીમાં હોંગકોંગ, ચીન, મલેશિયા અને ઓમાનનો સમાવેશ થશે. બંને સ્પર્ધાઓ આઈચી પ્રીફેક્ચરના કોરોજી એથ્લેટિક પાર્ક ખાતે ટી-૨૦ ફોર્મેટમાં રમાશે. શ્રેયસ ઐય્યર ભારતીય પુરુષ ટીમની કેપ્ટનશિપ કરશે જ્યારે હરમનપ્રીત કૌર ભારતીય મહિલા ટીમનું નેતૃત્વ કરશે. ક્રિકેટ ચોથી વખત એશિયન ગેમ્સ કાર્યક્રમનો ભાગ છે. ■

# આજે ઝિમ્બાબ્વે સામે બીજી ટી-૨૦ મેચ, સિરીઝ જીતવાનો પ્રયાસ કરશે ટીમ ઈન્ડિયા

હરારે : કેપ્ટન શ્રેયસ ઐયરની કેપ્ટનશિપ હેઠળ ભારત શનિવારે ઝિમ્બાબ્વે સામે બીજી ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમશે. ભારત આ મેચ જીતીને સિરીઝ જીતવાનો પ્રયાસ કરશે. ઝિમ્બાબ્વેના પ્રવાસે આવેલી યુવા ભારતીય ક્રિકેટ ટીમે પોતાના અભિયાનની મજબૂત શરૂઆત કરી છે. ત્રણ મેચની ટી૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચમાં શાનદાર જીત બાદ ભારતીય ટીમ હવે શ્રેણી જીતવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. પહેલી મેચ જીતીને ભારતે શ્રેણીમાં ૧-૦થી લીડ મેળવી લીધી છે. ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે શ્રેણીની બીજી ટી-૨૦ મેચ શનિવાર, ૨૫ જુલાઈના રોજ સાંજે સાડા ચાર વાગ્યે રમાશે.

યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીના ૧૯ બોલમાં ૫૦ રન અને મયંક યાદવની ધમાકેદાર બોલિંગ (ચાર ઓવરમાં ૨/૧૮) એ ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ઝિમ્બાબ્વેના ઘરઆંગણે તાજેતરના સારા પ્રદર્શનને ધ્યાનમાં રાખીને આ જીત પણ મહત્ત્વપૂર્ણ છે. સૂર્યવંશીની અડધી સદી, ઇશાન કિશનના ૩૫ અને કેપ્ટન ઐયરના અણનમ ૨૮ રનની મદદથી ભારતે સાત વિકેટ બાકી રહેતા ૧૨૬ રનનો લક્ષ્યાંક સરળતાથી હાંસલ કરી લીધો હતો. અભિષેક શર્માએ પ્રથમ મેચમાં સારું પ્રદર્શન કર્યું નહોતું. સૂર્યવંશીએ ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અડધી સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી બનવાનો રેકોર્ડ બનાવ્યો હતો. આ યુવા બેટ્સમેન માટે એક મોટી રાહત હશે, કારણ કે ઇંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન તે કાંઈ ખાસ કરી શક્યો નહોતો.

જોકે, ભારતીય ટીમ મેનેજમેન્ટ બેટિંગના પ્રભાવશાળી પ્રદર્શન કરતાં યુવા ઝડપી બોલિંગ આક્રમણના સામૂહિક પ્રયાસથી વધુ ખુશ થશે. વીવીએસ લક્ષ્મણ આ શ્રેણી માટે મુખ્ય કોચ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. ફાસ્ટ બોલર પ્રિન્સ યાદવે પણ આ મેચમાં સારું પ્રદર્શન કર્યું, ૨૯ રન આપીને બે વિકેટ લીધી હતી. અશોક શર્માએ પણ તેની ગતિથી પ્રભાવિત કર્યા પરંતુ વિકેટ મળી નહોતી.

પરંતુ સૌથી મોટી સિદ્ધિ જમણા હાથના ઝડપી બોલર મયંકની ક્રિકેટમાં સફળ વાપસી છે. તે ઈજાને કારણે લગભગ બે વર્ષ સુધી ક્રિકેટથી દૂર રહ્યો હતો. ઝિમ્બાબ્વેને પાવરપ્લેમાં ઘણી બધી વિકેટ ગુમાવવાનો અફસોસ થશે. ■

# ઈજામાંથી વાપસી કરવી મારા માટે ખૂબ મુશ્કેલ રહીઃ મયંક યાદવ

હરારેઃ ભારતના ઝડપી બોલર મયંક યાદવે ઈજામાંથી સ્વસ્થ થયા બાદ બે વર્ષ બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરી હતી. તેણે આ સમયને પોતાના કરિયરનો સૌથી મુશ્કેલ તબક્કો ગણાવ્યો અને સ્વીકાર્યું છે કે ૨૨-૨૩ વર્ષની ઉંમરે વારંવાર નિષ્ફળતાઓનો સામનો કરવાથી તેની માનસિક કસોટી થઈ હતી. ઓક્ટોબર ૨૦૨૪ પછી ભારત માટે ગુરુવારે હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે ઝિમ્બાબ્વે સામેની પોતાની પહેલી મેચ રમીને શાનદાર પ્રદર્શન કર્યું હતું.

તેણે કહ્યું કે દેશનું પ્રતિનિધિત્વ કરવાનું સ્વપ્ન તેને મુશ્કેલ સમયમાં આગળ વધારતું રહ્યું હતું. તે ખૂબ જ મુશ્કેલ હતું. બે વર્ષનો સમયગાળો મારા માટે એક વ્યક્તિ તરીકે ખૂબ જ પડકારજનક હતો. તે સમયે હું ફક્ત ૨૨-૨૩ વર્ષનો હતો, તેથી તે હંમેશાં મને અસર કરતું હતું કે મને આટલી નાની ઉંમરે આટલી બધી મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું.''

મયંકે કહ્યું હતું કે ''પરંતુ તે જ સમયે દેશ માટે રમવાની પ્રેરણા એ દરેક ખેલાડીનું બાળપણનું સ્વપ્ન છે. તે મારા માટે પ્રેરણા હતી. દિલ્હીના ખેલાડીએ કહ્યું કે હરારેની પરિસ્થિતિઓ તેની બોલિંગ શૈલીને અનુકૂળ હતી અને તેની વાપસી પર તાત્કાલિક અસર કરવામાં મદદ કરી હતી. મેં ઝિમ્બાબ્વે વિશે ઘણું સાંભળ્યું હતું કે અહીં ઝડપી બોલરો માટે સારી મદદ મળે છે. હું હરારેમાં પ્રથમ વખત રમી રહ્યો છું અને તે ખૂબ સારું લાગ્યું. મને વિકેટથી ઘણી મદદ મળી રહી હતી અને મને લાગે છે કે તેનાથી મને ટીમમાં યોગદાન આપવામાં મદદ મળી.''

મયંકે કેપ્ટન શ્રેયસ ઐયરની પ્રશંસા પણ કરી કે તેણે તેના બોલરોને સંપૂર્ણ સ્વતંત્રતા આપી હતી. હું પહેલીવાર તેની કેપ્ટનશિપ હેઠળ રમી રહ્યો છું. મને તેની કેપ્ટનશિપ હેઠળ રમવામાં ખૂબ જ મુક્ત અનુભવ થયો.'' મયંકે ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશીની પ્રશંસા કરી હતી. ■

# એશિઝ ટેસ્ટ ભારતમાં યોજવા માગે છે ઑસ્ટ્રેલિયા

મેલબર્નઃ આ વર્ષના અંતમાં ચેન્નઈમાં બિગ બેશ લીગનું આયોજન કર્યા પછી ક્રિકેટ ઓસ્ટ્રેલિયા ભવિષ્યમાં ભારતમાં એશિઝ ટેસ્ટનું આયોજન કરવાનું વિચારી રહ્યું છે. જોકે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ચીફ એક્ઝિક્યુટિવ ટોડ ગ્રીનબર્ગે હાલમાં કોઈપણ યોજનાનો ઇનકાર કર્યો હતો. ઓસ્ટ્રેલિયા ડિસેમ્બરમાં ચેન્નઈમાં બિગ બેશ લીગની પહેલી મેચનું આયોજન કરશે.

ગ્રીનબર્ગે કહ્યું હતું કે, ''અમારા ઇંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ અને બીસીસીઆઈ સાથે મજબૂત સંબંધો છે. સ્પષ્ટપણે કેટલાક અન્ય ક્ષેત્રોમાં ભારતમાં વધુ કન્ટેન્ટ લાવવાની જરૂર છે. હાલમાં કોઈ યોજના નથી પરંતુ તેના પર વિચાર કરી શકાય છે. ભારત, ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ ટીમ હજુ પણ ખૂબ મજબૂત છે. અમે તેને વધુ મજબૂત બનાવવા માટે કામ કરવાનું ચાલુ રાખીશું.''

ગ્રીનબર્ગે એમ પણ કહ્યું કે વ્યસ્ત ક્રિકેટ શેડ્યૂલ આ પ્રસ્તાવની વચ્ચે આવી શકે છે જેના માટે ત્રણેય સંસ્થાઓ વચ્ચે નોંધપાત્ર આયોજન સંબંધિત સંકલનની જરૂર પડશે. ■

# ભારતમાં ફૉર્મ્યુલા-વન રેસની વાપસીની તૈયારી

નવી દિલ્હીઃ રમતગમત મંત્રાલયે ફેડરેશન ઓફ મોટર સ્પોર્ટ્સ ક્લબ્સ ઓફ ઈન્ડિયા (એફએમએસસીઆઈ) ને નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન (એનએસએફ) તરીકે અસ્થાયી રીતે માન્યતા આપી છે, જે ફૉર્મ્યુલાવન રેસિંગને ભારતમાં પરત લાવવા માટે સરકાર સાથે કામ કરી રહેલી સંસ્થા છે. સરકાર ફૉર્મ્યુલાવનને ભારતમાં પરત લાવવા માટે પ્રયાસ કરી રહી છે અને આ પગલું મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. તે બંને સંસ્થાઓ વચ્ચે વધુ સારા સંકલનને પ્રોત્સાહન આપશે. એફએમએસસીઆઈએ આ વર્ષે ૧૧ જૂને માન્યતા માટે અરજી કરી હતી.

રમતગમત મંત્રાલયે ૨૩ જુલાઈના રોજ જાહેર કરાયેલા એક નિર્દેશમાં જણાવ્યું હતું કે, ''નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન (એનએસએફ) તરીકે અસ્થાયી માન્યતા માટે એફએમએસસીઆઈની વિનંતી પર વિચાર કર્યા પછી આ પત્ર જાહેર થયાની તારીખથી એફએમએસસીઆઈને એનએસએફ તરીકે અસ્થાયી રીતે માન્યતા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.''

મંત્રાલયે અરિંદમ ઘોષની અધ્યક્ષતા હેઠળના ચેન્નઈ સ્થિત એફએમએસસીઆઈને નેશનલ સ્પોર્ટ્સ એડમિનિસ્ટ્રેશન એક્ટ, ૨૦૨૫ અને તેની જોગવાઈઓ અનુસાર નિર્ધારિત સમયમર્યાદામાં તેના બંધારણમાં સુધારો કરવા જણાવ્યું છે.

૧૯૭૧માં રચાયેલી સંસ્થાને માન્યતા આપવા માટે સરકારે રાષ્ટ્રીય રમતગમત ફેડરેશનનો દરજ્જો પ્રાપ્ત કરવા માટે જરૂરી રાજ્ય એકમોની લઘુતમ સંખ્યા સંબંધિત કેટલાક માપદંડો હળવા કર્યા છે. મંત્રાલયે એમ પણ જણાવ્યું છે કે જો સંસ્થા નાણાકીય અખંડિતતા, ડોપિંગ વિરોધી પગલાં, શાસન માળખું અથવા અન્ય પરિબળો અંગેના તેના માર્ગદર્શિકાનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો તે તેની માન્યતા રદ કરશે. ■

# આઇએસએસએફ વર્લ્ડ કપઃ શૂટર સંયમનું શાનદાર પ્રદર્શન, ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં જીત્યો સિલ્વર મેડલ

હાંગઝોઉઃ ભારતીય મહિલા શૂટર સંયમે આઈએસએસએફ વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણીએ મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ મેડલથી વર્લ્ડ કપમાં ભારતનું ખાતું ખૂલ્યું હતું. સંયમે કુલ ૨૪૩.૪ સ્કોર સાથે મેડલ જીત્યો હતો. આ સંયમનો તેના કરિયરનો બીજો આઈએસએસએફ વર્લ્ડ કપ મેડલ છે. ક્વૉલિફિકેશન રાઉન્ડમાં તેનો સ્કોર ૫૭૯ હતો.

તેણીએ દિલ્હીમાં નેશનલ સિલેક્શન ટ્રાયલ્સમાં ૧૦ મીટર એર પિસ્તોલ ટ્રાયલ ટુમાં ૨૪૩.૧ સ્કોર કર્યો હતો. ચંડીગઢ શૂટર પહેલાથી જ જૂનિયર વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીતી ચૂકી છે. ભારતની સુરુચી ઇન્દર સિંહ પણ આઠ મહિલાની ફાઇનલમાં પહોંચી અને ૧૩૭.૬ પોઇન્ટ સાથે સાતમા સ્થાને રહી હતી. ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકરે ક્વૉલિફિકેશનમાં ૫૮૨ પોઇન્ટ મેળવ્યા હતા. તે આરપીઓ (માત્ર રેન્કિંગ પોઈન્ટ્સ) હેઠળ રમી રહી હતી. ઈશા સિંહ ૧૩મા ક્રમે રહી હતી, જ્યારે લક્ષિતાએ આરપીઓ હેઠળ ૫૭૨ પોઇન્ટ મેળવ્યા હતા. ■

# અમેરિકી ટૅરિફ અને પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ વચ્ચે ઈક્વિટી માર્કેટમાં સતત પાંચમાં સત્રમાં પીછેહઠ, સેન્સેક્સમાં વધુ ૩૩૧ પૉઈન્ટનો ઘટાડો

## વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૮૯૨.૭૭ કરોડની ચોખ્ખી વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ વચ્ચે ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા તેજીના વલણને કારણે ફૂગાવામાં થનારા અપેક્ષિત વધારાની અને અમેરિકી ટૅરિફની નવેસરથી ઊભી થયેલી ચિંતા ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સતત પાંચમાં સત્રમાં ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાઈ રહ્યું હતું. આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ સત્ર દરમિયાન ૯૧૬.૯૬ પૉઈન્ટ ગબડ્યા બાદ અંતે ૩૩૧.૬૨ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બેન્ચમાર્ક નિફ્ટી સત્ર દરમિયાન ૨૬૩.૬૦ પૉઈન્ટ ઘટ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૦૨.૧૫ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં પાંચ સત્રમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૦૯૧.૬૮ પૉઈન્ટ અથવા તો ૨.૬૭ ટકાનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૫૬૬.૮૫ પૉઈન્ટ અથવા તો ૨.૩૨ ટકાનો કડાકો બોલાઈ ગયો છે.

વધુમાં એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૧,૧૨૩.૮૬ કરોડની ખરીદી સામે રૂ. ૧૫,૦૧૬.૬૩ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૩૮૯૨.૭૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, તેની સામે આજે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૮,૯૫૯.૪૩ કરોડની ખરીદી સામે રૂ. ૧૩,૫૦૫.૮૮ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૫૪૫૩.૫૫ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાથી બૅન્ચમાર્ક ઈન્ડેક્સમાં ઘટાડો મર્યાદિત માત્રામાં નોંધાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૬,૩૯૧.૩૯ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૫,૭૦૮.૧૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૫,૪૭૪.૪૩ અને ઉપરમાં ૭૬,૨૧૦.૯૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૩ ટકા અથવા તો ૩૩૧.૬૨ પૉઈન્ટ ઘટીને ૭૬,૦૫૯.૭૭ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૮૬૯.૬૦ના બંધ સામે ૨૩,૬૬૬.૩૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૩,૬૦૬.૩૦થી ૨૩,૮૨૩.૬૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૩ ટકા અથવા તો ૧૦૨.૧૫ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૩,૭૬૭.૪૫ના મથાળે બંધ રહ્યો હતો.




પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ ઉપરાંત ફરીથી અમેરિકી ટૅરિફની ચિંતા સપાટી પર આવતા સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે નરમાઈ આગળ ધપી હતી. જોકે, આજે ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી સાધારણ નરમાઈ જોવા મળી હોવા છતાં એશિયન બજારોમાં પણ પીછેહઠ જોવા મળી હોવાથી બજારને કળ નહોતી વળી, એમ એનરીચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું.

તે જ પ્રમાણે રેલિગેર બ્રોકિંગનાં સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું કે ભૂરાજકીય તણાવ, ક્રૂડતેલના વધતા ભાવ અને અમુક લાર્જકેપ કંપનીઓનાં પરિણામો નિરાશાજનક આવ્યા હોવાથી ભારે ચંચળતાને અંતે સતત પાંચમાં સત્રમાં બજારમાં પીછેહઠ જોવા મળી હતી. પશ્ચિમ એશિયાના તણાવને કારણે વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ફરી બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી કુદાવી જતાં ફુગાવામાં વધારો થવાની ભીતિ હેઠળ રોકાણકારોનું માનસ ખરડાયેલુ રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું. જોકે, આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે ક્રૂડતેલના ભાવ ગઈકાલના બંધ સામે ૩.૬૬ ટકા ઘટીને બેરલદીઠ ૯૬.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલની વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા વધારાની સ્થાનિક આર્થિક સ્થિતિ પર માઠી અસર પડે તેમ હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન બજારમાં નકારાત્મક વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે ભૂરાજકીય તણાવ ઉપરાંત અમેરિકામાં થતી આયાત સામે ટૅરિફની ચિંતા પણ સપાટી પર આવતા નિકાસલક્ષી અર્થતંત્રો પર માઠી અસર થવાની ભીતિને ધ્યાનમાં લેતા ટેક્નોલૉજી-હેવી માર્કેટો હવે ઊભરતી બજારો પર વિકેન્દ્રિત થાય તેવી શક્યતા જણાય છે.

આજે બીએસઈ ખાતે કુલ ૪૩૮૫ શૅરમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૯૯૯ શૅરના ભાવ વધીને, ૨૧૮૫ શૅરના ભાવ ઘટીને અને ૨૦૧ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ કુલ ૯૩ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૯૯ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૦ શૅરના ભાવ વધીને અને ૨૦ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ એચસીએલ ટેક્નોલૉજીમાં ૨.૦૮ ટકાનો વધારો થયો હતો. ત્યાર બાદ અનુક્રમે આઈટીસીમાં ૦.૭૮ ટકાનો, ટ્રેન્ટમાં ૦.૬૦ ટકાનો, ટીસીએસમાં ૦.૫૨ ટકાનો, એક્સિસ બૅન્કમાં ૦.૪૨ ટકાનો અને ટેક મહિન્દ્રામાં ૦.૪૧ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાય મુખ્ય ઘટનાર શૅરોમાં બજાજ ફાઈનાન્સમાં ૨.૫૮ ટકાનો, ઈટર્નલમાં ૨.૩૪ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૨.૧૦ ટકાનો, ભારતી એરટેલમાં ૧.૬૬ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૧.૧૫ ટકાનો અને ઈન્ફોસિસમાં ૧.૦૩ ટકાનો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ મિકેપ ઈન્ડેક્સ ૦.૪૬ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૦૮ ટકાના સુધારા સાથે બંધ રહ્યો હતો. તેમ જ આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં ઑટો ઈન્ડેક્સ ૦.૯૬ ટકા, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સ ૦.૯૦ ટકા, પાવર ઈન્ડેક્સ ૦.૬૭ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી અને ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સ ૦.૬૫ ટકા, રિઅલ્ટી ઈન્ડેક્સ૦.૫૪ ટકા, મેટલ ઈન્ડેક્સ૦.૫૦ ટકા અને એનર્જી ઈન્ડેક્સ ૦.૩૯ ટકા ઘટીને બંધ રહ્યો હતો, જ્યારે ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સ ૧.૩૦ ટકા, આઈટી ઈન્ડેક્સ ૦.૬૬ ટકા, પીએસયુ બૅન્ક ઈન્ડેક્સ ૦.૬૫ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્કસ ક્વૉલિટી ટિલ્ટ ઈન્ડેક્સ ૦.૪૬ ટકા, ઈન્સ્યોરન્સ ઈન્ડેક્સ ૦.૪૩ ટકા અને એફએમસીજી ઈન્ડેક્સ ૦.૨૦ ટકા વધીને બંધ રહ્યો હતો.

એશિયન બજારોમાં આજે દક્ષિણ કોરિયાના કોસ્પીમાં ૫.૭૨ ટકાનો કડાકો બોલાયો હતો. તેમ જ શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ નરમાઈના ટોને બંધ રહ્યા હતા. જોકે, યુરોપના બજારોમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સોનામાં ₹ ૮૨૪નો ઘટાડો, ચાંદી ₹ ૨૪૧ વધી

મુંબઈ: આજે વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો જોવા મળ્યો હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક ઝવેરી બજારમાં પાંખાં કામકાજો વચ્ચે બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૨૧થી ૮૨૪નો ઘટાડો આવ્યો હતો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૪૧નો ધીમો સુધારો આવ્યો હતો.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં મુખ્યત્વે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૪૧ના સાધારણ સુધારા સાથે રૂ. ૨,૨૨,૭૨૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકોની ચાંદીમાં નિરસ માગ રહી હતી. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૨૦ પૈસા સુધારો આવ્યો હોવાથી આયાત પડતરો ઘટવાથી હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૮૨૧ ઘટીને રૂ. ૧,૪૩,૨૦૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૨૪ ઘટીને રૂ. ૧,૪૩,૭૮૧ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં એક તબક્કે સોનાના ભાવમાં ૦.૬ ટકાનો ઘટાડો આવ્યા બાદ ક્રૂડતેલમાં પીછેહઠ નોંધાતા ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૪૦૬૧.૩૬ ડૉલર આસપાસ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ૪૦૬૩.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ પણ ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૫૮.૪૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ક્રૂડતેલના ભાવમાં ઘટાડા સાથે આજે સોનાના ભાવ નકારાત્મક ઝોનમાંથી સકારાત્મક ઝોનમાં આવ્યા હોવાનું યુબીએસનાં વિશ્લેષક જિઓવન્ની સ્ટૂનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદર જાળવી રાખશે અને સોનાના ભાવને એકાદ મહિના સુધી ટેકો મળશે. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે હુથીએ રાતા સમુદ્રમાં સઉદી અરેબિયાના તેલના બે ટેન્કર પર હુમલો કર્યો હોવાના અહેવાલ સાથે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ સાત ટકા ઉછળીને બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી કુદાવી ગયા હતા.

પરંતુ આજે વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી. અખાતી દેશો તરફથી ક્રૂડતેલનો પુરવઠો ખોરવાતા ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે અને ક્રૂડતેલના ભાવ વધતા ફુગાવામાં થનારા અપેક્ષિત વધારાને નાથવા માટે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ હેઠળ સોનાના ભાવ દબાણ હેઠળ આવી રહ્યા હોવાનું સૂત્રો જણાવે છે.

દરમિયાન ગઈકાલે યુરોપિયન સેન્ટ્રલ બૅન્કે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખવાની સાથે સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં વધારાની શક્યતા વ્યક્ત કરી હતી. જોકે, આજે આગામી સપ્ટેમ્બર મહિનામાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૮૦ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા હતા.

# રિઝર્વ બૅન્કના સંભવિત હસ્તક્ષેપ વચ્ચે ડૉલર સામે રૂપિયામાં ૨૦ પૈસાનો સુધારો

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ઈક્વિટીમાં બાહ્યપ્રવાહ, વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવે બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી કુદાવી હોવાના નિરુત્સાહી અહેવાલ છતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સંભવિતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસાના સુધારા સાથે ૯૬.૫૭ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૬.૭૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૬.૮૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૮૧ અને ઉપરમાં ૯૬.૩૦ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૬ પૈસાના સુધારા સાથે ૯૬.૫૭ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે હુથીએ રાતા સમુદ્રમાં સઉદી અરેબિયાના તેલના બે ટેન્કર પર હુમલો કર્યો હોવાના અહેવાલ સાથે ક્રૂડતેલના ભાવે ૧૦૦ ડૉલરની સપાટી કુદાવતા ડૉલર સામે રૂપિયો ૨૦ પૈસા નબળો પડ્યો હતો.

એકંદરે આજે વૈશ્વિક બજારોના પ્રતિકૂળ અહેવાલો છતાં રિઝર્વ બૅન્કે રૂપિયાના ધોવાણને ખાળવા માટે બજારમાં હસ્તક્ષેપ કર્યો હોવાના અહેવાલ તેમ જ અમુક જાહેર ક્ષેત્રની બૅન્કોએ ડૉલરમાં વેચાણ કર્યું હોવાથી રૂપિયામાં સુધારો જોવા મળ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રૅટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવતાં ઉમેર્યું હતું કે આગામી સપ્તાહે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો જોવા મળે તો રૂપિયાને સ્થિરિતામાં ટેકો મળશે.

વધુમાં મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું કે અમેરિકા અને ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવને કારણે ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાયેલું રહેશે. તેમ છતાં બન્ને દેશો વચ્ચે રાજદ્વારી સ્તરે વાટાઘાટોના કોઈ નિર્દેશ મળે તો રૂપિયામાં તીવ્ર સુધારો આવી શકે છે. અમારા મતે આગામી સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૯૬.૩૦થી ૯૬.૮૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના વધ્યા મથાળેથી સાધારણ ૦.૦૬ ટકા ઘટીને ૧૦૧.૩૮ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધ્યા મથાળેથી ૦.૨૫ ટકા ઘટીને બેરલદીઠ ૧૦૦.૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૩૩૧.૬૨ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૦૨.૧૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. આ ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૯૯૯.૨૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

# ખાંડમાં વધુ આઠથી 30નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રના ખાંડનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૩૩૦થી ૪૩૭૦માં થયા હોવાના નિર્દેશો હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં મથકો પરના નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં રૂ. આઠથી ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે ખપપૂરતી માગ અને મથકો પરના નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ના ઘટાડા સાથે રૂ. ૪૪૭૨થી ૪૫૬૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૭૨થી ૪૬૪૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૯૫થી ૪૪૩૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૭૫થી ૪૫૫૫માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# લીડ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ સિવાયની તમામ ધાતુઓમાં નફારૂપી વેચવાલીએ પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સતત ત્રણ સત્ર દરમિયાન ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યા બાદ આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની અમુક ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં પણ માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૩૭ સુધીનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી ખપપૂરતી રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૭ના ઘટાડા સાથે રૂ. ૫૩૪૪ના મથાળે અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૮૪૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની વેચવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૩૧૭, કોપર સ્ક્રેપ હેવી અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને અનુક્રમે રૂ. ૧૩૦૮ અને રૂ. ૧૨૯૮, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૨૯૮, રૂ. ૧૨૧૩ અને રૂ. ૯૩૦, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૬૯૩, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૩૪૮ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૩૮૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૧૦ અને રૂ. ૨૦૮ના મથાળે ટકેલા રહ્યા હતા.

# ફરતા માલની ખેંચ વચ્ચે દેશી-આયાતી તેલમાં આગેકૂચ

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૧ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૩ રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક સ્તરે ખાસ કરીને આયાતી તેલમાં ફરતા માલની ખેંચ વચ્ચે દેશી-આયાતી તેલમાં આગેકૂચ જળવાઈ રહી હતી. જેમાં ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. ૧૦ અને સોયા રિફાઈન્ડ તથા સન રિફાઈન્ડમાં રૂ. પાંચ વધી આવ્યા હતા. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપાર છૂટાછવાયા રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૫, જુલાઈ અને ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦ અને ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૭૬૫, પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૫, ગોલ્ડન એગ્રીના ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫, રિલાયન્સ કન્ઝ્યુમરના ઑક્ટોબર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૩૦ અને ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૫૧૦ અને જી-વનના રેડી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો ગોઠવાયાના અહેવાલ હતા. આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૭૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૯૦૦ ગૂણી મગફળીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે હાજરમાં સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૬૧૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૫૦માં થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની ૪૫,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૭૧૦૦થી ૭૩૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૨૭૫થી ૭૩૫૦માં થયા હતા.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૫, સિંગતેલના રૂ. ૧૭૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૬૦ અને સરસવના રૂ. ૧૭૬૦ની સપાટીએ રહ્યા હતા.

# નાણાકીય વર્ષ ૨૦૨૭માં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં ૧૦થી ૧૨ ટકા વધારાની શક્યતાઃ ઈન્ડિયા રેટિંગ્સ

નવી દિલ્હી: દેશમાં ઈલેક્ટ્રિક વાહનોના ક્ષેત્રનું નોંધપાત્ર સ્તરે વિસ્તરણ થઈ રહ્યું છે અને ગત નાણાકીય વર્ષમાં ખાસ કરીને ઈલેક્ટ્રિક દ્વિચક્રી વાહનોની વેચાણ વૃદ્ધિને ટેકે કુલ ૮.૫ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી અને આ વર્ષે પણ વેચાણમાં ૧૦થી ૧૨ ટકાની વૃદ્ધિ જોવા મળે તેવી શક્યતા અગ્રણી રેટિંગ એજન્સી ઈન્ડિયા રેટિંગ્સે વ્યક્ત કરી છે. એજન્સીના મતાનુસાર ઈલેક્ટ્રિફિકેશનનું અર્થશાસ્ત્ર આકર્ષક હોવાને કારણે ઈલેક્ટ્રિક વાહનોની સ્વીકૃતિ મજબૂત રહેશે. ઓછો ઓપરેટિંગ ખર્ચ, ઘરમાં ચાર્જિંગના વિકલ્પો અને વર્તમાન ઑટો ઉત્પાદકો તરફથી વધી રહેલા ઉત્પાદનના અથવા તો મૉડૅલોના પોર્ટફોલિયોને ધ્યાનમાં લેતાં ગત નાણાકીય વર્ષમાં દ્વિચક્રી વાહનોની સ્વીકૃતિ જે ૬.૬ ટકા હતી તે વર્તમાન નાણાકીય વર્ષમાં વધીને આઠ ટકા આસપાસ રહેવાનો અંદાજ ઈક્રાએ મૂક્યો છે.

તે જ પ્રમાણે ઈલેક્ટ્રિક ત્રિચક્રી વાહનોમાં પણ વેપારી ધોરણના ઓપરેટરો માટેના ઈલેક્ટ્રિક વાહનોમાં આર્થિક પોસાણક્ષમ ઓપરેટિંગ ખર્ચ અને સરકારી ટેકો જળવાઈ રહેતાં સ્વીકૃતિનો દર જે આગલા નાણાકીય વર્ષમાં ૫૯ ટકા હતો તે વધીને ૬૨થી ૬૫ ટકા રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. જોકે, લાંબા અંતરના મોબિલિટી સેગ્મેન્ટમાં ઈલેક્ટ્રિફિકેશન અંગે એજન્સીએ જણાવ્યું હતું કે આ સેગ્મેન્ટમાં પ્રગતિ વધુ મક્કમ ગતિએ થશે. કેમ કે ગ્રાહકો ઉચ્ચ સંપાદન ખર્ચ, ચાર્જિંગ માટેના એક્સેસ અને ડ્રાઈવિંગની રેન્જની આકારણી અથવા તો મૂલ્યાંકન કરવાનું ચાલુ રાખશે. તેમ છતાં ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનો નાના આધાર (બેઝ)થી મજબૂત વૃદ્ધિ દર્શાવે તેવી શક્યતા છે. ઉત્પાદકો દ્વારા નવાં મૉડૅલોની રજૂઆતને ટેકે ગત નાણાકીય વર્ષમાં ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોની સ્વીકૃતિ જે ૪.૪ ટકા હતી તેની સામે વર્તમાન નાણાકીય વર્ષમાં છથી આઠ ટકા આસપાસની જોવા મળી શકે છે.

વધુમાં એજન્સીના મતાનુસાર ઊંચી આવક ધરાવતા અને શહેરી વિસ્તારોમાં સ્વીકૃતિ કેન્દ્ર સ્થાને રહેવાની અપેક્ષા છે. તેમ જ ગત સાલ ઈ-બસની સ્વીકૃતિનો દર જે ૪.૩૭ ટકા હતો તે વર્તમાન નાણાકીય વર્ષમાં ખાસ કરીને મજબૂત ઓર્ડરબૂક અને સરકારી ખરીદી કાર્યક્રમોને ટેકે વધીને છ ટકા આસપાસ રહેશે. જોકે, રાજ્ય પરિવહન ઉપક્રમોમાં ઈલેક્ટ્રિક બસોનાં ડિપ્લોયમેન્ટની માળખાકીય તૈયારી પર અવલંબિત રહેશે.

# અમદાવાદમાં વરસાદ ધીમો પડ્યો, પણ જનજીવન પ્રભાવિત, તંત્ર કામે લાગ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૨૩ અને ૨૪મી જુલાઈએ પડેલા વરસાદને કારણે જનજીવન પર વ્યાપક અસર પડી હતી. શુક્રવારે એટલે કે ૨૪મી જુલાઈએ વહેલી સવારથી વરસાદ શરૂ થયો હતો, પરંતુ દિવસ દરમિયાન ગતિ ઘણી જ ધીમી પડતા તંત્ર અને લોકોએ થોડી રાહત અનુભવી હતી. જોકે ગુરુવારે પડેલા અનરાધાર વરસાદની અસર શુક્રવારે પણ જનજીવન પર વ્યાપકપણે જોવા મળી હતી અને સ્થાનિક મનપા સહિતની સરકારી એજન્સીઓ બચવા કામગીરી અને સ્થિતિને પૂર્વવત કરવાની કામગીરીમાં વ્યસ્ત થયા હતા. અમદાવાદ સહિત ગુજરાતમાં ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈને આજે (શનિવાર) શહેરની તમામ શાળા-કોલેજો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે, જ્યારે અમદાવાદ મહાનગર પાલિકા સંચાલિત આંગણવાડીઓ ૨૭ જુલાઈ સુધી બંધ રહેશે. વરસાદી પાણીના અસરકારક વ્યવસ્થાપન માટે પૂર્વ ઝોનના ૩૭ તળાવોમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવી રહ્યો છે. મનપાના ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ ચોવીસ કલાક કાર્યરત રહી છેલ્લા બે દિવસમાં મળેલા ૧૩૨ ઇમરજન્સી કોલ પર ત્વરિત પ્રતિસાદ આપ્યો હતો, જ્યારે ઝાડ પડવાની ૧૬૬ ફરિયાદોનો સ્થળ પર જ નિકાલ કરી માર્ગો તાત્કાલિક ખુલ્લા કરાયા હોવાનો દાવો તંત્રએ કર્યો હતો. ગુરુ-શુક્રવારે પણ શહેરમાં







વરસાદને કારણે અનેક વિસ્તારો પાણીમાં ગરાકાવ થઈ ગયા હતા. થલતેજના મલાવ તળાવ વિસ્તારમાં લોકોના ઘરોમાં ઘૂંટણસમાં પાણી ભરાયા હતા, જ્યારે પારસનગરમાં રિડેવલપમેન્ટ હેઠળની એક સોસાયટીની સેફ્ટી વોલ ધોધમાર વરસાદના કારણે ધસી પડી હતી. કર્ણાવતી ક્લબ પાછળના વિસ્તારના બંગલાઓમાં કેડસમાં પાણી ભરાતાં ફાયરની ગાડી પણ ફસાઈ ગઈ હતી, જેને બહાર કાઢવા જેસીબીની મદદ લેવી પડી હતી. પાણી ભરાવાના કારણે દૂધના વાહનો કેટલાક વિસ્તારોમાં પહોંચી ન શકતાં લાખો અમદાવાદીઓની સવાર બગડી હતી અને દુકાનોમાં પણ પાણી ભરાતાં દૂધ-બ્રેડ જેવી ચીજોની તંગી સર્જાઈ હતી, જેના પગલે લોકોએ દૂધ પાર્લર અને ડેરી પર લાંબી લાઈનો લગાવી હતી. કરોડોના બંગલા ધરાવતા બોપલ સહિતના અનેક વિસ્તારો પાર્ક વિસ્તાર પણ પાણી-પાણી થઈ જતાં ત્યાંના રહેવાસીઓને બહાર કાઢવા આર્મીની ૫ ટ્રક ટીમ બોટ સાથે ઉતારવી પડી હતી. શહેરના વેજલપુર વિસ્તારમાં પણ દર વર્ષની જેમ તમામ રોડ-રસ્તા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને ત્યાંના શ્રી નંદનગરમાં પાણી ભરાવાથી હજારો લોકોને અસર પહોંચી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું, જેમને બચાવવા બે બોટ અને લાઇફ જેકેટ સાથે ૫૦થી વધુ આર્મી જવાનો મેદાનમાં ઉતર્યા હતા. આ ઉપરાંત નહેરુનગર નજીક સહજાનંદ કોલેજ રોડ પર પાંજરાપોળ ચાર રસ્તાથી નહેરુનગર તરફ જતા મુખ્ય માર્ગ પર બીઆરટીએસ ટ્રેક નજીક મોટો ભુવો પડતાં મ્યુનિસિપલ કોર્પોરેશને સલામતી માટે બેરિકેટ લગાવ્યા હતા. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલો નિકોલનો સંગાથ ચાર રસ્તા પણ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો, અને છેલ્લા ૫ વર્ષથી અહીં સતત ૨૪ કલાકથી પાણી ભરાયેલા રહેવાની સમસ્યાને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. શહેરમાં વરસાદ બાદ આરોગ્ય સુરક્ષાના ભાગરૂપે મનપા દ્વારા પાણીજન્ય રોગો અટકાવવા ૭૧,૪૩૧ ક્લોરીન ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું અને મોબાઇલ મેડિકલ ટીમોને સતત કાર્યરત રાખવામાં આવી હોવાનું જણાવ્યું હતું. અંદાજે બાદ ૪૬ હજારથી વધુ ઘરોની તપાસ કરીને અત્યાર સુધીમાં ૧,૭૮૪ ક્લોરીન ટેસ્ટ કરાયા હોવાનું તંત્રએ જણાવ્યું હતું. આ સાથે ૨૪×૭ મોબાઇલ મેડિકલ વાન અને આરોગ્ય ટીમો સક્રિય કરાઈ હતી અને ૪,૯૯૩ દર્દીઓને સ્થળ પર અને આરોગ્ય કેન્દ્રોમાં સારવાર આપવામાં આવી હતી. મેલેરિયા વિભાગે ૪૬,૪૦૬ મકાનો અને ૧.૧૨ લાખથી વધુ પાણીના પાત્રોની તપાસ કરી હતી. મચ્છરજન્ય રોગો અટકાવવા ૧૩,૯૯૪ મકાનોમાં ફોગિંગ, ૧૯૯ લિટર એમએલઓનો ઉપયોગ તથા વિવિધ સ્થળોએ બીટીઆઈ સહિતની ટ્રીટમેન્ટ કરવામાં આવી હતી. વરસાદગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહતરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં ૭,૩૦૦ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે વાહનવ્યવહાર રાબેતામુજબ થાય તે માટે રસ્તા પરથી પાણીનો નિકાલ તેમ જ પડી ગયેલા વૃક્ષોનો નિકાલ કરવામાં આવ્યો હતો. શુક્રવારે એએમટીએસ અને બીઆરટીએસની બસોએ પણ રાબેતામુજબનું સંચાલન શરૂ કરી દીધું હતું. જોકે લોકોના ઘરોમા અને સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયેલા તેનો નિકાસ સંપૂર્ણપણે થયો ન હોવાની ફરિયાદો થઈ હતી. આ સાથે જ અમદાવાદ જિલ્લામાં પણ તંત્રએ યુદ્ધના ધોરણે રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી હતી. ધોળકાના ભગલપુર-લીલજપુર સ્થિત ડૉ. બી.આર. આંબેડકર કન્યા છાત્રાલયમાંથી ૪૫ કન્યા અને ૨ સ્ટાફ સભ્યોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા, જ્યારે વિરમગામના જોગમાયાનગર વિસ્તારમાં ફસાયેલા આશરે ૧૫૦ નાગરિકોને પોલીસની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. સાણંદના મોડાસર ગામમાં પ્રસુતિની નજીકના દિવસો ધરાવતી સગર્ભા મહિલાને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર એમ્બ્યુલન્સ મારફત સાણંદ ખાતે રિફર કરાઈ હતી, જ્યારે ધોળકાની એક સોસાયટીમાં ફસાયેલા નાગરિકોને રેસ્ક્યૂ બોટની મદદથી બહાર કઢાયા હતા.

વિરમગામના ફૂલવાડી વિસ્તારમાં પણ ફસાયેલી ગર્ભવતી મહિલા અને નાના બાળકોનું સફળ રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. બાવળાના ગેલપ્સ ઈન્ડસ્ટ્રિયલ પાર્કમાં વિવિધ કંપનીઓના પ્લાન્ટમાં ફસાયેલા લોકોને બચાવવા એસડીઆરએફની ટીમે બોટ મારફતે ત્વરિત કામગીરી હાથ ધરી હતી. આ ઉપરાંત સાણંદ-બાવળા હાઇવે પર ડિવાઈડર સુધી પાણી ભરાઈ જતાં માર્ગ અને મકાન વિભાગે જેસીબીની મદદથી ડિવાઈડર તોડી પાણીના ઝડપી નિકાલની કામગીરી કરી હતી, જેનાથી વાહનવ્યવહારને પુન સામાન્ય બનાવી શકાય. ■

## મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અતિવૃષ્ટિગ્રસ્ત બોપલ વિસ્તારની મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે સવારે અતિવૃષ્ટિગ્રસ્ત બોપલ વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમની સાથે આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલ તથા અમદાવાદ શહેરના મેયર હિતેશભાઈ બારોટ પણ જોડાયા હતા. ભારે વરસાદને કારણે બોપલ વિસ્તારમાં સર્જાયેલી જળબંબાકારની સ્થિતિનું ભૂપેન્દ્ર પટેલે સ્થળ પર પહોંચી નિરીક્ષણ કર્યું હતું અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તેમણે પોતે પાણીમાં ઊતરીને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ કર્યો હતો. ભુપેન્દ્ર પટેલે આરોગ્ય પ્રધાન



ઋષિકેશ પટેલ, અમદાવાદના મેયર હિતેશ બારોટ તેમજ રાજ્ય સરકાર અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે સ્થળ પર જ મુલાકાત કરીને વરસાદી પાણીના નિકાલ, રાહત તથા બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે આંબલી અને ઘુમા વિસ્તારની પણ મુલકાત લીધી હતી. જનજીવન જેમ બને તેમ ઝડપથી સામાન્ય થાય તે માટે તાકીદના પગલાં લેવાની સૂચના તેમણે અધિકારીઓને આપી હતી. તેમણે રાહત અને બચાવ કામગીરીને વધુ ઝડપી બનાવવા તેમજ જરૂરી માનવબળ, સાધનો અને વ્યવસ્થાઓ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવા અધિકારીઓને સ્થળ પર જ સૂચનાઓ આપી હતી. ■

## પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્ય માટે આર્મીનું ગોલ્ડન કતાર ડિવિઝન જોડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ ચાલુ હોવાથી, પૂરગ્રસ્ત જિલ્લાઓ વલસાડ, નવસારી અને અમદાવાદ શહેર અને ગ્રામીણ વિસ્તારોમાં ભારતીય સેનાના ગોલ્ડન કટાર ડિવિઝનની ટીમ તહેનાત કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર સેનાનીતેમની પૂર રાહત ટીમો વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં ફસાયેલા રહેવાસીઓને બચાવવા, આવશ્યક સહાય પૂરી પાડવાનું કામ કરી રહી છે.

ગોલ્ડન કટાર ડિવિઝન, જે સત્તાવાર રીતે ૧૧મા પાયદળ ડિવિઝન (ઈન્ફટ્રી) તરીકે ઓળખાય છે, તે ભારતીય સેનાની એક વિશિષ્ટ પાંખ જેનું મુખ્ય મથક અમદાવાદમાં છે. તે સધર્ન કમાન્ડના કોર્પ્સ હેઠળ કામ કરે છે અને ચાલુ પૂર રાહત અને બચાવ કામગીરીમાં મનપાના અધિકારીઓને મદદ કરવાનું કામ તેઓ કરે છે. ■

## વરસાદી આફતો વચ્ચે અમદાવાદ મેટ્રો બની વરદાન, એક જ દિવસમાં ૧.૭૫ લાખ પ્રવાસીએ કરી મુસાફરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુરુવારે શહેરમાં ભારે વરસાદ પડ્યો હતો અને અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી રોડ ટ્રાફિક ભારે ખોરવાઈ ગયો હતો. ટ્રાફિક જામ અને ધીમી ગતિએ ચાલતા વાહનો વચ્ચે, મોટી સંખ્યામાં મુસાફરોએ અમદાવાદ મેટ્રો રેલની મુસાફરી પસંદ કરી હતી. સામાન્ય દિવસની સરખામણીમાં મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો

અમદાવાદ મેટ્રો રેલ દરરોજ ૩૯૭ અપ અને ડાઉન ટ્રીપ ચલાવે છે. ગુરુવારે શહેરમાં ભારે વરસાદને કારણે રોડ ટ્રાન્સપોર્ટેશનને ભારે અસર થઈ હતી. જેના કારણે લગભગ ૧.૭૫ લાખ મુસાફરોએ મેટ્રો રેલનો લાભ ઉઠાવ્યો હતો. ટુ વ્હીલર અને ફોર વ્હીલર ચાલકોને પોતાન વાહનો રસ્તા પર મૂકવાની ફરજ પડી હતી. એએમટીએસ અને બીઆરટીએસની સેવા પણ ઘણી ધીમી હતી અને અમુક રૂટસ રદ કરવા આવ્યા હતા. આથી મેટ્રો મુસાફરો માટે વરદાન સાબિત થઈ હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, આજે સવારે ૬ થી સાંજે ૮ વાગ્યા દરમિયાન શહેરમાં સરેરાશ ૮ ઇંચ વરસાદ પડ્યો હતો. શહેરના ઘણા ભાગોમાં ભારે વરસાદ પડ્યો હતો, જેમાં દક્ષિણ પશ્ચિમ ઝોન, બોપલ, બાકરોલ, સરખેજ, જોધપુર અને અન્ય વિસ્તારોનો સમાવેશ થાય છે, તેમાં સૌથી વધુ ૩૨૦.૨૯ મીમી (૧૨.૬ ઇંચ) સરેરાશ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને કારણે ઘણા મુખ્ય રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે સમગ્ર શહેરમાં દિવસભર ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. લોકોએ પાંચથી દસ કિલોમીટર પાણીમાં ચાલવાની ફરજ પડી હતી. રસ્તા પર ઝાડ પડી ગયા હોવાને કારણે અને પાણી ભરાઈ ગયા હોવાને કારણે ટ્રાફિક જામ સર્જાયો હતો. જે રૂટ અડધી કલાકમાં પૂરો થતો હોય તેને પસાર કરતા લગભગ બે કલાકથી પણ વધારે સમય લાગી ગયો હતો.

## નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ પૂરગ્રસ્ત વલસાડની મુલાકાતની લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ વલસાડ જિલ્લામાં પૂરની પરિસ્થિતિને પગલે ભારે તારાજી સર્જાતા નાયબ મુખ્ય પ્રધાન હર્ષભાઈ સંઘવી ગુરુવારે મોડી રાત્રે વલસાડની મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લામાં પૂરની સ્થિતિ દરમિયાન વહીવટી તંત્ર દ્વારા થયેલી કામગીરી અને વર્તમાન સ્થિત અંગે સમીક્ષા કરી હતી. આ બેઠકમાં રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નર્માણ વિભાગના પ્રધાન કનુભાઈ દેસાઈ હાજર રહ્યા હતા.

જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાને ગુરૂવારના રોજ જિલ્લામાં અને ખાસ કરીને ઉમરગામમાં એક જ દિવસમાં ઈતિહાસમાં સૌથી વધુ ૧૦૬૪ મી.મી. એટલે કે, ૪૨.૫૬ ઈંચ પડવા અંગે અને સિઝનનો સૌથી વધુ વરસાદ કપરાડા તાલુકામાં ૨૫૬૬ મી.મી. એટલે કે, ૧૦૨.૬૪ ઈંચ પડવા અંગે માહિતી આપી હતી. ધોધમાર વરસાદ અને મધુબન ડેમમાંથી પાણી છોડવામાં આવતા નદીઓ બંને કાંઠે વહી હતી. જેને પગલે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા એક જ દિવસમાં ૧૨,૩૭૬ લોકોને સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરવામાં જિલ્લા વહીવટી તંત્રએ સફળતા મેળવી હતી. આ તબક્કે



સંઘવીએ ખાસ ઉલ્લેખ કરતા જણાવ્યું કે, મોટી દુર્ઘટના કે પછી એક પણ મૃત્યુ વિના તમામ લોકોને સલામત રીતે સ્થળાંતર કરવાની અને રેસ્કયુ કરવાની પડકારજનક કામગીરી ટીમ વલસાડે સુપેરે નિભાવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, નીચાણવાળા વિસ્તારમાં પૂરના પાણી ઓસરતા સૌથી મોટી અને મહત્વની કામગીરી હવે સાફ સફાઈ અને દરેક નાગરિકના સ્વાસ્થ્યની દરકાર લેવાની રહેશે. સાફ સફાઈ માટે જરૂરી મેન પાવર અને જેસીબી તેમજ ટ્રક સહિતની સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ સિવાય પાલિકાને વધારાના હંગામી સ્ટાફ રોકી યુધ્ધના ધોરણે સફાઈ કરી ગંદકીના થર ઉલેચવા માટે માર્ગદર્શન આપ્યું હતું. આ દરમિયાન ઉમરગામ વિસ્તારમાં પણ સાફ સફાઈ અંગે વિશેષ ભાર મુકયો હતો. પાલિકા દ્વારા ડોર ટુ ડોર કચરાનો નિકાલ કરવામાં આવે અને જ્યાં અસરગ્રસ્ત વિસ્તાર વધુ હોય ત્યાં આરોગ્ય ચેકઅપ માટે કેમ્પ લગવવા માટે તેમણે જણાવ્યું હતું. રોગચાળો ન ફેલાય તે માટે ઘર વખરીનો તમામ સામાન અને સડેલા અનાજનો જથ્થો સુવ્યવસ્થિ ઢબે નિકાલ કરવા માટે જણાવ્યું હતું.

પાણી ઓસર્યા બાદ પૂર અસરગ્રસ્તોને ત્વરિત કેશડોલ્સ અને રાશનની કીટ મળી રહે તેવી વ્યવસ્થા તાત્કાલિક ધોરણે ગોઠવવા માટે તંત્રને આદેશ કર્યા હતા. આ કામગીરીમાં કોઈ પણ દૂર ગામનો છેવાડાનો વ્યકિત સહાયથી વંચિત ન રહી જાય તેનું ખાસ ધ્યાન રાખવા જણાવ્યું હતું.

હર્ષ ભાઈ સંઘવીએ ભારે વરસાદને કારણે ટ્રેનો રદ્દ થતા વલસાડ રેલવે સ્ટેશન પર અટવાયેલા મુસાફરોની મુલાકાત કરી તેઓ સાથે આત્મીયતા ભર્યો સંવાદ કર્યો હતો. આ સાથે જ સ્ટેશન માસ્ટર સાથે વાતચીત કરતા સ્ટેશન માસ્ટરે મુંબઈ તરફની લાઈન ચાલુ થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું. વલસાડ ડાંગના સાંસદ ધવલભાઈ પટેલે વલસાડ સ્ટેશન પર અટવાયેલા યાત્રીઓને ફૂડ પેકેટ આપવામાં આવ્યા હોવાની માહિતી આપી હતી. ત્યારબાદ સંઘવીએ વલસાડના છીપવાડ અને ઔરંગા નદીના પુલ પર પહોંચી પાણીના પ્રવાહનું નિરીક્ષણ કર્યું હતું, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. ■

## વરસાદને કારણે રાજયના ૧,૧૦૯ માર્ગો બંધ, હજારોને સ્થળાંતર કરી બચાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ઘણા ભાગોમાં છેલ્લા ઘણા દિવસોથી મેઘમહેર જોવા મળી રહી છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૭૮.૮૮ મીમી વરસાદ નોંધાયો હતો, જેના પરિણામે અહીં અત્યાર સુધીમાં કુલ ૧,૧૩૬ મીમી વરસાદ થઈ ચૂક્યો છે, જે ૧૯૯૬-૨૦૨૫ના ૧,૫૪૨ મીમીના સરેરાશ વરસાદના ૭૩.૬૭ ટકા જેટલો છે. સૌરાષ્ટ્રમાં સરેરાશ ૭૬૨ મીમી સામે અત્યાર સુધીમાં ૨૯૪.૮૦ મીમી એટલે કે ૩૮.૬૮ ટકા અને પૂર્વ મધ્ય ગુજરાતમાં ૮૧૯ મીમીની સરેરાશ સામે ૨૯૪.૩૭ મીમી એટલે કે ૩૫.૯૪ ટકા વરસાદ નોંધાયો છે. ઉત્તર ગુજરાતમાં ૭૩૦ મીમીની સરેરાશ સામે માત્ર ૧૬૧.૭૭ મીમી (૨૨.૧૫ ટકા) અને કચ્છમાં તો ૫૦૦ મીમીની સરેરાશ સામે માત્ર ૩૧.૬૦ મીમી એટલે કે ફક્ત ૬.૩૨ ટકા જ વરસાદ થયો છે.

રાજ્યની એકંદર સરેરાશ જોઈએ તો ૯૦૯ મીમીની સામાન્ય સરેરાશ સામે અત્યાર સુધીમાં ૪૧૬.૬૫ મીમી વરસાદ નોંધાયો છે, જે કુલ સરેરાશ વરસાદના ૪૫.૮૪ ટકા જેટલો છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩૦,૭૩૬ લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, જ્યારે ૩,૦૨૧ લોકોનું રેસ્ક્યૂ કરીને બચાવી લેવામાં આવ્યા હતા. વલસાડમાં ૪, નવસારીમાં ૩, સુરત અને અમદાવાદમાં ૨, કચ્છ, દેવભૂમિ દ્વારકા,જૂનાગઢ, અમરેલી, બનાસકાંઠામાં એક-એક મળીને કુલ ૧૭ ની ટીમ તૈનાત રાખવામાં આવી છે. જ્યારે સુરતમાં ૫, વલસાડમાં ૪, નવસારીમાં ૩, પંચમહાલ,તાપી, અને અમદાવાદમાં ૨, વડોદરામાં ૧, પાટણ, રાજકોટ, આણંદ, બનાસકાંઠા, ભરૂચ, છોટા ઉદેપુર, ગીર સોમનાથ, જામનગર, જૂનાગઢ, મહોસાગર,મોરબી, નર્મદામાં ૧-૧ મળીને કુલ ૩૧ ની ટીમ તૈનાત કરવામાં આવી છે.

રાજ્યમાં ભારે વરસાદને કારણે વીજ વ્યવસ્થાને મોટા પાયે નુકસાન થયું હતું. અહેવાલ અનુસાર, કુલ ૪,૨૮૦ ગામોમાં વીજ પુરવઠાને અસર પહોંચી હતી, જે પૈકી ૩,૯૯૯ ગામોમાં વીજ પુરવઠો પુનસ્થાપિત કરી દેવાયો હતો. જ્યારે ૨૮૧ ગામોમાં હજુ પણ કામગીરી બાકી હતી. કુલ ૮,૬૯૮ ફીડરોને અસર થઈ હતી, જેમાંથી ૭,૭૮૧ ફીડર રિપેર કરી દેવાયા હતા અને ૯૧૭ ફીડર હજુ પેન્ડિંગ હોવાનું જણાવ્યું હતું. છેલ્લા ૨૪ કલાક દરમિયાન વધુ ૮૭૮ ગામોમાં નવેસરથી વીજ પુરવઠાને અસર થઈ હતી, જે પૈકી ૫૯૭ ગામોમાં વીજ પુરવઠો પુનસ્થાપિત કરવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

રાજ્યમાં ભારે વરસાદને કારણે અનેક માર્ગો પ્રભાવિત થયા હતા. કુલ ૧,૧૦૯ માર્ગો બંધ હાલતમાં છે, જેમાં ૩૪ સ્ટેટ હાઈવે, ૩૮ અન્ય માર્ગ, ૧,૦૨૬ પંચાયત માર્ગ અને ૮ નેશનલ હાઈવેનો સમાવેશ થાય છે. સૌથી વધુ અસર વલસાડ જિલ્લામાં થઈ હતી, જ્યાં કુલ ૪૦૯ માર્ગો બંધ હતા, જ્યારે નવસારીમાં ૨૪૭ અને સુરતમાં ૧૮૨ માર્ગો બંધ હાલતમાં હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત સુરેન્દ્રનગરમાં ૨૯, અમદાવાદમાં ૩૦ અને તાપીમાં ૧૩૯ માર્ગો પણ બંધ થયા હતા. અગાઉની સ્થિતિએ કુલ ૧,૨૨૬ માર્ગો બંધ હતા, જે પૈકી અત્યાર સુધીમાં ૧૭૬ માર્ગો પુન શરૂ કરવામાં આવ્યા હતા, જ્યારે નવેસરથી ૫૯ માર્ગો બંધ થતાં હાલમાં કુલ ૧,૧૦૯ માર્ગો બંધ હોવાનું તંત્રએ જણાવ્યું હતું. ■

## ડિજિટલ એરેસ્ટ સાયબર પોલીસ અને બેંકકર્મીએ વયસ્ક દંપતીનું પચીસ તોલા સોનું બચાવ્યું

અમદાવાદઃ ડિજિટલ એરેસ્ટનો ભોગ વ્યસ્ક લોકો વધારે બનતા હોય છે ત્યારે સાબરકાંઠા સાયબર ક્રાઈમ પોલીસે એક સરાહનીય કામ કર્યું હતું. તેમણે એક વૃદ્ધ દંપતીને ડિજિટલ અરેસ્ટની હેરાનગતિથી સમયસર બચાવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સાયબર ગુનેગારોએ વૃદ્ધ દંપતીને ખોટી રીતે જાણ કરી હતી કે પતિ (રસિકભાઈ મોદી) ના આધાર-લિંક્ડ સિમ કાર્ડનો ઉપયોગ નરેશ ગોયલ તરીકે ઓળખાતા વ્યક્તિ સાથેના નાણાકીય છેત્તરપિંડીમાં કરવામાં આવ્યો છે. પીડિતોને ડરાવવા માટે, છેત્તરપિંડી કરનારાઓએ તેમને ત્રણ દિવસ સુધી સતત વિડિયો કોલ દ્વારા ડિજિટલ અરેસ્ટ હેઠળ રાખ્યા હતા. તેમણે પીડિતોને ૨૫ તોલા સોનાને સોનાના બારમાં ઓગાળીને ૨ લાખની ફિક્સ ડિપોઝિટ તોડીને માંગણી કરેલી રકમની વ્યવસ્થા કરવા સૂચના આપી હતી અને કાનૂની ડર બતાવ્યો હતો. વૃદ્ધ દંપતી જ્યારે નાણાની વ્યવસ્થા કરવા માટે બેંકની શાખામાં ગયા ત્યારે એક સતર્ક બેંક કર્મચારીને તેમના ડરી ગયેલા અને વ્યથિત ચહેરા અને વ્યવહાર પર શંકા ગઈ હતી અને તેમણે સાબરકાંઠા પોલીસને જાણ કરી હતી. સાયબરકાંઠા સાયબર ક્રાઈમે પણ એક ક્ષણ બગાડ્યા વિના ટીમને બેંક ખાતે રવાના કરી હતી. અને દંપતીનું કાઉન્સેલિંગ કર્યું હતું. સાયબર પોલીસે તેમને ખાતરી આપી હતી કે તેઓ સાયબર કૌભાંડનો ભોગ બન્યા છે. દંપતીને પોલીસની ખાતરી પર વિશ્વાસ આવ્યો હતો. આ રીતે સાયબર ક્રાઈમ સેલ અને બેંક કર્મચારીની સતર્કતાએ દંપતીનું ૨૫ તોલા જેટલું સોનું અને એફડી બચાવ્યા હતા. ■

## વરસતા વરસાદમાં અમદાવાદ જિલ્લામાં બે સગર્ભાથી સફળ પ્રસૂતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લામાં વરસી રહેલા ભારે વરસાદ વચ્ચે બે નવજાત ફૂલો ખીલ્યાં છે. જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગના કર્મયોગીઓની સમયોચિત પ્રતિક્રિયાથી વહેલાલના કુબડથલ તેમજ માંડલની મહિલાઓને સુરક્ષિત પ્રસૂતિ કરાવવામાં આવી હતી. જેના પરિણામે બંને માતાઓએ સ્વસ્થ બાળકોને જન્મ આપ્યો છે. પ્રથમ ઘટનામાં, વહેલાલના કુબડથલ ગામનાં ૨૩ વર્ષીય દક્ષાબેન ચુનારાને મધ્યરાત્રિએ અચાનક પ્રસૂતિની પીડા ઉપડતાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક પી.એચ.સી. વહેલાલ ખાતે લઈ જવાયાં હતાં. આ કઠીન પરિસ્થિતિમાં પણ આરોગ્ય કર્મચારીઓ દ્વારા મોડી રાત્રે પોણા ચાર વાગ્યે તેમની સફળ પ્રસૂતિ કરાવવામાં આવી હતી. દક્ષાબેને ત્રણ કિલો વજનના સ્વસ્થ બાળક (પુત્ર)ને જન્મ આપ્યો છે. આવી જ અન્ય એક ઘટનામાં, માંડલ તાલુકાના જ્યોત્સનાબેન અજીતભાઈ ઠાકોરને પ્રસૂતિની પીડા ઉપડતાં માંડલની કૃષ્ણા હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યાં હતાં. જ્યાં તબીબો અને આરોગ્ય કર્મચારીઓની સતત દેખરેખ હેઠળ તેમની સામાન્ય પ્રસૂતિ કરાવવામાં આવી હતી. જ્યોત્સનાબેને ૨.૩ કિલો વજન ધરાવતા સ્વસ્થ પુત્રને જન્મ આપ્યો છે. વરસાદના કારણે ઊભી થયેલી સ્થિતિ વચ્ચે સમયસર આરોગ્ય સેવાઓ મળી રહેતા પરિવારે જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય ટીમનો આભાર માન્યો હતો. ■

## નવસારીમાં વાયરલ વીડિયોએ 30 જણના જીવ બચાવ્યા, તંત્રએ એરલિફ્ટ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વરસાદી આફતના મારા વચ્ચે ફસાયેલા લોકો અને તંત્ર માટે ટેક્નોલોજી મદદે આવી છે. હેલ્પલાઈન અને અન્ય સુવિધાઓ વચ્ચે સોશિયલ મીડિયાએ પણ તંત્ર અને જરૂરિયાતવાળા લોકો વચ્ચે સેતુ જેવુ કામ કર્યું છે. આવા જ એક કિસ્સામાં સોશિયલ મીડિયાને કારણે પૂરગ્રસ્ત વિસ્તારમાં ફસાયેલા લોકોને તંત્રએ એરલિફ્ટ કર્યા હતા. સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ભાટ ગામમાં ઝીંગા તળાવમાં ફસાયેલા ૩૦ થી વધુ લોકોને ભારતીય કોસ્ટ ગાર્ડના હેલિકોપ્ટરની મદદથી એરલિફ્ટ કરીને સલામત સ્થળે પહોંચાડવામાં આવ્યા હતા. ગુરુવારે અંબિકા નદીમાં પાણીનું સ્તર ઝડપથી વધી જતાં આ લોકો ફસાઈ ગયા હતા. ફસાયેલા લોકોએ મદદ માટે અપીલ કરતો એક વીડિયો રેકોર્ડ કર્યો હતો, જે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. ગુજરાત પોલીસે તાત્કાલિક આ પોસ્ટની નોંધ લીધી અને સંબંધિત અધિકારીઓને જાણ કરી હતી. જિલ્લા વહીવટીતંત્ર, ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ, ભારતીય કોસ્ટ ગાર્ડ અને અન્ય એજન્સીઓએ સાથે મળી શુક્રવારે એરલિફ્ટ ઓપરેશન દ્વારા ફસાયેલા તમામ લોકોને સફળતાપૂર્વક બચાવવામાં આવ્યા હતા. ગુજરાત પોલીસની જીપી સ્મેશ (સોશિયલ મીડિયા મોનિટરિંગ, એનાલિસિસ અને સપોર્ટ હબ) ટીમ રાજ્યભરમાં ૨૪×૭ એલર્ટ મોડમાં કાર્યરત છે. અત્યાર સુધીમાં, ટીમે ૧૫ થી વધુ સોશિયલ મીડિયા પોસ્ટ્સ પર કાર્યવાહી કરી છે જેમાં લોકોએ મદદની અપીલ કરી હોય. ત્યારબાદ તે સંબંધિત જિલ્લા અધિકારીઓ સાથે ચોક્કસ લોકેશન વિગતો શેર કરવામાં આવી છે અને ચાલુ રાહત અને બચાવ કામગીરી કરવામા આવી છે. ■